PRIGI.NO. GJGUJ/26/A2124

# દ્રષ્ટિકોણ જનવાણી

સોમવાર

તા.૨૮/૦૯/૨૦૨૬

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Year- 01 | Issue-178 | Editor - Gajera Divya | Date: 28 September-2026 Monday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani09@gmail.com | Mo. 96876 77873

## ૨૮ દિવસની ઝંઝટ ખતમ, હવે આખા ૩૦ દિવસ ચાલશે રિચાર્જ



**નવી દિલ્હી,** ભારતીય ટેલિકોમ ગ્રાહકો માટે એક ખૂબ જ સારા સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકાર અને ભારતીય દૂરસંચાર નિયામક પ્રાધિકરણ (TRAI) એ દેશના કરોડો પ્રીપેડ મોબાઈલ ગ્રાહકોને મોટી રાહત આપતા 'ટેલિકોમ કન્ઝ્યુમર પ્રોટેક્શન (૧૩મો સુધારો) નિયમ, ૨૦૨૬' જાહેર કરી દીધા છે. આ નવા સુધારાનો મુખ્ય હેતુ મોબાઈલ કંપનીઓ દ્વારા આપવામાં આવતી રિચાર્જ યોજનાઓને વધુ પારદર્શી, ગ્રાહક-અનુકૂળ અને સસ્તા બનાવવાનો છે. નવા નિયમો લાગુ થયા પછી હવે મોબાઈલ ગ્રાહકોને પોતાની જરૂરિયાત અને બજેટ મુજબ Recharge પસંદ કરવાની વધુ આઝાદી મળશે. છેલ્લા ઘણા સમયથી ટેલિકોમ કંપનીઓ સામાન્ય રીતે ૨૮ દિવસની વેલિડિટી વાળા પ્લાન ઓફર કરતી હતી. આના કારણે ગ્રાહકોને એક વર્ષમાં (૩૬૫ દિવસમાં) ૧૨ ની જગ્યાએ ૧૩ વાર રિચાર્જ કરાવવું પડતું હતું, જેનાથી તેમના પર વધારાનો નાણાકીય બોજ પડતો હતો. સરકારના આ નવા નિયમ હેઠળ હવે કંપનીઓ માટે પૂરા ૩૦ દિવસની સ્પષ્ટ વેલિડિટી વાળા રિચાર્જ પ્લાન રજૂ કરવાનું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. આનાથી ગ્રાહકોને દર મહિને એક જ તારીખે રિચાર્જ કરવાની સુવિધા મળશે અને તેમણે વર્ષમાં માત્ર ૧૨ વાર જ પેમેન્ટ કરવું પડશે. આ પગલાથી સામાન્ય ગ્રાહકના નાણાંની સીધી બચત થશે.

આ નીતિગત ફેરફારનો બીજો સૌથી મોટો ફાયદો એ ગ્રાહકોને થશે, જેઓ ઈન્ટરનેટ કે ડેટાનો ઉપયોગ નથી કરતા. નવા સુધારાઓ અનુસાર, ટેલિકોમ કંપનીઓએ માત્ર 'વોઈસ કોલ અને SMS' વાળા ખાસ પ્લાન પણ રજૂ કરવા પડશે.અત્યાર સુધી જે ગ્રાહકોને માત્ર વાત કરવા માટે ફોનની જરૂર હતી, તેમણે પણ મજબૂરીમાં ડેટાવાળા મોંઘા પ્લાન લેવા પડતા હતા. હવે વડીલો, ગ્રામીણ વિસ્તારોના લોકો અને ઓછા બજેટવાળા ગ્રાહકોને ધ્યાનમાં રાખીને આ વિકલ્પ આપવામાં આવ્યો છે.

# આજનું ભારત આતંકવાદનો જડબાતોડ જવાબ આપે છે



### મન કી બાતમાં બોલ્યા વડાપ્રધાન મોદીઃ મોદીએ સર્જિકલ સ્ટ્રાઈક, ગુજરાતના સોમનાથ મંદિર સ્વાભિમાન યાત્રા, મોઢેરાના સૂર્યમંદિર, જાતિ આધારિત વસ્તી ગણતરી સહીતના મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો

**નવી દિલ્હી,** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા દેશને સંબોધિત કર્યા. કાર્યક્રમના ૧૩૮મા એપિસોડમાં, વડાપ્રધાન મોદીએ સર્જિકલ સ્ટ્રાઈક અને જાતિ આધારિત વસ્તી ગણતરી જેવા અનેક મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આવતીકાલે, ૨૮ સપ્ટેમ્બરે, સર્જિકલ સ્ટ્રાઈકની ૧૦મી વર્ષગાંઠ છે. ભારત હવે એવું ભારત નથી રહ્યું; આતંકવાદનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. અગાઉ, શ્રેણીબદ્ધ વિસ્ફોટો સામાન્ય બાબત હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આજનું ભારત આતંકવાદ સહન કરી શકતું નથી. અમે આતંકવાદ સામે 'ઝીરો-ટોલરન્સ' (શૂન્ય સહનશીલતા) નીતિ અપનાવી છે.

'મન કી બાત'ના ૧૩૮મા એપિસોડમાં, વડાપ્રધાન મોદીએ બાલાકોટ એર સ્ટ્રાઈકનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે ૧૦ વર્ષ પહેલાં, ૨૮-૨૯ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ, આતંકવાદ સામે સરહદ પાર આપણી સેનાએ જે બહાદુરી બતાવી હતી તેનાથી વિશ્વ આશ્ચર્યચકિત થઈ ગયું હતું. સર્જિકલ સ્ટ્રાઈકે સમગ્ર વિશ્વ સમક્ષ ભારતની આતંકવાદ-વિરોધી નીતિનું એક નવું ઉદાહરણ હિંમતપૂર્વક રજૂ કર્યું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા એક દાયકામાં, બાલાકોટ એર સ્ટ્રાઈકથી લઈને 'ઓપરેશન સિંદૂર' સુધી, ભારતે વારંવાર સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જો આતંકવાદીઓ ભારત પર હુમલો કરવાની હિંમત કરશે, તો તેમને જડબાતોડ જવાબ આપવામાં આવશે. આજે ભારત આતંકવાદ સામે 'ઝીરો-ટોલરન્સ' નીતિ અપનાવી રહ્યું છે અને આપણે તેના પરિણામો જોઈ રહ્યા છીએ.

સ્મોદીએ દેશના જૂના સમયને યાદ કરતાં કહ્યું, "એક સમય હતો જ્યારે ભારતમાં સિરિયલ બ્લાસ્ટ થવા સામાન્ય વાત બની ગઈ હતી. સપ્ટેમ્બરના આ મહિનામાં એટલે કે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ દિલ્હીમાં થયેલા સિરિયલ બ્લાસ્ટમાં અનેક નિર્દોષ લોકો માર્યા ગયા હતા. તેના થોડા અઠવાડિયા બાદ જ મુંબઈમાં ૨૬/૧૧નો આટલો મોટો હુમલો થયો હતો."

તેમણે કહ્યું કે અગાઉ દરેક આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન સામે કાર્યવાહી કરવાની માંગ થતી હતી, પરંતુ તેના પર એટલું ધ્યાન આપવામાં આવતું નહોતું અને સમય પસાર થવાની રાહ જોવામાં આવતી હતી.



## ભારતનું અર્થતંત્ર લગાવશે લાંબી છલાંગ : નાણામંત્રી

**નવી દિલ્હી, તા.૨૭**

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામણે ભારતની અર્થવ્યવસ્થાને લઈને મોટો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે ભારત ૧૦%થી વધુ આર્થિક વિકાસ દર હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે. આ માટે ટેક્નોલોજી, ઈનોવેશન અને અર્થતંત્રના જુદા જુદા ક્ષેત્રોમાં નવી ટેકનોલોજીને ઝડપથી અપનાવવી જરૂરી રહેશે.સીતારામણે કહ્યું કે, ભારતની આર્થિક ક્ષમતા વધારવામાં ટેક્નોલોજી અને ઈનોવેશનની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે. તેમણે ૨૦૧૫ પછી દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વિસ્તારનો પણ ઉલ્લેખ કર્યો. તેમના મતે, નવી ટેકનોલોજીનો ઉપયોગ માત્ર IT ક્ષેત્ર પૂરતો સીમિત ન રહેવો જોઈએ, પરંતુ કૃષિ સહિતના અન્ય ક્ષેત્રોમાં પણ તેનો વિસ્તાર થવો જોઈએ.નાણાં મંત્રીએ કૃષિ ક્ષેત્રમાં ટેક્નોલોજીના ઉપયોગને પણ અત્યંત મહત્વપૂર્ણ ગણાવ્યો. આધુનિક ટેકનોલોજી દ્વારા ખેતીની ઉત્પાદકતા વધારવા અને ખેડૂતોની આવક સંબંધિત તકો સુધારવાની ક્ષમતા રહેલી છે.

## પાલતૂ પ્રાણીને રસ્તા પર છોડી દેશો તો થશે ૨૫,૦૦૦ નો દંડ

**ચેન્નઈ,** એવા ઘણા કિસ્સા બનતા હોય છે જેમાં લોકો પોતાના પાલતુ પ્રાણીને અમુક સમય પછી રસ્તા પર છોડી અને જતા રહે છે. આ પ્રકારની ઘટનાઓ અટકે અને લોકો પોતાના પાલતુ કુતરા અને બિલાડીને રસ્તા પર ન છોડી દે તે માટે ગ્રેટર ચેન્નઈ કોર્પોરેશન એ નવો નિયમ લાગુ કર્યો છે.

રસ્તા પર પાલતુ પ્રાણીઓને છોડી દેવા પર માલિકને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. પાલતુ પ્રાણી રસ્તા પર મળશે તો તેના માલિકની ઓળખ માઈક્રોચીપ વડે કરવામાં આવશે. ગ્રેટર ચેન્નઈ કોર્પોરેશન એ આ નિયમ એવા સમયે લીધો છે જ્યારે નગર નિગમને એવી ફરિયાદો વધારે પ્રમાણમાં મળવા લાગી છે જેમાં લોકો પોતાના પાલતુ પ્રાણીને થોડા સમય પછી રસ્તા પર મૂકીને જતા રહે છે. ઘણા લોકો એવું કરતા હોય

**ગ્રેટર ચેન્નઈ કોર્પોરેશન એ આ નિયમ એવા સમયે લીધો છે જ્યારે નગર નિગમને ફરિયાદો વધારે પ્રમાણમાં મળવા લાગી છે**

છે કે ઘરમાં પેટ ડોગ કે કેટ લાવે થોડો સમય રાખે અને પછી જ્યારે તેને સાચવી શકાય તેવી સ્થિતિ ન હોય એટલે તેને રસ્તા પર છોડીને જતા રહે. આવી ઘટનાઓ અટકે તે માટે દંડની જોગવાઈ અમલમાં મૂકવામાં આવી છે.ચેન્નઈ કોર્પોરેશનના માઈક્રોચિપના નિયમથી એ જાણવું પણ સરળ થઈ જશે કે પાલતુ પ્રાણીઓને દર વર્ષે એન્ટિ રેબીઝ વેક્સિન લાગી રહી છે કે નહીં. શહેરમાં રહેતા અને પાલતુ પ્રાણી રાખતા દરેક વ્યક્તિએ તેના પ્રાણી માટે લાયસન્સ લેવું ફરજિયાત છે.

# UNSCની સ્થાયી બેઠક માટે ભારતને રશિયાએ ખુલ્લેઆમ આપ્યું સમર્થન

### સુરક્ષા પરિષદમાં ફેરફારને લઈને ઘણા દેશોએ વધુ પ્રતિનિધિત્વની જરૂરિયાત પર ભાર મૂક્યો છે

**મોસ્કો,** સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ એટલે કે UNSCમાં ભારતના સ્થાયી સભ્યપદની માગને રશિયાનું ખુલ્લું સમર્થન મળ્યું છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં કહ્યું કે, રશિયા ભારતની સાથે બ્રાઝિલની સ્થાયી બેઠકની દાવેદારીનું પણ સમર્થન કરે છે. સાથે જ તેમણે પશ્ચિમી દેશો માટે નવી સ્થાયી બેઠકો વધારવાનો વિરોધ કર્યો છે.

લાવરોવે કહ્યું કે UNSCમાં સુધારાનો હેતુ એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાની ભાગીદારી વધારવાનો હોવો જોઈએ. તેમણે ખાસ કરીને જર્મની અને જાપાનને નવી સ્થાયી બેઠક આપવાનો વિરોધ કર્યો છે. રશિયાનું કહેવું છે કે આ વિસ્તારોને પરિષદમાં પૂરતું સ્થાન મળ્યું નથી.

લાવરોવે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં કહ્યું કે, સુરક્ષા પરિષદમાં સુધારા હેઠળ પશ્ચિમી દેશો માટે વધારાની સ્થાયી બેઠકો ન હોવી જોઈએ. તેમણે જર્મની અને જાપાનનું નામ લઈને તેમની દાવેદારીનો વિરોધ કર્યો. તેના બદલે રશિયા એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાની વધુ ભાગીદારીના પક્ષમાં છે. લાવરોવે આ જ આધાર પર ભારત અને બ્રાઝિલના સ્થાયી સભ્યપદની દાવેદારીનું સમર્થન કર્યું છે. તેમણે એમ પણ કહ્યું કે UNSCમાં સુધારા દરમિયાન આફ્રિકા ખંડના હિતોને ધ્યાનમાં રાખવા જોઈએ.

UN મહાસભામાં ચાલી રહેલી વર્તમાન ચર્ચા દરમિયાન ભારતની દાવેદારીને અન્ય દેશોનું સમર્થન પણ મળ્યું છે. મોરિશિયસના વિદેશ મંત્રી ધનંજય રામફુલે G4 અને L69ના વલણનું સમર્થન કરતા ભારતના સ્થાયી સભ્યપદની દાવેદારીનું પુનરાવર્તન કર્યું છે.

બીજી તરફ, પોર્ટુગલે પણ UNSCમાં ફેરફારની જરૂરિયાત જણાવી હતી. ત્યાંના વડાપ્રધાન લુઈસ મોન્ટેનેગ્રોએ વધુ પ્રતિનિધિત્વ ધરાવતી સુરક્ષા પરિષદની વાત કરી હતી. તેમાં આફ્રિકા, બ્રાઝિલ અને ભારતને સ્થાયી પ્રતિનિધિત્વ આપવાના સમર્થનનો સમાવેશ થાય છે.

માર્શલ આઈલેન્ડ્સનાં રાષ્ટ્રપતિ હિલ્ડા હાઈનેએ કહ્યું કે તેમનો દેશ જાપાન અને તેના ૪જ ભાગીદારોને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સ્થાયી સભ્યપદ અપાવવાના સમર્થન પર લાંબા સમયથી કાયમ છે. બીજી તરફ, જાપાનનાં વડાપ્રધાન સનાએ તાકાઈચીએ સુરક્ષા પરિષદમાં ફેરફારની માગ કરી હતી. તેમણે કહ્યું કે વર્તમાન વૈશ્વિક સ્થિતિને દર્શાવવા માટે UNSCમાં ફેરફાર થવો જોઈએ. આ માટે તેમણે સ્થાયી અને બિન-સ્થાયી બંને પ્રકારની બેઠકોની સંખ્યા વધારવાની તરફેણ કરી હતી.

આફ્રિકન દેશો તરફથી પણ

## સજા માટે કૃત્યની અનૈતિકતા પુરતી નથી, પુરાવા પણ જરૂરી : સુપ્રીમ

**નવી દિલ્હી, તા.૨૭**

રેપના કેસમાં ૧૦ વર્ષની સજા પામેલાને છોડી મુકતી વખતે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે કોઇ કૃત્યની અનૈતિકતાના આધારે આરોપીને સજા ના આપી શકાય, કેમ કે તે પુરતુ નથી, જે આરોપો લાગ્યા હોય તેના પુરાવા હોવા પણ જરૂરી છે. સુપ્રીમે હાઈકોર્ટના ચુકાદાને રદ કરીને દોષિતને છોડી મુક્યો હતો.

રેપના કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા ૧૦ વર્ષની સજા અપાઇ હતી, જેને બાદમાં હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે સજાને યોગ્ય ઠેરવી હતી. તેથી આરોપી દ્વારા હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે આ સમગ્ર મામલામાં પીડિતોના નિવેદનોમાં વિરોધાભાસ જોવા મળી રહ્યો છે. સુપ્રીમે નોંધ્યું હતું કે ટ્રાયલ અને હાઈકોર્ટે નિર્ણયો લેવામાં ભુલ કરી છે. માત્ર કોઇ કૃત્ય અનૈતિક હોવાના આધાર પર જ આરોપીને સજા ના આપી શકાય. સજા આપવા માટે પુરાવા હોવા પણ એટલા જ જરૂરી છે.

# ચોમાસાની વિદાય ટાણે અર્નબ વાવાઝોડાનું તાંડવ

**નવી દિલ્હી,** Arnab Cyclone: બંગાળની ખાડીમાં ઉઠેલા અર્નબ વાવાઝોડાંએ હવે ઉત્તર પ્રદેશ, ઝારખંડ, ઉત્તરાખંડમાં મૂશળધાર વરસાદથી સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું. ઉત્તર પ્રદેશના ૬૩ જિલ્લામાં સામાન્ય કરતાં ૧૯ ગણો વરસાદ પડયો હતો. અનેક જિલ્લામાં વૃક્ષો, કાચી દિવાલો અને મકાનો તૂટી પડતાં ૪૨ લોકોનાં મોત નીપજ્યાં હતા જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા.

ઝારખંડમાં વંટોળિયા વરસાદથી નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા અને ટ્રાફિક વ્યવહાર ખોરવાઈ ગયો હતો. બિરસા મુંડા એરપોર્ટ પર છ ફ્લાઈટ રદ કરાઈ હતી. ઉત્તરાખંડમાં મૂશળધાર વરસાદના

### યુપીમાં ભારે વરસાદ વચ્ચે ૪૨નાં મોતઃ બંગાળની ખાડીમાં ઉઠેલા અર્નબ વાવાઝોડાંએ ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને ઉત્તરાખંડમાં તારાજી સર્જી છે

કારણે ફરી એક વખત ચારધામ યાત્રા સસ્પેન્ડ કરાઈ હતી.

અર્નબ વાવાઝોડું આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠા પર ત્રાટક્યા પછી શનિવારે છેક ઉત્તર પ્રદેશ સુધી તેની અસર જોવા મળી હતી. ઉત્તર પ્રદેશમાં મૂશળધાર વરસાદ ખાબક્યો હતો અને તોફાની પવન ફૂંકાયો હતો. અલગ અલગ જિલ્લાઓમાં વૃક્ષો, કાચી દિવાલો અને મકાન પડવાની ઘટનાઓમાં ૪૨ લોકોનાં મોત નીપજ્યાં હતા. અવધ ક્ષેત્રમાં ૨૩ લોકોએ જીવ ગુમાવ્યા હતા જ્યારે બુંદેલખંડ અને મધ્ય ઉત્તર પ્રદેશમાં આઠ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે.

ઉત્તર પ્રદેશના ૬૩ જિલ્લાઓમાં સામાન્યથી વધુ વરસાદ ખાબક્યો હતો. કેટલાક જિલ્લામાં ફ્લેશ ફ્લડનું જોખમ સર્જાયું હતું. મૂશળધાર વરસાદ, વાવાઝોડાં અને તિવ્ર પવન ફુંકાવાના કારણે ગ્રામીણ વિસ્તારોમાં ઊભા પાકને નુકસાન થયું હતું જ્યારે રાજ્યમાં કુલ ૧૦૦ થી વધુ ઘરોને નુકસાન થયું હતું. ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં સામાન્ય કરતાં ૧૯ ઘણો વધુ વરસાદ નોંધાયો હતો.

# મહુવા સુગરની ચુંટણીમાં ભારે ઉત્સાહ સાથે ૮૭.૨૪% મતદાન



### માનસિંહ પટેલ જૂથ તથા મોહન ધોડિયા જૂથના જીતના દાવા

**દ્રષ્ટિકોણ-બારડોલીઃ** સુરત જિલ્લા મા આવેલ મહુવા પ્રદેશ ખંડ ઉધ્યોગ મંડળી ની આજરોજ યોજાયેલી ૧૫ બેઠકો માટેની ચૂંટણી ના મતદાન ના અંતે મતદારો ના ભારે ઉત્સાહ વચ્ચે કુલ ૮૭.૨૪% મતદાન નોંધાયું હતું.

ભાજપ વિરુધ્ધ ભાજપ ના દિગ્ગજો વચ્ચે ના ચૂંટણી જંગ માં અનાવલ, નાગધરા, ઝેરવાવરા, ઉવા, મહુવા,રાનકુવા, વ્યારા, વાંસકુઈ, વાંકાનેર, વાલોડ, બારડોલી, વલવાડા,દેદવાસણ, મહુવરીયા, બાજીપુરા તથા બિન ઉત્પાદક મંડળી સભાસદ મળી કુલ ૧૬ ઝોન ના પ્રતિનિધિઓ ની નિમણૂક માટે યોજાયેલી ચૂંટણી માં કુલ ૭૦૪૧ મતદારો નોંધાયા હતા. આ પૂર્વે નાગધરા મહિલા અનામત બેઠક ઉપર વનિતા મુકુંદ પટેલ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. અન્ય ૧૫ બેઠકો ની ચૂંટણી માટે કુલ ૪૫ મતદારો ચૂંટણી જંગ માં ઊતરતા આજે કુલ ૮૭.૨૪% મતદાન સાથે તમામ નું ભાવિ મતપેટી માં સીલ થયું હતું.

આજે સવારથી વિવિધ મતદાન મથકો ઉપર મતદારો મોટી સંખ્યા માં ઉમટી પડતા સાંજના ૫ વાગ્યા સુધીમાં કુલ ૭૦૪૧ પૈકી ૬૧૪૩ મતદારો એ મતદાન કરતા કુલ ૮૭.૨૪ % મતદાન જણાયું હતું. ૨૨ મતદાન મથકો ઉપર મતદાન ની વ્યવસ્થા કરતા મતદાન ના અંતે કુલ મતદારો એ મતદાન નો હક્ક બજાવતા જંગી મતદાન નોંધાયુ હતું. તમામ સીલબંધ મતપેટીઓ કાછલ સરકારી કૉલેજ ખાતે સ્ટ્રોંગ રૂમ માં સીલ કરાઈ હતી.

ભાજપ વિરુધ્ધ ભાજપ ના ભારે રસાકસી ભર્યા ચૂંટણી જંગ માં મોટી સંખ્યા માં મતદારો ઉમટી પડતા મહુવા સુગર નું આગામી સુકાન કોના હાથ માં રહે છે તે જોવા આતુરતા જણાતા ચૂંટણી અધિકારી અને બારડોલી પ્રાંત,એસ ડી એમ રોશની પટેલ ની ઉપસ્થિતિ માં કાછલ સરકારી કૉલેજ ખાતે મતગણતરી યોજાશે. મહુવા પ્રદેશ માં સહકારી ક્ષેત્ર માં મોટું કદ ધરાવતા માજી સાંસદ માનસિંહ પટેલ ના સહકારી જીવન ની આખરી ચૂંટણી મનાતા અને વિરુધ્ધમાં ઉતરેલા ધારાસભ્ય મોહન ધોડિયા ના નેતૃત્વ ની આકરી કસોટી સમાન પરિણામ પ્રત્યે આતુરતા સેવાસી રહી છે.

## 'સુરતની જનતા દરેક પરિસ્થિતિમાં સેવા કાર્યમાં અગ્રેસર'

# ગણેશોત્સવમાં અનોખી સેવાઃ ૧૧૯ ગણેશ મંડપોમાં રક્તદાનથી ૬,૦૬૫ યુનિટ રક્ત એકત્ર

### ૧૨ દિવસના ગણેશ મહોત્સવ દરમિયાન ભક્તિ સાથે રક્તદાનનો સંકલ્પ; ૧૦ બ્લડ બેંકોના સહયોગથી મહાઅભિયાન

**સુરત,** પોતાની અનોખી દાન પરંપરા અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતા સુરત શહેરે આ વખતે ગણેશોત્સવ દરમિયાન ભક્તિ સાથે સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ૧૨ દિવસીય શ્રી ગણેશ મહોત્સવ દરમિયાન શહેરના વિવિધ ગણેશ મંડપો અને સોસાયટીઓમાં રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૧૧૯ ગણેશ મંડપો અને સોસાયટીઓમાં યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૬,૦૬૫ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું છે.હોસ્પિટલ અને બ્લડ બેંક્રોમાં રક્તની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ગણેશ મંડળો દ્વારા હાથ ધરવામાં આવેલું આ અભિયાન અનેક જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાયી સાબિત થશે. આ વિશાળ રક્તદાન અભિયાનને સફળ બનાવવા શહેરની ૧૦ જેટલી અગ્રણી બ્લડ બેંક્રોનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. રક્તદાન અભિયાનમાં લોકસમર્પણ રક્તદાન કેન્દ્ર દ્વારા સૌથી વધુ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. સંસ્થાએ કુલ ૩૦ શિબિરોના આયોજન દ્વારા ૧,૪૮૫ યુનિટ રક્ત એકત્રિત કર્યું હતું. જ્યારે કતારગામ સ્થિત કિરણ બ્લડ બેંક્ર દ્વારા ૨૪ શિબિરોમાં ૧,૪૫૫ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.



| બ્લડ બેંક | શિબિરો | એકત્રિત રક્ત |
|---|---|---|
| લોકસમર્પણ બ્લડ બેંક | ૩૦ | ૧,૪૮૫ યુનિટ |
| કિરણ બ્લડ બેંક | ૨૪ | ૧,૪૫૫ યુનિટ |
| સ્મીમેર બ્લડ બેંક | ૧૪ | ૮૦૦ યુનિટ |
| સુરત રક્તદાન કેન્દ્ર | ૧૬ | ૭૩૪ યુનિટ |
| સરદાર પટેલ બ્લડ બેંક | ૧૮ | ૬૫૦ યુનિટ |

# પોલીસની કામગીરી કાબિલે તારીફ, ચોકીમાં સફળ પ્રસુતિ કરાવી

## વતન જવા નીકળેલી સગર્ભાને પ્રસુતિની પીડા ઉપડી, કેસ ગંભીર લાગતાં પોલીસ દોડી વળી, હોટલોમાંથી ચાદર લાવી ચોકીને જાણે મેટરનિટી વોર્ડમાં ફેરવી, ડોકટરે પ્રસુતિ કરાવી, માતા-બાળક બંને સ્વસ્થ

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૭**

મધ્યપ્રદેશ વતન જવા નીકળેલી ઉધનાની એક સગર્ભાને રેલવે સ્ટેશન ખાતે જ પ્રસુતિની પીડા ઉપડી હતી અને હોસ્પિટલ પહોંચવા જેટલો પણ સમય ન હોવાથી પોલીસે સરાહનીય કામગીરી કરી પોલીસ ચોકીમાં જ સફળ પ્રસુતિ કરાવી હતી. માતા અને બાળક બંને સ્વસ્થ છે અને તેમને સ્મિમેર હોસ્પિટલ ખસેડાયા છે.

ઘટનાની પ્રાપ્ત વિગતો મુજબ મૂળ મધ્યપ્રદેશના જાંબુવાના વતની અને હાલ સુરતના ઉધના વિસ્તારમાં રહેતા અમલાબેન બળવંતભાઈ વસોનીયા ગર્ભાવસ્થાના અંતિમ દિવસોમાં વતન જવા માટે પતિ અને પોતાની માસૂમ દીકરી સાથે નીકળ્યા હતા. ૨૬ સપ્ટેમ્બરે બપોરે આશરે ૩:૨૦ વાગ્યાની આસપાસ તેઓ જ્યારે સુરત રેલવે સ્ટેશન પહોંચ્યા, ત્યારે અમલાબેનને અચાનક અસહ્ય પ્રસવપીડા ઉપડી હતી. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ કે તેઓ સ્ટેશન બહાર આવેલી ટ્રાફિક પોલીસ ચોકી નજીક જ ઢળી પડ્યા હતા.પત્નીને દર્દથી કણસતી જોઈ લાચાર બનેલા પતિ બળવંતભાઈએ ચોકી પર ફરજ બજાવતા ઈમ્જવાન પ્રવીણભાઈ ખતવાસેને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવા વિનંતી કરી હતી. જોકે, હોસ્પિટલ પહોંચવાનો સમય ન હોવાનું સમજીને પ્રવીણભાઈએ સમયસૂચકતા વાપરી તાત્કાલિક રેલવે હોસ્પિટલના મેડિકલ ઓફિસરને બોલાવવા દોટ મૂકી હતી. આ દરમિયાન અન્ય જવાનોએ મહિલાને સુરક્ષિત રીતે ટ્રાફિક ચોકીની અંદર ખસેડી લીધી હતી. પરિસ્થિતિની નાજુકતા સમજીને સાથી જવાન રાહુલ, મેહુલ, મિથુન અને પિન્ટુએ નજીકની હોટેલમાંથી ચાદરો લાવી ચોકીમાં ચારેય તરફ આડાશ ઊભી કરી દીધી હતી, જેથી ટ્રાફિક ચોકી ક્ષણભરમાં 'મેટરનિટી વોર્ડ'માં ફેરવાઈ ગઈ હતી.

ઘટનાસ્થળે પહોંચેલા રેલવે મેડિકલ ઓફિસર ડો. કૌશિક પટેલે પોતાની સૂઝબૂઝથી સફળ અને સામાન્ય પ્રસુતિ કરાવી હતી. તાણભર્યા વાતાવરણ વચ્ચે ચોકીમાં નવજાત બાળકીની કિલકારી ગૂંજી ઊઠતાં જ સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

સફળ ડિલિવરી બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે માતા અને નવજાત બાળકીને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ બંને સંપૂર્ણપણે સ્વસ્થ છે. ટ્રાફિક ડીસીપી પન્ના મોમાયા અને એસીપી સાહિલ ટંડેલના માર્ગદર્શન હેઠળ સુરત ટ્રાફિક પોલીસ અને ઈમ્જવાનો દ્વારા દાખવવામાં આવેલી આ ત્વરિત, સંવેદનશીલ અને સરાહનીય કામગીરીને ઉચ્ચ અધિકારીઓ સહિત સમગ્ર શહેરમાં બિરદાવવામાં આવી રહી છે.

# નેશનલ હાઈવે-૪૮ પર અકસ્માત, બાઈક સવાર મહિલાને ગંભીર ઈજા



**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરત-ભરૂચ તરફ જતા નેશનલ હાઈવે-૪૮ પર સાવા બ્રિજ ચઢતા અકસ્માતની ઘટના સામે આવી છે. રસ્તો ક્રોસ કરી રહેલા ત્રણ રાહદારીઓ સાથે બાઈક અથડાતા અકસ્માત સર્જાયો હતો.અકસ્મતમાં બાઈક પર સવાર વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. ખાસ કરીને બાઈકની પાછળ બેઠેલી મહિલાને ગંભીર ઈજા થતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે ખસેડવામાં આવી હતી.અકસ્માત બાદ રસ્તો ક્રોસ કરી રહેલા રાહદારીઓ સ્થળ પરથી ભાગી છૂટ્યા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાને લઈને ટ્રાફિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સ્વચ્છતા અભિયાન સાથે જમીન દફતર કર્મચારી મંડળનું આંદોલન ચાલુ



**દ્રષ્ટિકોણ-સુરત :** પ્રધાનમંત્રી સ્વચ્છતા સર્વેક્ષણ સપ્તાહ અંતર્ગત આજે સુરત વિભાગ જમીન દફતર કર્મચારી વર્ગ-૩ મંડળ દ્વારા બહુમાળી કેમ્પસ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન કર્મચારીઓ દ્વારા કેમ્પસની સફાઈ કરવામાં આવી હતી તેમજ પાર્કિંગ વિસ્તારમાં પીળી પટ્ટીની લાઈન દોરીને પાર્કિંગ વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં આવી હતી.

ત્યારબાદ કેમ્પસમાં આવેલા વૃક્ષોના થડ પર ઘેરુવા રંગ તથા ચૂનો કરીને વૃક્ષોની જાળવણી અને આવરદા વધારવા માટે પણ સરાહનીય કામગીરી કરવામાં આવી હતી. સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને સરકારી કચેરીના પરિસરને સુંદર તથા વ્યવસ્થિત રાખવા માટે કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી આ કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી.

બીજી તરફ, કર્મચારી મંડળની વિવિધ માંગણીઓ અંગે હજુ સુધી યોગ્ય નિર્ણય ન લેવાતા કર્મચારીઓ દ્વારા આંદોલન પણ ચાલુ રાખવામાં આવ્યું છે. માગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી રાજ્ય મંડળની આગેવાની હેઠળ ગાંધીચીંધ્યા માર્ગે હડતાળને આગળ વધારવા માટે સૂચના આપવામાં આવી હોવાનું કર્મચારી મંડળ તરફથી જણાવાયું છે.

કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓ અંગે સરકાર દ્વારા વહેલી તકે યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે.

# 'સ્વચ્છતા હી સેવા અભિયાન-૬.૦' અંતર્ગત ડુમસ સમુદ્રતટે સ્વચ્છતા અભિયાન



**દ્રષ્ટિકોણ-સુરત,** કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગો દ્વારા લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવાના હેતુથી તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૨ ઓક્ટોબર, ગાંધી જયંતી સુધી 'સ્વચ્છતા હી સેવા અભિયાન-૬.૦' ઝુંબેશ યોજાઈ રહી છે.

આ અભિયાન અંતર્ગત તા.૨૭ સપ્ટેમ્બરના વિશ્વ પ્રવાસન દિન નિમિત્તે 'સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર' શ્રૃંખલા હેઠળ આકાશવાણી, વિવિધભારતી, સુરતના કર્મયોગીઓ દ્વારા સુરતના સુપ્રસિદ્ધ પર્યટન સ્થળ ડુમસ સમુદ્રતટે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન કર્મયોગીઓએ ડુમસ બીચ પર શ્રમદાન કરી સમુદ્રતટ તથા આસપાસના વિસ્તારમાંથી કચરો એકત્રિત કરી સ્વચ્છતા જાળવવાનો સંદેશ આપ્યો હતો. પર્યટન સ્થળોની સ્વચ્છતા જાળવવી એ માત્ર વહીવટી તંત્રની જ નહીં, પરંતુ દરેક નાગરિક અને પ્રવાસીની સહિયારી જવાબદારી છે, તે અંગે પણ લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. વિશ્વ પ્રવાસન દિનના અવસરે યોજાયેલા આ સ્વચ્છતા અભિયાન દ્વારા 'સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર'નો સંદેશ જન-જન સુધી પહોંચાડવા સાથે પર્યટન સ્થળોને સ્વચ્છ અને સુંદર રાખવા માટે નાગરિકોને પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# સુરતના ભાઈચંદનગરમાં 'ગુજ્જુ લવ ગુરુ'ને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ

### સ્મૃતિસભામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા; દિવંગત સાથે જોડાયેલી યાદો વાગોળી સેવાકીય અને સામાજિક કાર્યોને યાદ કર્યા



**દ્રષ્ટિકોણ-સુરત :** સુરતના ભાઈચંદનગર વિસ્તારમાં 'ગુજ્જુ લવ ગુરુ'ના નિધન બાદ તેમના સ્મરણમાં ભાવભીની શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ દિવંગત આત્માને શ્રદ્ધાસુમન અર્પણ કરી તેમને યાદ કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોએ 'ગુજ્જુ લવ ગુરુ' સાથે જોડાયેલી યાદો વાગોળી હતી. તેમના સેવાકીય અને સામાજિક કાર્યોને યાદ કરી તેમના પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શોક અને ભાવુકતાનો માહોલ જોવા મળ્યો હતો. ભાઈચંદનગરમાં યોજાયેલી આ સ્મૃતિસભામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને દિવંગત આત્માને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

### વેડછા પાટિયામાં ૧૯ વર્ષીય યુવકનું સ્મીમેરમાં મોત

# સુરતમાં રોગચાળાએ ભરડો લીધો, ડેન્ગ્યુ યુવક-યુવતીને ભરખી ગયો

**પરવટ પાટિયામાં ૨૫ વર્ષીય યુવતીનું ખાનગી હોસ્પિટલમાં**

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરતમાં બીમારીના કારણે બે વ્યક્તિનાં મોત થયાની ઘટનાઓ સામે આવી છે. પરવટ પાટિયા વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષીય યુવતીનું તબિયત લથડતાં ખાનગી હોસ્પિટલમાં મોત થયું હતું. જ્યારે વેડછા પાટિયા વિસ્તારમાં રહેતા ૧૯ વર્ષીય નું યુવકનું બીમાર હાલતમાં સ્મીમેર હોસ્પિટલમાં મોત થયું હતું. બંનેના કિસ્સામાં ડેન્ગ્યુનો રિપોર્ટ પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ અમરેલીની વતની ૨૫ વર્ષીય કાજલ કરશન ડાભી પરવટ પાટિયા ખાતે આવેલા સુમન સંગીની આવાસમાં રહેતી હતી. તેને છેલ્લા એક સપ્તાહથી તાવ આવતો હતો અને ડેન્ગ્યુનો રિપોર્ટ આવ્યો હતો. ગત બપોરે ઘરે તેની તબિયત લથડતાં ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં તેનું મોત થયું હતું. તેના પિતા ખેતીકામ કરે છે. પરિવારમાં બે બહેનો અને એક ભાઈ છે.બીજી ઘટનામાં મૂળ બિહારનો વતની ૧૯ વર્ષીય સૂરજ સોની યાદવ વેડછા પાટિયા વિસ્તારમાં આવેલા આવિષ્કાર ટેક્સામાં રહેતો હતો અને એમ્બ્રોઈડરી કામ કરતો હતો. તેને છેલ્લા એક સપ્તાહથી બીમારી હતી અને બે દિવસ પહેલાં તેનો ડેન્ગ્યુ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ગત સાંજે બીમાર હાલતમાં તેને સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. તેના માતા-પિતા અને પત્ની વતન બિહારમાં રહે છે.બંને યુવાઓનાં મોતથી તેમના પરિવારોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

# પલસાણા નજીક NH-48 પર બોલેરો પીકઅપ અને ઈનોવા કાર વચ્ચે અકસ્માત





**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરત જિલ્લામાં પલસાણા નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે-૪૮ પર અકસ્માતની ઘટના સામે આવી છે. પલસાણાની સંસ્કાર સ્કૂલ નજીક કટ પાસે બોલેરો પીકઅપ વાન અને ઈનોવા કાર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો.પ્રાથમિક માહિતી મુજબ બોલેરો પીકઅપ વાનનો ચાલક રસ્તો ક્રોસ કરી રહ્યો હતો, તે દરમિયાન અમદાવાદ તરફથી મુંબઈ તરફ જઈ રહેલી ઈનોવા કાર સાથે પીકઅપ વાન અથડાઈ હતી. અકસ્માતમાં ઈનોવા કારમાં સવાર સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો તેમજ પીકઅપ વાનના ચાલકને ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની જાણ થતાં જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

અકસ્મતને પગલે NH-48 પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે ભારે જહેમત બાદ અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તા પરથી હટાવી ટ્રાફિક વ્યવસ્થા પૂર્વવત કરી હતી.

# બોમ્બે માર્કેટના આવાસમાં યુવકનો પ્રેમપ્રકરણમાં આપઘાત

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરતના બોમ્બે માર્કેટ નજીક આવેલા ઈડબલ્યુએસ આવાસમાં રહેતા ૧૯ વર્ષીય યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.આ બનાવ પાછળ પ્રેમ પ્રકરણ કારણભૂત હોવાની શક્યતા છે. મૂળ ભાવનગરનો વતની ૧૯ વર્ષીય મૃતક અર્જુન પ્રતાપ સોલંકી બોમ્બે માર્કેટ સ્થિત ઈડબલ્યુએસ આવાસમાં રહેતો હતો. તે ધોરણ ૧૨માં એક્સટર્નલ અભ્યાસ કરતો હતો, તેને પરિવારમાં બે બહેનો અને એક ભાઈ છે. અર્જુને ગત રાત્રે પોતાના ઘરે બારીની એંગલ સાથે દોરી બાંધી ફાંસો ખાધો હતો. તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. યુવકના મોત પાછળ પ્રેમ પ્રકરણની શક્યતા હોવાની ચર્ચા છે, પોલીસે બનાવ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી યુવકના મોત પાછળના કારણો જાણવા તપાસ શરૂ કરી છે.

# બોરીવલી-વલસાડ મેમુને સુરત સુધી દોડાવવાની માંગ



**દ્રષ્ટિકોણ-સુરતઃ** વલસાડથી સુરત વચ્ચે છેલ્લા છ વર્ષથી ખાલી દોડતી મેમુ રેકને હવે નવા ટ્રેન નંબર ૬૯૧૪૯ સાથે સુરત સુધી દોડાવવાની જાહેરાત બાદ રેલવે મુસાફરોમાં ચર્ચા શરૂ થઈ છે. કોરોનાકાળ દરમિયાન ૬૯૧૩૯ બોરીવલી-સુરત મેમુ સેવા ટૂંકાવી વલસાડ સુધી કરવામાં આવી હતી. ત્યારથી વલસાડથી સુરત જતી આખી રેક બપોરના સમયે મુસાફરો વિના ખાલી દોડતી હોવાનો મુસાફરોનો આક્ષેપ છે.

પશ્ચિમ રેલવે દ્વારા આશરે બે મહિના અગાઉ આ રેકને નવા ટ્રેન નંબર ૬૯૧૪૯થી નવા સમયપત્રક મુજબ સુરત સુધી દોડાવવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે હજુ સુધી સેવા શરૂ થઈ નથી અને ૩ ઓક્ટોબરથી શરૂ થવાની ચર્ચા છે.

મુસાફરોના જણાવ્યા મુજબ નવી મેમુને વલસાડથી સુરતના માત્ર ૬૯ કિમીના અંતર માટે આશરે ૩ કલાક ૨૦ મિનિટનો સમય લાગવાનો છે. બીજી તરફ બોરીવલીથી વલસાડનું ૧૬૪ કિમીનું અંતર આ જ રેક આશરે ૩ કલાક ૫૫ મિનિટમાં કાપે છે. એટલે ૬૯ કિમી માટે ત્રણ કલાકથી વધુનો સમય મુસાફરો માટે અસુવિધાજનક હોવાનું જણાવાઈ રહ્યું છે.

રોજિંદા રેલયાત્રીઓનું કહેવું છે કે નવા નંબર સાથે નવી જાહેરાત કરવાને બદલે કોરોનાકાળ પૂર્વેની જેમ ૬૯૧૩૯ મેમુને સીધી સુરત સુધી દોડાવવી જોઈએ. બોરીવલી તરફથી સુરત જતાં મુસાફરોને સીધી સેવા મળવાથી સમય અને ભાડામાં બચત સાથે વધુ સુવિધા મળી શકે તેમ છે.

# વિશ્વ નદી દિવસની ઉજવણી અંતર્ગત તાપી નદીની સફાઈ અને મત્સ્યબીજનું સંચયન




**દ્રષ્ટિકોણ-ઉકાઈ,** વિશ્વ નદી દિવસ નિમિત્તે સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન એક્વાકલ્ચર, કામધેનુ યુનિવર્સિટી, ઉકાઈ તથા સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશન, ઉકાઈના સંયુક્ત ઉપક્રમે વિવિધ જનજાગૃતિ અને પર્યાવરણ સંરક્ષણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.વિશ્વ નદી દિવસ દર વર્ષે સપ્ટેમ્બર મહિનાના ચોથા રવિવારે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે લિમ્બી નિવાસી સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ઉકાઈ વિસ્તારમાં તાપી નદીના કિનારે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ નદીની આસપાસનો કચરો દૂર કરી નદી સ્વચ્છતા અને જળસંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવી હતી.

કાર્યક્રમ દરમિયાન તાપી માતાની આરતી કરવામાં આવી તેમજ તાપી નદીમાં મત્સ્યબીજનું સંચયન (ફિશ સીડ રાંચીગ ) કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્પર્સ સોશિયલ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી મધુકર વર્માજી ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે તાપી નદીમાં ૩૦૦૦ જેટલા મત્સ્યબીજ છોડવામાં આવ્યા હતા.આ સમગ્ર કાર્યક્રમનો મુખ્ય હેતુ તાપી નદીના પર્યાવરણનું સંરક્ષણ, નદી સ્વચ્છતા અંગે જાગૃતિ, જળચર જૈવવિવિધતાનું સંવર્ધન તથા સ્થાનિક લોકો અને વિદ્યાર્થીઓમાં નદીઓ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો.

કાર્યક્રમમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન એક્વાકલ્ચર, કામધેનુ યુનિવર્સિટી, ઉકાઈ તથા સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ, શાળાના વિદ્યાર્થીઓ અને સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# લાલદરવાજા પોલીસની કેબિનમાં આગ, લાગી? કે લગાડી?

**કેબિનમાં રાખેલો સામાન સ્વાહા, ૨૦ મીનિટમાં કાબુમાં આવી ગઈ, પરંતુ કારણ જાણવા પોલીસનો ધમધમાટ શરુ**

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૭**

સુરત શહેરના લાલ દરવાજા વિસ્તારમાં રેલવે સ્ટેશન પાસેની ટ્રાફિક પોલીસની કેબિનમાં મોડીરાત્રે અચાનક વિકરાળ આગ ભભૂકી ઊઠતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આયુર્વેદિક કોલેજ સામે સ્થિત આ ટ્રાફિક કેબિનમાં લાગેલી આગ અકસ્માતે લાગી છે કે પછી કોઈ અસામાજિક તત્ત્વો દ્વારા જાણીજોઈને ચાંપવામાં આવી છે, તે અંગે અનેક તર્કવિતર્કો ઊભા થયા છે.

રાત્રે આશરે ૧૧:૨૫ વાગ્યે ઘાંચીશેરી ફાયર સ્ટેશનના વૉર રૂમમાં કેબિનમાં આગ લાગી હોવાનો ઈમરજન્સી કોલ મળ્યો હતો. ઘાંચીશેરી ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર મહેશભાઈ કે. પટેલ અને તેમની ટીમે સ્થળ પર પહોંચીને તાત્કાલિક પાણીનો મારો ચલાવ્યો હતો. રાત્રે ૧૧:૪૭ વાગ્યા સુધીમાં, એટલે કે આશરે ૨૨ મિનિટમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો હતો.

કેબિનમાં અંદર રાખેલા ગાદલાં અને અન્ય કચરાને કારણે આગે ઝડપથી વિકરાળ રૂપ ધારણ કર્યું હતું, જેના પરિણામે કેબિનનો નીચેનો ભાગ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો છે. મોડી રાત્રે સરકારી મિલકત સમાન ટ્રાફિક કેબિનમાં આ રીતે આગ લાગવાના બનાવને પગલે પોલીસ અને વહીવટી તંત્રે ઘટનાને ગંભીરતાથી લીધી છે. આગ પાછળનું સાચું કારણ જાણવા માટે આસપાસના વિસ્તારોમાં લાગેલા સીસીટીવી ફૂટેજની ઘેરી ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે.

પ્રેસનોટ/જાહેરાત માટે સંપર્ક કરો

96876 77873 / 90160 19491

# અંકલેશ્વરમાં સામોર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ કચરા વ્યવસ્થાપનનો અભ્યાસ કર્યો



**દ્રષ્ટિકોણ-અંકલેશ્વરઃ** અંકલેશ્વર તાલુકાના સામોર ગામની પ્રાથમિક શાળાએ વિપ્રો આર્થિયન પ્રોગ્રામમાં ભાગ સ્વરૂપે પર્યાવરણ અને સસ્ટેનેબિલિટી પ્રત્યે જાગૃતિ લાવવા માટેનો પ્રોજેક્ટ તૈયાર કરી માહિતી મેળવી હતીવિપ્રો આર્થિયન પ્રોગ્રામ એ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં હાથ ધરવામાં આવેલી પર્યાવરણ અને સસ્ટેનેબિલિટી પ્રત્યે જાગૃતિ લાવવા માટેનો આ એક ખૂબ જ પ્રશંસનીય અને સકારાત્મક પહેલ છે.આ પ્રોગ્રામના ભાગરૂપે શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યેની જવાબદારી વધારી શકાય છે. ટકાઉ કચરો અને કચરાના વ્યવસ્થાપન જેવા ગંભીર વિષય પર બાળકોને જાગૃત કરવાથી ભવિષ્યની પેઢી પર્યાવરણ પ્રત્યે વધુ જવાબદાર બનશે ત્યારે અંકલેશ્વર તાલુકા ના સામોર ગામની પ્રાથમિક શાળામાં વિપ્રો આર્થિયન પ્રોગ્રામ આધારિત વિવિધ પ્રવુતિઓ કરવામાં આવી છે.શાળા ના વિદ્યાર્થીઓએ ટકાઉ કચરાના અનુસંધાને ગામનો અને નગરપાલિકાનો કચરાના વ્યવસ્થાપન વિષે માહિતી એકત્રિત કરવામાં આવી છે.

## દમણ-દીવ સાંસદ જનતાથી વિમુખ શા માટે?

# ધાર્મિક અને રાષ્ટ્રીય કાર્યક્રમોમાં સાંસદની ગેરહાજરી અંગે ઉઠતા સવાલો

**દ્રષ્ટિકોણ-દમણ-દીવઃ** ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દમણ-દીવ બેઠક પરથી અપક્ષ ઉમેદવાર ઉમેશભાઈ બાબુભાઈ પટેલ ૪૨,૫૨૩ મત મેળવી વિજેતા બન્યા હતા. તેમણે ભાજપના ત્રણ વખતના સાંસદ લાલુભાઈ પટેલને ૬,૨૨૫ મતથી પરાજ્ય આપ્યો હતો.

ચૂંટણી બાદ હવે સાંસદની જાહેર કાર્યક્રમોમાં હાજરી અને મતદારો સાથેના સીધા સંપર્કને લઈને દમણ-દીવમાં ચર્ચા શરૂ થઈ છે. ખાસ કરીને ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય પ્રસંગોમાં સાંસદની હાજરી અંગે કેટલાક લોકો દ્વારા સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે.

તાજેતરમાં પૂર્ણ થયેલા ગણેશ મહોત્સવ દરમિયાન દમણ-દીવના વિવિધ જાહેર ગણેશ મંડપોમાં સ્થાનિક જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હોવાની તસવીરો અને વિગતો સોશિયલ મીડિયા પર જોવા મળી હતી. કોંગ્રેસ પ્રમુખ કેતન પટેલ પણ પરિવાર સાથે વિવિધ ગણેશ મંડપોમાં પહોંચ્યા હતા. આ પરિસ્થિતિ વચ્ચે સાંસદ ઉમેશભાઈ પટેલની આવા કાર્યક્રમોમાં હાજરી અંગે ચર્ચા થઈ રહી છે.

જાહેર ગણેશ મહોત્સવ જેવા કાર્યક્રમો સામાજિક એકતા અને લોકો સાથે સીધો સંપર્ક સાધવાનું માધ્યમ માનવામાં આવે છે. ત્યારે સાંસદ તરીકે મતવિસ્તારના આવા જાહેર પ્રસંગોમાં તેમની હાજરી કેટલી અને કેવી રહી છે તે અંગે લોકોમાં ચર્ચા છે.

આ ઉપરાંત ૧૫ ઓગસ્ટના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે યોજાયેલા ધ્વજવંદન કાર્યક્રમમાં પણ સાંસદની હાજરી અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. જોકે, કોઈ ચોક્કસ કાર્યક્રમમાં સાંસદ ગેરહાજર રહ્યા હતા કે કેમ તે અંગે સત્તાવાર કાર્યક્રમ નોંધ અથવા સાંસદ તરફથી સ્પષ્ટતા ઉપલબ્ધ હોય તો તેને પણ સાથે જોવી જરૂરી છે.

બીજી તરફ, અગાઉ દમણ-દીવના ત્રણ વખત સાંસદ રહી ચૂકેલા લાલુભાઈ પટેલની જાહેર કાર્યક્રમોમાં હાજરી અંગે પણ સ્થાનિક સ્તરે ચર્ચા થતી રહી છે. ૨૦૨૪ની ચૂંટણીમાં લાલુભાઈ પટેલ ૩૬,૨૯૮ મત સાથે બીજા ક્રમે રહ્યા હતા.

સાંસદ તરીકે ઉમેશભાઈ પટેલની સંસદીય કામગીરી અંગે ઉપલબ્ધ આંકડા અલગ ચિત્ર રજૂ કરે છે. ઈજીના ૧૩ ઓગસ્ટ ૨૦૨૬ સુધીના આંકડા મુજબ તેમની લોકસભા હાજરી ૯૬ ટકા રહી છે, તેમણે ૬૬ ચર્ચાઓમાં ભાગ લીધો છે અને ૧૩૦ પ્રશ્નો પૂછ્યા છે.

આથી હવે મુખ્ય ચર્ચા એ છે કે સંસદમાં સક્રિય હાજરી સાથે મતવિસ્તારના સ્થાનિક, ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય કાર્યક્રમોમાં સાંસદની જાહેર હાજરી કેટલી રહે છે અને મતદારો સાથે તેમનો સીધો સંપર્ક કેટલો છે.

રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, ઉપરાષ્ટ્રપતિ અથવા અન્ય વરિષ્ઠ મહાનુભાવોના દમણ પ્રવાસ દરમિયાન સાંસદની હાજરી અંગે પણ વિવિધ ચર્ચાઓ થઈ રહી છે. આવા પ્રસંગોમાં તેમની ગેરહાજરીના ચોક્કસ કારણ અંગે સાંસદ અથવા તેમના કાર્યાલય તરફથી સ્પષ્ટતા મળે તો સમગ્ર મુદ્દાનું ચિત્ર વધુ સ્પષ્ટ થઈ શકે છે. ૨૦૨૪માં મતદારોએ અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેશભાઈ પટેલને લોકસભામાં મોકલ્યા બાદ બે વર્ષ પૂર્ણ થવાના તબક્કે હવે મતદારો તરફથી તેમની સંસદીય કામગીરીની સાથે સાથે સ્થાનિક સ્તરે જાહેર સંપર્ક અને હાજરી અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. આગામી સમયમાં સાંસદ આ અંગે શું સ્પષ્ટતા કરે છે અને દમણ-દીવની પ્રજા સાથે તેમનો સીધો સંપર્ક કેવી રીતે વધે છે તે જોવાનું રહેશે.

# બીલીમોરામાં પૂરપીડિતોની સહાયનો પ્રશ્ન ટલ્લે ચઢ્યો



### સ્વચ્છતા ચકાસણી દરમિયાન દુકાનદાર-ચીફ ઓફિસર વચ્ચે ઉગ્ર સવાલ-જવાબ : પૂરથી થયેલા નુકસાનનું વળતર ક્યારે મળશે તેવો સવાલ

**દ્રષ્ટિકોણ-બીલીમોરા,** બીલીમોરા શહેરમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈ કામગીરીની ચકાસણી કરવા ગયેલા નગરપાલિકાના ચીફ ઓફિસર અને દુકાનદાર વચ્ચે પૂરથી થયેલા નુકસાન તથા સહાયના મુદ્દે ઉગ્ર સવાલ-જવાબનો બનાવ સામે આવ્યો છે. દુકાનદારે પૂર દરમિયાન થયેલા નુકસાનનું વળતર અને રાહત સહાય અંગે સવાલો ઉઠાવતા વાતાવરણ ગરમાયું હતું. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શહેરમાં પાલિકાની કામગીરી અને પૂરપીડિતોને મળનારી સહાય અંગે ચર્ચા શરૂ થઈ હતી

મળતી માહિતી મુજબ, બીલીમોરા નગરપાલિકાના ચીફ ઓફિસર સંદીપભાઈ પટેલ શુક્રવારે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈ કામગીરીની ચકાસણી માટે દેસરા રોડ વિસ્તારમાં ગયા હતા. દરમિયાન દુકાનો બહાર કચરો હોવા અંગે કરિયાણાની દુકાનના સંચાલક વિમલ પાંડે સાથે સ્વચ્છતા બાબતે વાતચીત થઈ હતી.

આ દરમિયાન વિમલ પાંડેએ ચીફ ઓફિસર સમક્ષ પૂર દરમિયાન થયેલી નુકસાની અને રાહત સહાયનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પૂર દરમિયાન તેમના ઘર અને વિસ્તારમાં આશરે પાંચ ફૂટ જેટલું પાણી ભરાઈ ગયું હતું અને ટીવી, ફ્રિજ, ઘરવખરી તેમજ અનાજ સહિતની ચીજવસ્તુઓને નુકસાન થયું હતું. આવી સ્થિતિમાં નગરપાલિકા દ્વારા નુકસાનીનું વળતર ક્યારે મળશે તેવો સવાલ તેમણે કર્યો હતો. દુકાનદારે વધુમાં જણાવ્યું હતું કે તેઓ વર્ષોથી નગરપાલિકાની દુકાનમાં કાયદેસર લાઈસન્સ અને ભાડું ભરીને વ્યવસાય કરે છે અને પૂર સમયે પરિવારને ભારે નુકસાન થયું હોવા છતાં સહાય માટેની રજૂઆતો બાદ પણ રાહ જોવી પડી રહી છે.

તેમણે વિસ્તારમાં વરસાદી અને પૂરનાં પાણીના નિકાલ માટેની કાંસો પૂરાઈ જવાના મુદ્દે પણ સવાલ ઉઠાવી તેની જવાબદારી અંગે પ્રશ્ન કર્યો હતો. આ દરમિયાન થયેલી વાતચીતનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. દુકાનદારના જણાવ્યા મુજબ, પૂરથી થયેલા નુકસાન અંગે અગાઉ પણ રજૂઆતો કરવામાં આવી હતી. દુકાનદારની માતા પ્રભાવતીબેન પાંડેના નામે નવસારી ખાતે જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીને લેખિત રજૂઆત કરવામાં આવી હોવાનું પણ જણાવાયું હતું. દુકાનદારના જણાવ્યા મુજબ કલેક્ટરે તેમની રજૂઆત શાંતિપૂર્વક સાંભળી હતી.

જોકે, ઘટનાના સંદર્ભમાં દુકાનદારે ચીફ ઓફિસર સામે કચરા સફાઈની કામગીરીના બહાને તેમને હેરાન કરવાનો આક્ષેપ કર્યો હતો. બીજી તરફ, સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ શહેરની સફાઈ કામગીરીની ચકાસણી અને તેની વિગતો સરકારને મોકલવાની પ્રક્રિયાના ભાગરૂપે અધિકારીઓ ફિલ્ડમાં હોવાનું જાણવા મળે છે. ઘટનાને પગલે શહેરમાં પૂરપીડિતોને મળનારી સહાયનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. પૂર દરમિયાન થયેલા નુકસાન બાદ અસરગ્રસ્ત પરિવારો હવે સરકાર તરફથી સહાયની રાહ જોઈ રહ્યા છે.

### પૂરનુકસાનીના ૧૫૦થી વધુ ફોર્મ ભરાયા

બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં પૂરથી અસરગ્રસ્ત મકાન, દુકાન, લારી-ગલ્લા, ફર્નિચર સહિતની નુકસાનીની વિગતો મેળવવા માટે અસરગ્રસ્તો પાસેથી ફોર્મ ભરાવવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ ફોર્મ નગરપાલિકામાં જમા થયા હોવાનું જાણવા મળે છે. નગરપાલિકા દ્વારા ફોર્મની ચકાસણી કર્યા બાદ તેનો અહેવાલ ગાંધીનગર મોકલવામાં આવશે. ત્યારબાદ સરકાર દ્વારા સહાય અંગે નિર્ણય લેવામાં આવશે. પરિણામે હાલ પૂરપીડિતોને મળનારીબીલીમોરામાં પૂરપીડિતોની સહાયનો પ્રશ્ન ટલ્લે ચઢ્યો, સ્વચ્છતા ચકાસણી દરમિયાન દુકાનદાર-ચીફ ઓફિસર વચ્ચે ઉગ્ર સવાલ-જવાબ : પૂરથી થયેલા નુકસાનનું વળતર ક્યારે મળશે તેવો સવાલ

# ગણદેવીનાં કછોલી ગામે જૂની અદાવતમાં ૧૮ વર્ષીય યુવક પર ચપ્પુથી હુમલો

### ચાર શખ્સો સામે હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો

**દ્રષ્ટિકોણ-ગણદેવી,** ગણદેવી તાલુકાના કછોલી ગામના આશ્રમ ફળિયામાં શુક્રવાર સાંજે જૂની અદાવતને લઈને ૧૮ વર્ષીય યુવક પર ચાર શખ્સોએ ભેગા મળી ઢીકમુક્કીનો માર મારી ચપ્પુ વડે હુમલો કરતાં ચકચાર મચી ગઈ હતી. આ હુમલામાં યુવકને ચપ્પુના પાંચ ઘા વાગતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નવસારી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

ગણદેવી નાં કછોલી ગામના આશ્રમ ફળિયામાં રહેતો રાહુલ વિજયભાઈ હળપતિ (૧૮) શુક્રવારે સાંજે આશરે છ વાગ્યાના અરસામાં ફળિયામાં દુકાને ઠંડુ પીણું લેવા ગયો હતો. દરમિયાન ત્યાં તેનો મિત્ર જગદીશ ઉર્ફે પેટી હાજર હતો. રાહુલે તેની સાથે વાતચીત દરમિયાન 'ડીજેમાં નાચવા નથી જવાનો?' તેમ પૂછતાં ત્યાં હાજર સમથ ભીખુભાઈ હળપતિ ઉશ્કેરાઈ ગયો હતો અને રાહુલ સાથે ગાળાગાળી કરી તેને ત્યાંથી જતો રહેવા જણાવ્યું હતું. આ દરમિયાન સમથ ભીખુભાઈ, હીમેશ ઉર્ફે ગુજુ હળપતિ તથા જતીન જીતુભાઈ હળપતિએ રાહુલને પકડી તેની સાથે ઢીકમુક્કી કરી હતી. ત્યારબાદ આર્યન ઉકાભાઈ હળપતિએ ચપ્પુ વડે રાહુલ પર હુમલો કર્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, આર્યને રાહુલના જમણા પડખામાં ચાર તથા ડાબા પડખામાં એક ઘા માર્યા હતા. જ્યારે જતીને પણ રાહુલના કાનના ભાગે બોથડ પદાર્થ વડે માર માર્યો હતો. હુમલાને પગલે રાહુલે બુમાબુમ કરતાં આસપાસના લોકો તેમજ પરિવારજનો દોડી આવ્યા હતા અને તેને હુમલાખોરોના ચુંગાલમાંથી છોડાવ્યો હતો. ત્યારબાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત રાહુલને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નવસારી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો. આ બનાવ અંગે રાહુલ હળપતિની ફરિયાદના આધારે ગણદેવી પોલીસે સમથ ભીખુભાઈ હળપતિ, આર્યન ઉકાભાઈ હળપતિ, જતીન જીતુભાઈ હળપતિ અને હીમેશ ઉર્ફે ગુજુ હળપતિ સામે ગુનો નોંધી ધરપકડ નાં ચક્રો ગતિમાન કર્યા છે. વધુ તપાસ ગણદેવી પીએસઆઈ કે આર નાયકા કરી રહ્યા છે.

# ખેરગામમાં તાલુકા કક્ષાની વકતૃત્વ અને ચિત્રકળા સ્પર્ધા યોજાઈ, આમંત્રણને લઈને સવાલો ઉઠ્યા



**દ્રષ્ટિકોણ-ખેરગામઃ** 'વિકસિત ભારત ૨૦૪૭' અને 'સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬' અંતર્ગત શિક્ષણ વિભાગ દ્વારા તાલુકા કક્ષાની વકતૃત્વ અને ચિત્રકળા સ્પર્ધાનું આયોજન તા. ૨૬/૦૯/૨૦૨૬ના રોજ જનતા માધ્યમિક શાળા, ખેરગામ ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ડો. અમિતાબેન પટેલ (જિલ્લા કારોબારી સમિતિના અધ્યક્ષ) ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, નવસારીથી શ્રી મનીષભાઈ પટેલ, તાલુકા પ્રાથમિક અધિકારી શ્રી મનીષભાઈ પરમાર, બી.આર.સી. ખેરગામના શ્રી વિજયભાઈ પટેલ, જનતા કેળવણી મંડળના પ્રમુખ શ્રી અરવિંદભાઈ પટેલ, ચેરમેન શ્રી પ્રશાંતભાઈ પટેલ સહિત કારોબારી સભ્યો, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો તથા સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય શ્રી ચેતનભાઈ પટેલે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત વિધિ કરવામાં આવી હતી.વકતૃત્વ અને ચિત્રકળા સ્પર્ધાનું આયોજન પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એમ ત્રણ વિભાગમાં કરવામાં આવ્યું હતું. ચિત્રકળા સ્પર્ધામાં ત્રણેય વિભાગની કુલ ૪૯ શાળાઓના ૧૪૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વકતૃત્વ તથા ચિત્રકળા બંને સ્પર્ધામાં ત્રણેય વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપવામાં આવ્યા હતા. સ્પર્ધાઓમાં શિક્ષકમિત્રોએ નિર્ણાયક તરીકેની ભૂમિકા નિભાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જનતા માધ્યમિક શાળા, ખેરગામના સ્ટાફમિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના સંચાલક મંડળનો પણ સહયોગ મળ્યો હતો અને કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓ હવે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.દરમિયાન, કાર્યક્રમમાં ખેરગામ ભાજપ સંગઠનના પ્રમુખ તથા મંત્રી તેમજ હાલના ચૂંટાયેલા જિલ્લા અને તાલુકા સભ્યોને આમંત્રણ આપવામાં આવ્યું ન હોવાની ચર્ચા સામે આવી છે. એટલું જ નહીં, સ્થાનિક પત્રકારોને પણ કાર્યક્રમ અંગે અગાઉથી જાણ કે આમંત્રણ આપવામાં આવ્યું ન હોવાનો મુદ્દો ચર્ચામાં રહ્યો હતો.તાલુકા કક્ષાના જાહેર શૈક્ષણિક કાર્યક્રમમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સ્થાનિક સંગઠનના હોદ્દેદારો અને મીડિયા પ્રતિનિધિઓને જાણ કેમ કરવામાં આવી નહીં તે અંગે હવે સવાલો ઉઠી રહ્યા છે. આ અંગે કાર્યક્રમના આયોજકો તરફથી શું કારણ આપવામાં આવે છે તે જોવું રહ્યું.

# ખેડૂતોના હકના વેચાણ કમ પ્રદર્શન સેન્ટરમાં વેપારીઓને ફાળવણીનો આક્ષેપ



### ખેરગામ APMC સબયાર્ડમાં રૂ.૫૦ લાખની સરકારી ગ્રાન્ટથી બનેલા સેન્ટર મુદ્દે વિવાદ : જિલ્લા રજીસ્ટ્રારને તપાસની રજૂઆત

**દ્રષ્ટિકોણ-ખેરગામ,** ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનોના વેચાણ અને પ્રદર્શન માટે રાહત દરે સુવિધા મળી રહે તે હેતુથી ખેરગામ APMC સબયાર્ડ ખાતે રૂ.૫૦ લાખની સરકારી ગ્રાન્ટથી બનાવાઈ રહેલા 'વેચાણ કમ પ્રદર્શન સેન્ટર'ને લઈને વિવાદ ઊભો થયો છે.

સેન્ટરની જગ્યાઓ સ્થાનિક વેપારીઓને ફાળવી દેવાઈ હોવાનો આક્ષેપ કરી APMCના ચૂંટાયેલા ડિરેક્ટર ભાવિન દિનેશચંદ્ર પટેલે નવસારી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓને લેખિત રજૂઆત કરી તપાસની માંગ કરી છે.

ચીખલી APMCના ખેરગામ સબયાર્ડ ખાતે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૦૦ ટકા સરકારી સહાય હેઠળ આ સેન્ટર માટે રૂ.૫૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી. ગ્રાન્ટના મંજૂરી આદેશની શરત નં.૧૦ મુજબ સેન્ટરનો ઉપયોગ સ્થાનિક ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનોના વેચાણ અને પ્રદર્શન માટે રાહત દરે કરવાનો હોવાનું જણાવાયું છે. તેમજ દુકાન કે મકાનનું હરાજીથી વેચાણ ન કરવાની શરત હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

ભાવિન પટેલે આક્ષેપ કર્યો છે કે સેન્ટરનું કામ હજુ ચાલુ હોવા છતાં સરકારની શરતોને અવગણી ખેડૂતોને બદલે સ્થાનિક વેપારીઓને જગ્યાઓ ફાળવી દેવામાં આવી છે. સરકારી ગ્રાન્ટથી ખેડૂતો માટે ઊભી કરાતી સુવિધાનો લાભ વેપારીઓને કયા નિયમ અને કયા આધારે અપાયો તે અંગે તેમણે તપાસની માંગ કરી છે.

રજૂઆતમાં સેન્ટરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશેલા વેપારીઓને તાત્કાલિક દૂર કરવા, સમગ્ર ફાળવણી પ્રક્રિયાની તપાસ કરવા અને સરકારના મૂળ હેતુ મુજબ સેન્ટરનો લાભ સ્થાનિક ખેડૂતોને જ મળે તેવી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

### રૂ.૫૦ લાખની ગ્રાન્ટ, હેતુ ખેડૂતોનો; લાભ કોને?

સરકાર દ્વારા ખેડૂતો માટે ફાળવાયેલી મોટી રકમની ગ્રાન્ટથી ઊભી થતી સુવિધામાં જો નિયમવિરુદ્ધ ફાળવણી થઈ હોય તો તેની જવાબદારી કોની તે મુદ્દે પણ સવાલો ઊઠ્યા છે. હવે જિલ્લા રજીસ્ટ્રારની તપાસમાં ફાળવણીની પ્રક્રિયા, આધાર અને નિયમોની પાલનાની હકીકત સામે આવે છે કે કેમ તેના પર નજર રહેશે.

# ધરમપુર બામટીમાં આદિવાસી ધોડિયા સમાજનું યોજનાકીય માર્ગદર્શન સેમિનાર



### સરકારી યોજનાઓની માહિતી મેળવવા ૮૦૦થી વધુ લોકો ઉમટ્યા; ખેતી, બાગાયત, પશુપાલન, ઉદ્યોગ અને બેંકિંગ યોજનાઓની સમજ અપાઈ

**દ્રષ્ટિકોણ-ધરમપુર, વલસાડઃ** ધરમપુરના બામટી ખાતે આદિવાસી ધોડિયા સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજના લોકોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી યોજનાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં ૮૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રસ્ટના પ્રમુખ વિજયભાઈ પાનેરિયાએ જણાવ્યું કે, સમાજનો સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ થાય તેમજ લોકો સરકારી યોજનાઓનો યોગ્ય લાભ મેળવી પગભર બને તે હેતુથી સેમિનારનું આયોજન કરાયું છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર વાય.ટી. પાવાગઢીએ નાના વ્યવસાયથી માંડીને ઉદ્યોગ સ્થાપવા સુધીની વિવિધ સરકારી યોજનાઓ, લોન અને સબસિડી અંગે માહિતી આપી હતી. વાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના અને સ્જીસ્ઈ સહિતની યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા ખેતીવાડી અધિકારી અરુણભાઈ ગરાસિયાએ ખેતીના સાધનો અને ઓજારો માટે મળતી સહાય તેમજ ઓનલાઈન અરજી પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપ્યું હતું. પૂર કે વાવાઝોડાથી થયેલા નુકસાનના વળતર માટે તારીખ સાથેના ફોટોગ્રાફ્સ સાચવી રાખવાની જરૂરીયાત પર પણ ભાર મૂક્યો હતો.

નાયબ બાગાયત નિયામક નિકુંજભાઈ પટેલે આંબાવાડી, ફૂલોની ખેતી, ડ્રેગનફ્રૂટ સહિતની બાગાયતી યોજનાઓ હેઠળ મળતી સહાય અને સબસિડી અંગે માહિતી આપી હતી. નાયબ પશુપાલન અધિકારી જગદીશભાઈ વસાવાએ ચાફ કટર, બકરા યુનિટ સહિત પશુપાલન વિભાગની યોજનાઓ સમજાવી હતી.

વલસાડ સંકલિત આદિજાતિ કચેરીના પ્રોજેક્ટ મેનેજર રાકેશભાઈ વસાવાએ આદિજાતિ વિભાગની રોજગારલક્ષી યોજનાઓની માહિતી આપી હતી. ધરમપુર બેંક ઓફ બરોડાના મેનેજર રવિરાજન, બંધન બેંકના મેનેજર આદિત્ય ઠાકુર અને ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ દાહોદના પ્રતિનિધિઓએ લોન, ઈમૈં-નાબાર્ડની યોજનાઓ અને નાણાકીય સાક્ષરતા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ખેડૂત અગ્રણી હસમુખભાઈ પટેલે પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. સેમિનારના આયોજનમાં ટ્રસ્ટના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓએ જહેમત ઉઠાવી હતી. અંતે ટ્રસ્ટી અરુણાબેન પટેલે આભારવિધિ કરી હતી.

# ઈકોમાં બેસાડી સગીરાને લઈ ગયા, ઈંટના ભઠ્ઠા પાસે દુષ્કર્મનો આક્ષેપ

**દ્રષ્ટિકોણ-વલસાડઃ** ધરમપુર નજીકના એક ગામમાં સગીરા સાથે દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી છે. સગીરાના પરિવારજનોની ફરિયાદના આધારે ધરમપુર પોલીસે ગામમાં જ રહેતા એક યુવક સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ફરિયાદ મુજબ, સગીરા ગામમાં હતી ત્યારે આરોપી યુવક તેને ઈકો વાહનમાં બેસાડી નજીકના મંદિર તરફ લઈ ગયો હતો. મંદિર તરફથી પરત ફરતી વખતે ઈંટના ભઠ્ઠા નજીક ઈકો ઊભી રાખી હતી. વધુમાં આક્ષેપ કરાયો છે કે, એકાંત સ્થળનો લાભ લઈ યુવકે સગીરા સાથે જબરદસ્તી દુષ્કર્મ આચર્યું હતું.

બનાવ બાદ સગીરાને કોઈને જાણ ન કરવા અને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. ત્યારબાદ સગીરાને ઘરે ઉતારી દેવામાં આવી હતી.

ઘરે પહોંચ્યા બાદ સગીરાએ માતાને સમગ્ર ઘટના અંગે જાણ કરી હતી. પરિવારજનોને હકીકતની જાણ થતાં સગીરાને સાથે લઈ ધરમપુર પોલીસ મથકે પહોંચ્યા હતા અને ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદના આધારે પોલીસે આક્ષેપોની તપાસ શરૂ કરી છે. બનાવ અંગે પોલીસ દ્વારા ફરિયાદમાં જણાવાયેલી હકીકતો, સ્થળ સહિતના પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. આ મામલે હાલ પોલીસ તપાસ ચાલુ છે અને ફરિયાદમાં કરાયેલા આક્ષેપોની કાયદેસર તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે.

# ઈકોમાં બેસાડી સગીરાને લઈ ગયા, ઈંટના ભઠ્ઠા પાસે દુષ્કર્મનો આક્ષેપ

**ધરમપુર, વલસાડઃ** ધરમપુર નજીકના એક ગામમાં સગીરા સાથે દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી છે. સગીરાના પરિવારજનોની ફરિયાદના આધારે ધરમપુર પોલીસે ગામમાં જ રહેતા એક યુવક સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ફરિયાદ મુજબ, સગીરા ગામમાં હતી ત્યારે આરોપી યુવક તેને ઈકો વાહનમાં બેસાડી નજીકના મંદિર તરફ લઈ ગયો હતો. મંદિર તરફથી પરત ફરતી વખતે ઈંટના ભઠ્ઠા નજીક ઈકો ઊભી રાખી હતી. વધુમાં આક્ષેપ કરાયો છે કે, એકાંત સ્થળનો લાભ લઈ યુવકે સગીરા સાથે જબરદસ્તી દુષ્કર્મ આચર્યું હતું.બનાવ બાદ સગીરાને કોઈને જાણ ન કરવા અને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. ત્યારબાદ સગીરાને ઘરે ઉતારી દેવામાં આવી હતી.ઘરે પહોંચ્યા બાદ સગીરાએ માતાને સમગ્ર ઘટના અંગે જાણ કરી હતી. પરિવારજનોને હકીકતની જાણ થતાં સગીરાને સાથે લઈ ધરમપુર પોલીસ મથકે પહોંચ્યા હતા અને ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદના આધારે પોલીસે આક્ષેપોની તપાસ શરૂ કરી છે. બનાવ અંગે પોલીસ દ્વારા ફરિયાદમાં જણાવાયેલી હકીકતો, સ્થળ સહિતના પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. આ મામલે હાલ પોલીસ તપાસ ચાલુ છે અને ફરિયાદમાં કરાયેલા આક્ષેપોની કાયદેસર તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે.

# માતા-નવજાતને ઘરથી ૫ કિમી દૂર ઉતારી દીધા, ખિલખિલાટ વાનનો કેપ્ટન સસ્પેન્ડ

**દ્રષ્ટિકોણ-વલસાડ,**વલસાડ સિવિલ હોસ્પિટલમાંથી રજા અપાયા બાદ માતા અને નવજાત શિશુને ખિલખિલાટ વાન મારફતે વાંસદાના ખડકીયા ગામે તેમના ઘરે પહોંચાડવાના બદલે ઘરથી આશરે પાંચ કિમી દૂર રસ્તામાં ઉતારી દેવાની ગંભીર ઘટના સામે આવી છે. ઘટનાની પ્રાથમિક તપાસ બાદ જવાબદાર ખિલખિલાટ વાનના કેપ્ટન અંકિત બાગુલને તાત્કાલિક અસરથી સેવામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

તા. ૨૪ સપ્ટેમ્બરે વલસાડ સિવિલ હોસ્પિટલમાંથી વાંસદાની માતા અને નવજાત શિશુને રજા આપવામાં આવી હતી. ત્યારબાદ તેમને ખડકીયા ગામે ઘરે પહોંચાડવા માટે ખિલખિલાટ વાન રવાના થઈ હતી. જોકે, ઘરે પહોંચે તે પહેલાં જ હનુમાનબારી સર્કલ પાસે માતા-બાળકને રસ્તામાં ઉતારી કેપ્ટન ત્યાંથી ચાલ્યો ગયો હતો.ઘટનાની જાણ થતાં પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન કેપ્ટન અંકિત બાગુલે પોતાની ભૂલ સ્વીકારી હતી અને ઘરે જવાની ઉતાવળમાં લાભાર્થીને રસ્તામાં ઉતારી દીધાની કબૂલાત કરી હતી. અંકિત બાગુલ છેલ્લા આશરે બે વર્ષથી ખિલખિલાટ સેવા સાથે જોડાયેલો હોવાનું જણાવાયું છે.વલસાડ-નવસારી અને ડાંગ જિલ્લાના ૧૦૮ સેવાના પ્રોગ્રામ મેનેજર હેમંત સોલંકીએ જણાવ્યું કે, ખિલખિલાટ સેવા અંતરિયાળ વિસ્તારોના લાભાર્થીઓને તેમના ઘર સુધી પહોંચાડવા માટે કાર્યરત છે. જિલ્લામાં આશરે ૧૦ ખિલખિલાટ વાન કાર્યરત છે. લાભાર્થીને અધવચ્ચે ઉતારી દેવાની ઘટનાને ગંભીરતાથી લઈ કેપ્ટનને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.સોલંકીએ વધુમાં જણાવ્યું કે, સેવામાં કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં. તમામ કર્મચારીઓને આવી કામગીરીમાં વધુ સજાગ અને જવાબદાર રહેવા કડક સૂચના આપવામાં આવી છે.

# રક્ષા ક્ષેત્રે દૃષ્ટાંત બનતી ખાનગી કંપનીઓ

## તંત્રી લેખ

તાજેતરમાં જ વાયુસેના પ્રમુખ એપી સિંહે જાહેર ક્ષેત્રનાં સાહસો દ્વારા રક્ષા સામગ્રી પૂરી પાડવામાં થતા વિલંબનો મુદ્દો ઉઠાવ્યો હતો. આવા સ્વર પહેલાં પણ ઉઠતા રહ્યા છે. જોકે કેટલાક દિવસ પહેલાં 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ઓપરેશન સિંદૂરની સફળતા સ્વદેશી હથિયારોની ક્ષમતા અને મેક ઈન ઈન્ડિયા ટેકનિકના મહત્ત્વને રેખાંકિત કરે છે. રક્ષા મંત્રી પણ રક્ષા ઉત્પાદનમાં ખાનગી ક્ષેત્રની વ્યાપક ભૂમિકાની વાત કહી ચૂક્યા છે. તેમાં શંકા નહીં કે ૨૦૧૮થી જ ભારતીય રક્ષા ઉત્પાદન ઉદ્યોગ તેજીથી વધ્યો છે, પરંતુ તેમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી અપેક્ષાકૃત સીમિત રહી છે. આ જ યોગ્ય સમય છે કે તેનો દાયરો વધારવામાં આવે. અમેરિકા આધુનિક સૈન્ય-ઔદ્યોગિક જુગલબંધીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. એવું મુખ્ય રૂપે ખાનગી ક્ષેત્રની મહેરબાનીતી છે. એક સમયે અમેરિકાની લશ્કરી જરૂરિયાતોની પૂર્તિ સરકારી ઉદ્યમોથી થતી હતી. લગભગ ૯૮ ટકા નૌસૈનિક જહાજ સરકારી યાર્ડમાં બનતાં હતાં અને મુખ્ય રક્ષા ટેકનિક મુખ્યત્વે બ્રિટનથી આયાત થતી હતી. ૧૯મી સદીના આખરી સમયમાં ખાગની કંપનીઓના આ ક્ષેત્રમાં આગમને ત્યાં રક્ષા ઉત્પાદનનાં સમગ્ર સમીકરણો બદલી નાખ્યાં. આ કંપનીઓએ આધુનિક ટેકનિકમાં રોકાણ વધારીને, ઔદ્યોગિક લોબી બનાવીને રક્ષા ઉત્પાદનને નવા આયામ આપ્યા. પ્રથમ વિશ્વ યુદ્ધ સમયે જ્યારે અમેરિકા સૈન્ય મહાશક્તિ રૂપે સ્થાપિત થયું, ત્યારે ખાનગી ક્ષેત્ર તેનો આધાર બની ચૂક્યું હતું. ભારતમાં વાહન નિર્માણથી માંડીને સોફ્ટવેર ક્ષેત્રમાં ઉત્તરોત્તર વધતી તાકાતમાં ખાનગી ક્ષેત્રનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. દેશમાં જાહેર ક્ષેત્રના રક્ષા ઉત્પાદન ઉપક્રમોએ પણ પોતાની વિશ્વસનીયતા હાંસલ કરી છે. હાલનાં વર્ષોમાં તેમનું પ્રદર્શન ઓર બહેતર થયું છે, પરંતુ તેઓ મુખ્ય રૂપે લાયસન્સ ઉત્પાદન પ્રણાલી પર કામ કરે છે. આ પ્રણાલીમાં ઉત્પાદનની માત્રા, તેની ગતિ અને લશ્કરી સ્વાયત્તતાના મોરચે પોતાની કેટલીક મર્યાદાઓ છે. ઓપરેશન સિંદૂરે આ જરૂરિયાતને નવેસરથી રેખાંકિત કરી છે કે ભારત સામે ઉત્પન્ન સુરક્ષા પડકારોના નિરાકરણ માટે એક સક્ષમ સ્વદેશી ઈનોવેટિવ ઈકોસિસ્ટમનો વિકાસ કરવો પડશે. ઈનોવેશન ફોર ડિફેન્સ એક્સેલન્સ એટલે કે આઈડીઈએક્સ જેવી પહેલે દર્શાવ્યું છે કે ભારતીય ટેકનિક વૈશ્વિક માપદંડોની બરાબરી કરવા અને કેટલા મામલે તેનાથી ચડિયાતી સાબિત થઈ શકે છે. તેનાથી સમગ્ર પ્રક્રિયાની ગતિ તેજ થઈ શકે છે, બલ્કે ઉત્પાદન ખર્ચ પણ કિફાયતી રહેશે. ભૂતકાળમાં જાહેર ક્ષેત્ર દ્વારા અપનાવવામાં આવેલ લાયસન્સ ઉત્પાદન કે આયાત આધારિત મોડલથી વિપરીત સ્વદેશી નવાચાર લશ્કરી સરસાઇની સાથે જ વાસ્તવિક આત્મનિર્ભરતાનો આધાર બને છે. ભારતનો રક્ષા નવાચાર અને ઉત્પાદન લાંબા સમયથી ટેકનિકલ હસ્તાંતરણ પર નિર્ભર રહ્યો છે. એવા કરાર વિદેશી સપ્લાયરોના પક્ષમાં ક્યાંય વધુ ઝૂકેલા હોય છે. બીજા દેશ માત્ર સીમિત અને મૂળભૂત ટેકનિક જ આપે છે અને મહત્ત્વની ટેકનિકની સાથે જ સ્પેરપાર્ટ વગેરે મામલે આપણને લટકાવી રાખે છે. આનાથી સંબંધિત પ્રણાલીઓની સારસંભાળથી માંડીને તેમને ઉન્નત કરવાની પ્રક્રિયા પણ પ્રભાવિત થાય છે. એવા રક્ષા કરાર બહુ મોંઘા હોવાની સાથે જ જાતભાતની શરતો સાથે બંધાયેલા હોય છે.

છેલ્લા કેટલાક સમયમાં રક્ષા ઉત્પાદન પ્રણાલીમાં ખાનગી ક્ષેત્રની સહભાગીતા ઘણી ઝડપથી વધી રહી છે. આજે દેશમાં ૧૦,૦૦૦થી વધારે એમએસએમઈ, ૨૦૦૦ ડિફેન્સ સ્ટાર્ટઅપ્સ અને ૫૦૦ સ્પેસ સ્ટાર્ટઅપ્સનો સમૂહ રક્ષા ઉત્પાદન કરવા માટે તત્પર દેખાઈ રહ્યા છે. ૨૦૧૭-૧૮માં ખાનગી ક્ષેત્રની જે રક્ષા નિકાસ ૪૦૦ કરોડ રૂપિયાની હતી, તે ૨૦૨૪-૨૫માં વધીને ૪૦૦૦ કરોડ રૂપિયા થઈ ગઈ. નવા-નવા ખેલાડી રક્ષા ક્ષેત્રમાં ઉત્પાદન માટે આગળ આવી રહ્યા છે. રક્ષા ઉત્પાદન સાતે જોડાયેલી કંપનીઓના શેર પણ તેજીમાં છે. વેન્ચર કેપિટલિસ્ટ રક્ષા સાથે જોડાયેલા સ્ટાર્ટઅપ પર ધનવર્ષા કરતાં સંકોચ નથી રાખતા. આ બધું આ ક્ષેત્રની ક્ષમતાઓ અને તેમાં રોકાણકારોના વધતા ભરોસાનું જ પ્રતીક છે. એ માનવાનાં ઘણાં કારણ છે કે ખાનગી ક્ષેત્ર જ દેશના રક્ષા ઉત્પાદન ઉદ્યોગમાં તેજીનું નેતૃત્વ કરવા જઈ રહ્યું છે. કેટલાય મોરચે પોતાની મર્યાદાઓ ધરાવતા જાહેર ક્ષેત્રથી વિપરીત ખાનગી ક્ષેત્ર લાભ અને પરિણામ આધારિત દૃષ્ટિકોણ પર કામ કરે છે, જે નવાચાર અને ટેકનિકલ વિકાસને ગતિ આપે છે.

રક્ષા ઉત્પાદનમાં કેટલાય મોટા ખેલાડી રુચિ લઈ રહ્યા છે, તેથી આ મોરચે ભારે રોકાણ સંભવ છે. તેના દ્વારા ભારે હેલિકોપ્ટર, જેટ એન્જિન, પાંચમી પેઢીનાં યુદ્ધ વિમાન, સબમરીન, રક્ષા કેન્દ્રિત એઆઇ અને લશ્કરી સામગ્રીના સ્વદેશી અને સમયબદ્ધ ઉત્પાદનની આશા બંધાઈ છે. ખાનગી કંપનીઓ પોતાની ક્ષમતા વધારવા માટે વિલય અને અધિગ્રહણ જેવી બજાર સંચાલિત રણનીતિઓ પણ અપનાવી રહી છે. સરકારી નીતિ પણ ખાનગી ક્ષેત્રના નેતૃત્વવાળા રક્ષા ઉત્પાદનને સક્રિય રૂપે પ્રોત્સાહન આપી રહી છે. રક્ષા મૂડીગત બજેટમાં ૭૫ ટકાને ઘરેલુ ખરીદી માટે નિર્ધારિત કરવામાં આવ્યું છે, જેમાંથી ૨૫ ટકા ખાનગી ક્ષેત્ર માટે અનામત છે. બજેટમાં શોધ અને વિકાસ એટલે કે આરએન્ડડી સંબંધી ગતિવિધિઓને પણ ઉત્તેજન આપવાના ઉપાય કરવામાં આવ્યા છે. કેટલાય પ્રદર્શનો અને સંમેલનોમાં આ મતલબની મહત્ત્વપૂર્ણ જાહેરાતો થઈ છે. આ સંદર્ભે ઘરેલુ જરૂરિયાતોની પૂર્તિની સાથે જ નિકાસની સંભાવનાઓ જોવાઇ રહી છે.

# મોબાઇલનો ટોયલેટમાં ઉપયોગ ખતરનાક!

આજના ડિજિટલ યુગમાં મોબાઇલ ફોન આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. ઘણા લોકો માટે ટોયલેટમાં પણ મોબાઈલ લઈ જવો એક સામાન્ય ટેવ બની ગઈ છે. જોકે, આ ટેવ આરોગ્ય, સ્વચ્છતા અને માનસિક સ્થિતિ પર નોંધપાત્ર હાનિકારક અસરો કરી શકે છે.

ટોયલેટ એ એક એવું સ્થળ છે જ્યાં બેક્ટેરિયા અને જંતુઓનું પ્રમાણ ખૂબ જ વધારે હોય છે. ફ્લશ કરતી વખતે, નાના નાના પાણીના ટીપાં હવામાં ફેલાય છે, જેમાં ફેકલ બેક્ટેરિયા (જેમ કે ઇ. કોલાઇ) હોઈ શકે છે. આ ટીપાં મોબાઇલ ફોનની સપાટી પર સરળતાથી જમા થઈ શકે છે. સંશોધન દર્શાવે છે કે મોબાઇલ ફોનની સપાટી પર ટોયલેટ સીટ કરતાં ૧૦ ગણા વધુ બેક્ટેરિયા હોઈ શકે છે, ખાસ કરીને જો તેને ટોયલેટમાં નિયમિત લઈ જવામાં આવે. આ બેક્ટેરિયા હાથ, ચહેરા અને મોઢા દ્વારા શરીરમાં પ્રવેશી શકે છે, જેનાથી ચેપ, પેટના રોગો અને અન્ય આરોગ્ય સ સમસ્યાઓનું જોખમ રહે છે.

ઉદાહરણ તરીકે, યુનિવર્સિટી ઓફ એરિઝોનાના એક અભ્યાસમાં જાણવા મળ્યું કે ૯૦%થી વધુ મોબાઇલ ફોન પર હાનિકારક બેક્ટેરિયા હોય છે, જેમાંથી મોટાભાગના ટોયલેટ જેવા અસ્વચ્છ વાતાવરણમાંથી આવે છે. મોબાઇલ ફોનને નિયમિત સાફ ન કરવામાં આવે તો, તે બેક્ટેરિયાનો સ્રોત બની શકે છે, જે ખાસ કરીને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે જોખમી છે.ટોયલેટમાં મોબાઇલ ફોનનો ઉપયોગ લાંબા સમય સુધી બેસવાની ટેવને પ્રોત્સાહન આપે છે, જે શારીરિક આરોગ્ય માટે હાનિકારક છે. લાંબા સમય સુધી ટોયલેટ સીટ પર બેસવાથી હેમોરોઇડ્સ (પાઈલ્સ) અને ગુદામાર્ગ સંબંધિત સમસ્યાઓનું જોખમ વધે છે. ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ ડૉ. અનિશ શેઠના જણાવ્યા અનુસાર, લાંબા સમય સુધી બેસવાથી ગુદામાર્ગ પર દબાણ વધે છે, જે હેમોરોઇડ્સનું કારણ બની શકે છે. વધુમાં, મોબાઇલની સ્ક્રીન પર ધ્યાન કેન્દ્રિત કરવાથી આંખો પર તાણ આવે છે અને ડિજિટલ આઇ સ્ટ્રેન (ર્ઙ્ઘૈ દૈર્જૈહ જઅહઙ્ઘંદ્બી) ની સમસ્યા થઈ શકે છે, જેમાં આંખોમાં દુખાવો, શુષ્કતા અને ઝાંખું દ્રષ્ટિ જેવા લક્ષણો જોવા મળે છે.

મોબાઇલ ફોનનો ટોયલેટમાં ઉપયોગ માનસિક આરોગ્ય અને ઉત્પાદકતા પર પણ નકારાત્મક અસર કરે છે. મોબાઇલની સ્ક્રીન પર ધ્યાન આપવાથી વ્યક્તિનું મગજ સતત સક્રિય રહે છે, જે આરામની ક્ષણોને ઘટાડે છે. સાયકોલોજિસ્ટ ડૉ. લેરી રોસેનના મતે, સતત સ્ક્રીનના સંપર્કમાં રહેવાથી તણાવનું સ્તર વધે છે અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઘટે છે. ટોયલેટમાં મોબાઇલનો ઉપયોગ ઘણીવાર સોશિયલ મીડિયા સ્ક્રોલિંગ અથવા ગેમિંગમાં સમયનો વ્યય કરે છે, જે ઉત્પાદકતાને અસર કરે છે અને દિવસની શરૂઆતને નકારાત્મક રીતે પ્રભાવિત કરે છે.

ટોયલેટમાં મોબાઇલ લઈ જવાથી ફોનને શારીરિક નુકસાન થવાનું જોખમ પણ રહે છે. આકસ્મિક રીતે ફોન ટોયલેટમાં પડી જવો, પાણીથી ભીંજાવું અથવા સખત સપાટી પર પડવાથી તેની સ્ક્રીન તૂટી શકે છે. આવા નુકસાનથી આર્થિક ખર્ચ વધે છે, જે ટાળી શકાય તેવું હોય છે.ટોયલેટમાં મોબાઈલનો ઉપયોગ મોબાઇલ ફોનના વ્યસનને વધારી શકે છે. સંશોધન દર્શાવે છે કે સોશિયલ મીડિયા અને મોબાઇલ એપ્લિકેશન્સ ડોપામાઇનનું સ્તર વધારે છે, જે વ્યસનનું કારણ બની શકે છે. આ ટેવથી વ્યક્તિનું ધ્યાન વિચલિત થાય છે અને તે વાસ્તવિક જીવનની જવાબદારીઓથી દૂર રહે છે.

ટોયલેટમાં મોબાઇલ લઈ જવાની આદતને રોકવા માટે અનેક અસરકારક ઉપાયો અપનાવી શકાય છે. સૌપ્રથમ, લોકોએ આ આદતની હાનિકારક અસરો, જેમ કે બેક્ટેરિયલ ચેપ અને શારીરિક સમસ્યાઓ, વિશે જાગૃત થવું જોઈએ અને ટોયલેટનો ઉપયોગ ઝડપથી પૂર્ણ કરવા મોબાઇલને બહાર રાખવાની આદત વિકસાવવી જોઈએ. જો મોબાઇલ ટોયલેટમાં લઈ જવામાં આવે, તો તેની નિયમિત સફાઈ આલ્કોહોલ-આધારિત વાઈપ્સથી કરવી જરૂરી છે, જેથી બેક્ટેરિયાનો ફેલાવો ટાળી શકાય. આ ઉપરાંત, ટોયલેટમાં સમય પસાર કરવા માટે મોબાઇલને બદલે પુસ્તકો કે મેગેઝિન જેવા ઓફલાઇન વિકલ્પોનો ઉપયોગ કરવો એક સારો વિકલ્પ હોઈ શકે છે. ફોનના ઉપયોગને નિયંત્રિત કરવા માટે સમય અને સ્થળની મર્યાદા નક્કી કરવી પણ મહત્વપૂર્ણ છે, જેથી ટોયલેટ જેવા અયોગ્ય સ્થળોએ તેનો ઉપયોગ ટાળી શકાય. છેલ્લે, સ્વચ્છતાને પ્રાથમિકતા આપીને, ટોયલેટમાંથી બહાર નીકળ્યા પછી હાથને સાબુથી સારી રીતે ધોઈને અને ફોનને સ્પર્શતા પહેલાં હાથ સૂકવીને ચેપનું જોખમ ઘટાડી શકાય છે. આ ઉપાયો અપનાવવાથી ટોયલેટમાં મોબાઇલ લઈ જવાની આદતને નિયંત્રિત કરીને આરોગ્યની સુરક્ષા કરી શકાય છે.

નિષ્કર્ષ- ટોયલેટમાં મોબાઇલ લઈ જવું એ એક સામાન્ય પણ હાનિકારક ટેવ છે, જે સ્વચ્છતા, શારીરિક આરોગ્ય, માનસિક સ્થિતિ અને ઉત્પાદકતા પર નકારાત્મક અસર કરે છે. સંશોધન અને નિષ્ણાતોના મંતવ્યો દર્શાવે છે કે આ ટેવથી બેક્ટેરિયલ ચેપ, હેમોરોઇડ્સ, આંખોનો તણાવ અને મોબાઇલ વ્યસન જેવી સમસ્યાઓ થઈ શકે છે. આ ટેવને ટાળવા માટે સભાન પ્રયાસો અને વૈકલ્પિક આદતો અપનાવવાથી આરોગ્ય અને જીવનશૈલીમાં સુધારો થઈ શકે છે. ટોયલેટમાં મોબાઇલ લઈ જવાનું ટાળીને આપણે સ્વચ્છ, સ્વસ્થ અને ઉત્પાદક જીવન જીવી શકીએ છીએ.

**હીરા જેવું અન્નઃ** સમ્રાટ વિક્રમાદિત્ય સેનાપતિ અને મંત્રીની સાથે રથ પર સવાર થઈને ક્યાંક જઈ રહ્યા હતા. તેમણે જોયું કે સડક પર ધાનના દાણા વેરાયેલા પડ્યા છે. તેમણે મંત્રીને કહ્યું, 'રથ રોકો, જમીન પર હીરા વેરાયેલા છે.'

મંત્રીએ જમીન તરફ જોયું અને બોલ્યા, 'મહારાજ, તમને ભ્રમ થયો લાગે છે. જમીન પર હીરા નહીં, ધાનના દાણા પડ્યા છે.'વિક્રમાદિત્ય તરત રથમાંથી નીચે ઉતર્યા અને ધાનના દાણા ભેગા કરીને માથે ચડાવ્યા અને પોતાના અંગરખાના ખિસ્સામાં મૂકી દીધા. તેમણે કહ્યું, 'મંત્રી મહોદય, તમે ઓળખવામાં ભૂલ કરી છે. અસલી હીરા તો અન્ન જ હોય છે. અન્નથી પ્રજાનું પેટ ભરાય છે.

# નક્સલવાદ પર નિર્ણાયક પ્રહાર

છત્તીસગઢમાં અબૂઝમાડના જંગલોમાં દોઢ કરોડના ઈનામી બસવ રાજુ સહિત બે ડઝનથી વધારે માઓવાદીઓને ઠાર કરવા સુરક્ષા દળો માટે એક નિર્ણાયક પ્રતીત થનારી મોટી સફળતા છે. બસવ રાજુ જેટલો કુખ્યાત હતો, એટલો જ દુષ્ટ પણ હતો. તે ગુરિલા શૈલીના હુમલા માટે ઓળખાતો હતો. તેણે તેના માટે વિશેષ પ્રશિક્ષણ લીધું હતું. તેને કારણે સુરક્ષા દળોના તમામ જવાનોએ આંતરિક સુરક્ષાના સૌથી મોટા ખતરાનો સામનો કરતાં પોતાના પ્રાણોની આહુતિ આપી. ગત દિવસે પણ અથડામણમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડનો એક જવાન બલિદાન થયો.

પાછલા કેટલાક સમયમાં કેટલાય કુખ્યાત માઓવાદી આતંકીઓ માર્યા ગયા છે. જો વધ્યા-ઘટ્યા માઓવાદી હથિયારો હેઠાં ન મૂકે તો તેમના પ્રત્યે કોઇ પ્રકારની નરમી ન દેખાડવી જોઇએ. તેમની કરોડરજ્જુ તોડવા પ્રત્યે સંકલ્પબદ્ધ રહેવું જોઇએ. આ સંકલ્પબદ્ધતા કેન્દ્ર અને છત્તીસગઢ સરકારની જેમ અન્ય રાજ્ય સરકારોએ પણ દેખાડવી પડશે. એવું એટલા માટે જરૂરી છે, કારણ કે ભૂતકાળમાં કેટલાક રાજ્યોએ માઓવાદીઓનો કડકાઈથી સામનો કરવામાં ઠાગાઠૈયા કર્યા. આવી સુસ્તી તેમ છતાં પણ રાખવામાં આવી જ્યારે તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહે કહ્યું હતું કે માઓવાદી આતંક આંતરિક સુરક્ષા માટે સૌથી મોટો ખતરો બની ગયો છે.

એની અવગણના ન કરી શકાય કે એક સમયે માઓવાદીઓના સફાયા અભિયાન પર કઈ રીતે કેટલાક નેતાઓએ અસહમતિ વ્યક્ત કરી હતી. કેટલાક તો ચૂંટણી લાભ માટે તેમને રાજકીય સંરક્ષણ પણ આપતા દેખાયા. તેનું પરિણામ એ થયું કે તેમના ખાત્માનું અભિયાન ગતિ ન પકડી શક્યું અને તેઓ એક રાજ્યથી બીજા રાજ્યમાં છૂપાઈને ખુદને સંગઠિત કરતા રહ્યા.

એ પ્રશંસનીય છે કે વર્તમાન કેન્દ્રીય ગૃહમંત્રી આગામી વર્ષે માર્ચ સુધી માઓવાદના ખાત્મા માટે પ્રતિબદ્ધ છે. આ જ કારણે ઓપરેશન સિંદૂર સમયે પણ માઓવાદીઓ પર પ્રહાર ચાલુ રહ્યા. છેલ્લા એક વર્ષમાં નક્સલી કહેવાતા માઓવાદી મોટી સંખ્યામાં ઠાર મરાયા છે. સુરક્ષા દળોના દબાણને કારણે કેટલાય માઓવાદીઓએ આત્મસમર્પણ પણ કર્યું છે. આ દબાણ યથાવત રહેવું જોઇએ. તેઓ ફરીથી માથું ન ઊંચકી શકે તે જોવું જોઇએ. માઓવાદીઓ જે વિષાક્ત વિચારધારાથી સજ્જ છે, તે બંદૂકના જોરે સત્તા છીનવવામાં વિશ્વાસ ધરાવે છે. એ જ કારણે માઓવાદી ના તો લોકતંત્રમાં માને છે કે ના બંધારણમાં. તેઓ એવો ભ્રમ ધરાવે છે કે એક દિવસે શાસન, પ્રશાસન, ન્યાય વ્યવસ્થા વગેરેને પંગુ કરીને ભારત પર સ્થાપિત થઈ જશે. એ આશ્ચર્યની વાત છે કે ત્યાર બાદ પણ કેટલાક કહેવાતા પ્રગતિશીલો અને છદ્મ માનવતાવાદીઓ માઓવાદીઓ-નક્સલીઓ પ્રત્યે હમદર્દી ધરાવે છે અને તેમને વૈચારિક સમર્થન પણ આપે છે. આવા લોકોને 'અર્બન નક્સલ' કહેવામાં આવે છે. આવા અર્બન નક્સલોથી સતર્ક રહેવાની સાથે જ એ પણ સમજવું જોઇએ કે માઓવાદી જે ગરીબો, વંચિતોના હિતનું ઓઠું લે છે, તેઓ તેમના જ શત્રુ છે.

**વિપક્ષનું રાજકારણઃ** રાજકારણ કેટલું અધમ અને દેશઘાતી હોઈ શકે છે, તેનું તાજું ઉદાહરણ છે કોંગ્રેસ દ્વારા ઓપરેશન સિંદૂર પર વિદેશ મંત્રી જયશંકરના એક કથનને તોડી-મરોડીને રજૂ કરવું અને એવા ધડમાથા વગરના પ્રશ્નો ઊભા કરવા, જે પાકિસ્તાનને ગમી જાય. ઓપરેશન સિંદૂરને લઈને પાકિસ્તાનને ચેતવવા સંબંધી વિદેશ મંત્રીના નિવેદનને પહેલાં તો રાહુલ ગાંધીએ એ રૂપે પરિભાષિત કર્યું કે તેમણે તો પાકિસ્તાનને પહેલેથી જ સૂચના આપી દીધી કે અમે તેમના આતંકી ઠેકાણાં પર હુમલો કરવા જઈ રહ્યા છીએ. જોકે વિદેશ મંત્રાલય દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું કે જયશંકરે એવું કશું નથી કહ્યું, જેવું કોંગ્રેસી નેતા સમજી રહ્યા છે, પરંતુ રાહુલ ગાંધી પર કશી અસર ન પડી. તેમણે આ સવાલ પકડી રાખ્યો અને એ નિષ્કર્ષ પર પહોંચી ગયા કે જયશંકરને કારણે પાકિસ્તાન પહેલેથી જ ચેતી ગયું અને તેના પરિણામે આપણા યુદ્ધ વિમાન નિશાનો બની ગયાં. શું કોઈ સાનભાન ધરાવતો વ્યક્તિ આવો વિચિત્ર નિષ્કર્ષ કાઢી શકે? પણ રાહુલ ગાંધી ગમે તે કરી શકે! તેઓ પોતાની આ વાહિયાત વાત પર હજુ મક્કમ છે, તેથી કોંગ્રેસના અન્ય નેતાઓ પણ તેમના રસ્તે ચાલી નીકળ્યા અને પાર્ટી પ્રવક્તા પવન ખેડાએ તો ત્યાં સુધી કહી દીધું કે વિદેશ મંત્રીએ જે કંઇ કહ્યું, તેને ચેતવણી આપવી નહીં, પરંતુ બાતમી આપવી કહેવાય!

પવન ખેડાનું માનીએ તો વિદેશ મંત્રીએ પાકિસ્તાની આતંકીઓને બચાવવાનું પાપ કર્યું છે. એ સ્વાભાવિક હતું કે પાકિસ્તાને રાહુલ ગાંધીના નિવેદનને હાથોહાથ લઈ લીધું અને ત્યાંના મીડિયાએ તેને પોતાના પક્ષમાં વાપરવાનું શરૂ પણ કરી દીધું. તેની પણ કોંગ્રેસ પ્રવક્તા ખેડાએ પોતાના હિસાબે વ્યાખ્યા કરી અને રાહુલ ગાંધીને જ સાચા ઠેરવવાની બાલિશ કોશિશ કરી. એની પણ અવગણના ન કરવી જોઇએ કે કોંગ્રેસ એનાથી ચિડાયેલી છે કે સરકારે પાકિસ્તાનને બેનકાબ કરવા અને આતંકવાદ વિરુદ્ધ ભારતના દૃષ્ટિકોણને વ્યક્ત કરવા માટે બહુપક્ષીય પ્રતિનિધિમંડળો માટે તેના નેતા શશિ થરૂરની પસંદગી કેમ કરી લીધી?

# ચીનને પાકિસ્તાનથી દૂર કરવું જરૂરી

ઓપરેશન સિંદૂરમાં મળેલી સફળતાને આપણે એ ઉપમહાદ્વીપના શક્તિ-સંતુલનમાં થઈ રહેલા બદલાવના સંદર્ભે જોવું જોઇએ. એ હવે અનિવાર્ય થઈ ગયું છે કે આપણા નીતિ-નિર્માતા મોટી તસવીર પર ધ્યાન આપે અને એને જ અનુરૂપ યોગ્ય રસ્તો અપનાવે. જ્યારે આંતરરાષ્ટ્રીય અને ક્ષેત્રીય સમીકરણ તેજીથી બદલાઈ રહ્યા હોય ત્યારે ભારતીય રણનીતિને એક નવી દિશા આપવા માટે કેટલીક વાતોનું ચોક્કસ ધ્યાન રાખવું જોઈએ. અસલમાં ચીન અને પાકિસ્તાનની દોસ્તી એક એવી હકીકત બની ચૂકી છે, જેને નજરઅંદાજ ન કરી શકાય અને જેનો મુકાબલો કરવો બહુ આસાન પણ નથી. મોટાભાગના વિશ્લેષકો માને છે કે સીમિત સંઘર્ષોમાં પાકિસ્તાન પર ભારતે ભલે સરસાઇ મેળવી હોય, પરંતુ હવે એનો કોઈ મતલબ નથી, ખાસ કરીને ત્યારે, જ્યારે એવા સંઘર્ષ પર પરમાણુ તણાવની છાયા હોય. સાચું એ જ છે કે પાકિસ્તાન આપણી બરાબરીનું સૈન્ય પ્રતિદ્વંદ્વી છે. ચીનના સૈન્ય ઔદ્યોગિક માળખાને ત્યાં આવવાથી સ્થિતિ વધુ જટિલ થઈ ગઈ છે. ચીન કોઈપણ સંઘર્ષને તેના પક્ષમાં ઝૂકી શકે છે.

ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)એ ગત એક દાયકામાં પોતાની સેનાઓને ઘણું આધુનિક બનાવ્યું છે. જોકે તેનો મૂળ મકસદ તાઈવાન જલડમરુમધ્યમાં અમેરિકી પહોંચને રોકવું અને તેને હરાવવાનું છે. પીએલએએ આધુનિક સેન્સર, ઈલેક્ટ્રોનિક ગુપ્તચર ઉપગ્રહ, ઈલેક્ટ્રોનિક હથિયાર, હવાથી હવામાં લાંબા અંતર સુધી પ્રહાર કરનારી મિસાઈલો અને ઉન્નત યુદ્ધ વિમાન જેવી ક્ષમતાઓના વિકાસ પર ભાર મૂક્યો છે. જેમાંથી કેટલાક તો નિશ્ચય જ પાકિસ્તાનની સેના પાસે પહોંચી ગઈ છે. દેખીતું છે કે પાકિસ્તાનની પારંપરિક તાકાતને ચીન મજબૂત બનાવી શકે છે, જેથી તે પોતાની રીતે વિકસિત પણ થતું રહે અને ભવિષ્યમાં કેટલાક મામલે ભારતથી આગળ પણ નીકળી જાય. ભારત માટે જે વાત ફાયદાની છે તે એ કે અમેરિકા અને નાટોની સંગતથી વિપરીત (જેના પોતાના ભૂરાજકીય જોખમ છે) રશિયાના ઉન્નત સૈન્ય ઔદ્યોગિક ક્ષેત્ર સાથે તેની 'વિના શરત' ભાગીદારી છે. ભારત પોતાની વધતી સ્વદેશી ક્ષમતાઓને રશિયાના ચુનંદા ઉચ્ચ-ટેક્નોલોજી તંત્ર સાથે જોડી શકે છે, જેથી આપણે આગળ રહી શકીએ.

કહેવાય છે કે ભારત માટે હથિયારોની હોડ (ચીન સાથે)માં સામેલ થવું કે પારંપરિક તાકાતને મજબૂત કરવી વ્યર્થ છે. મોટા સંઘર્ષોમાં પરમાણુ અને પારંપરિક પ્રતિરોધ વધવાની જ આશંકા છે. તેથી એ સમજવું પડશે કે મુખ્ય પડકાર હવે બિનપરંપરાગત યુદ્ધનો છે. યુદ્ધનાં સાધન સમય સાથે બદલાઈ શકે છે - પારંપરિક થી લઈને જળસુરક્ષા જેવા બિનપારંપરિક ક્ષેત્રો સુધી. એવા બિનપરંપરાગત યુદ્ધોનાં પ્રતિકૂળ પરિણામોથી પાકિસ્તાનને બચાવવાની ચીનની ક્ષમતાને પણ આપણે જાણીએ જ છીએ. એવામાં કેટલાય મોટા સવાલ ઉઠે છે, જેને ભારતના નીતિ-નિર્માતા નજરઅંદાજ ન કરી શકે. હાલનાં વર્ષોમાં ચીન અને પાકિસ્તાનમાં આખરે આટલી નજદિકી કેવી રીતે આવી? અને સું ભારતે આ ઉપમહાદ્વીપમાં બેજિંગનાં સમીકરણોનો તોડ કાઢવા માટે કોઈ બદલાવ કરવો જોઇએ?

તેમાં કોઈ શંકા નહીં કે છેલ્લા એક દાયકામાં ભારતે અમેરિકાની સાથે ચીન-કેન્દ્રિત ગઠબંધન બનાવ્યાં, જેણે બેજિંગને રાવલપિંડી સાથે પારંપરિક ભાગીદારીથી ઈતર સંબંધોને મજબૂત બનાવવાનું એક મોટું કારણ આપ્યું. પરંતુ અમેરિકાને ઉપ-મહાદ્વીપમાં ચીન વિરુદ્ધ ભૂરાજકીય મોરચો ખોલવાની કોઈ ઈચ્છા ન હતી, તેથી તેણે ભારતની ક્ષેત્રીય સ્થિતિને મજબૂત કરવા માટે કંઈ ખાસ ન કર્યું. અમેરિકા મુખ્ય રૂપે પશ્ચિમી પ્રશાંત ક્ષેત્રમાં પોતાના સુરક્ષા હિતો માટે ભારતની ભૂમિકાને લઈને ઈચ્છુક રહ્યું છે.

એ અસાધારણ વાત હતી કે અમેરિકા સાથે ભારતના સાહિસક શક્તિ-સંતુલનનો ચીને એવો કોઈ જવાબ ન આપ્યો, જેનાથી ઉપ-મહાદ્વીપમાં કોઈ પડકાર પેદા થાય. તેણે વાસ્તવમાં વોશિંગ્ટન અને બેજિંગ વચ્ચે ક્ષેત્રીય વ્યવસ્થામાં પાકિસ્તાનની નૈસર્ગિક ભૂમિકા અને ઘરેલુ મોરચા પર પાકિસ્તાની સેનાની પ્રધાનતાને જાળવી રાખવા માટે ચૂપ રહેવાનું સ્વીકાર કર્યું. હાલના સંકટમાં આપણે બધાથી વધારે આ કડવી ભૂરાજકીય સચ્ચાઈથી રૂબરૂ થયા છીએ.

સવાલ છે, શું ભારતીય સત્તા ક્ષેત્રીય શતરંજની ઢીલી પડતી બિછાતને અટકાવી શકે છે, જે કેટલીક હદ સુધી ખુદના ખોટા ભૂરાજકીય અનુમાનોનું પરિણામ છે? બેજિંગના મૂળ ભૂરાજકીય ખતરા તેના પૂર્વી સમુદ્ર તટ સાથે જોડાયેલા છે, જે સમય સાથે વધતા જ રહેશે. અહીં આપણી પાસે ચીનને પાકિસ્તાનથી દૂર કરવા અને બેજિંગની ક્ષેત્રીય નીતિને એક એવા સંતુલન તરફ પાછા લાવવાનો મોકો છે, જે નવી દિલ્હીને સ્વીકાર્ય હોઇ શકે છે.

# દેશને 'ધર્મશાળા' સમજનારને સુપ્રીમની સલાહ

હાલમાં જ સુપ્રીમ કોર્ટે ગેરકાયદે શરણાર્થીઓને લઈને ભારે ટિપ્પણ કરી. સુપ્રીમ કોર્ટે એક કેસની સુનાવણી દરમ્યાન કહ્યું કે ભારત કોઈ ધર્મશાળા નથી. દુનિયાભરથી આવેલા શરણાર્થીઓને ભારતમાં શું કામ શરણ આપવું? અમે ૧૪૦ કરોડ લોકો ખુદ સંઘર્ષ કરી રહ્યા છીએ. અમે દરેક જગ્યાએથી આવેલા શરણાર્થીઓને આશરો ન આપી શકીએ. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ દીપાંકર દત્તાએ શ્રીલંકાથી આવેલા તમિલ શરણાર્થીને અટકાયતમાં લઈ જવા મામલે દખલ કરવાનો ઈનકાર કરતાં આ વાત કહી.

સુપ્રીમના ન્યાયાધીશ દીપાંકર દત્તા અને કે.વિનોદ ચંદ્રનની પીઠે સુભાસ્કરન ઉર્ફે જીવન ઉર્ફે રાજા ઉર્ફે પ્રભાની અરજી ફગાવી દેતાં કહ્યું કે શું ભારતે દુનિયાભરના શરણાર્થીઓને શરણ આપવું જોઇએ? અમે પેહલેથી જ ૧૪૦ કરોડની આબાદી સામે ઝઝૂમી રહ્યા છીએ. આ કોઈ ધર્મશાળા નથી, જ્યાં આપણે વિદેશી નાગરિકોને શરણ આપીએ. એના પહેલાં સુભાસ્કરનને પાછો મોકલવા પર રોક લગાવવા અને મદ્રાસ હાઈકોર્ટનો આદેશ રદ્દ કરવાની માંગ કરતાં તેના વકીલ વૈરાવન એએસએ કહ્યું હતું કે જો તેને પાછો શ્રીલંકા મોકલાયો તો તેના જીવને ખતરો છે. પત્ની અને બાળકો ભારતમાં જ રહે છે. તેને પણ ભારતમાં જ શરણાર્થી શિબિરમાં પરિવાર સાથે રહેવાની પરવાનગી આપવામાં આવે. કોર્ટે માંગ ઠુકરાવતાં કહ્યું કે આ મામલે બંધારણના અનુચ્છેદ ૨૧ (જીવન અને સ્વતંત્રતાનો અધિકાર)નું ઉલ્લંઘન નથી થયું, કારણ કે તેની અટકાયત કાયદેસર હતી. ભારતમાં વસવાનો મૌલિક અધિકાર ભારતીય નાગરિકોને પ્રાપ્ત છે. સુભાસ્કરને પાછું જવું પડશે. કોર્ટે કહ્યું કે તમે જો શરણાર્થી હો તો તમારે પાછું જવું પડશે. જ્યારે તેના વકીલે શ્રીલંકામાં તેને જીવનો ખતરો હોવાનું જણાવ્યું તો કોર્ટે કહ્યું કે તે કોઈ અનય્ દેશમાં શરણાર્થીનો દરજ્જો પ્રાપ્ત કરે, અહીં નહીં. સુભાસ્કરનને યુએપીએ અંતર્ગત દોષી ઠેરવવામાં આવ્યો હતો અને નીચલી અદાલતે ૧૦ વર્ષની સજા ફટકારી હતી. મદ્રાસ હાઈકોર્ટે સજા ઘટાડીને સાત વર્ષ કરી દીધી, પરંતુ આદેશ આપ્યો કે સજા પૂરી થતાં તેણે તરત ભારત છોડવું પડશે.

દેશની ઉચ્ચતમ અદાલતના આદેશથી સ્પષ્ટ છેકે ભારત કોઈ ધર્મશાળા નથી કે કોઇપણ અલેલટપ્પુ આવીને રોકાઇ જાય, પરંતુ તસવીરનું બીજું પાસું એ પણ છે કે પશ્ચિમ બંગાળ સહિત દેશના કેટલાય રાજ્યોમાં ગેરકાયદે રૂપે બાંગ્લાદેશના નાગરિક લાખો નહીં, કરોડોની સંખ્યામાં વસેલા છે અને તેમને અહીં વસાવવાનું કામ માત્ર રાજકીય નફાનુક્સાનને ધ્યાનમાં રાખીને દાયકાઓથી થતું આવ્યું છે. ગેરકાયદે ઘૂસી ગયેલા લોકોના રાશનકાર્ડથી લઈને આધારકાર્ડ પણ બની જાય છે અને આ લોકો અહીં મતદાન કરવામાં પણ સફળ થઈ જાય છે. સરકાર અને સુપ્રીમ કોર્ટનું વલણ દેશની સુરક્ષાના પક્ષમાં છે.

બીજી તરફ કેટલાક માનવાધિકાર સંગઠન અને કેટલાક વિપક્ષી દળોના નેતાઓ છે, જેમને દેશની સુરક્ષા કરતાં વધારે રોહિંગ્યા અને એવા જ અન્ય નિર્દોષ શરણાર્થીઓ દેખાય છે. આશ્ચર્ય થાય છે કે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું છતાં પણ માનવાધિકારનો હવાલો આપનારા વારંવાર તેની પાસે પહોંચી રહ્યા છે.

ન્યાયાલય પોતાની વાત દોહરાવી રહી છે કે શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્ર ઉચ્ચાયુક્ત દ્વારા જારી ઓળખપત્ર તેમના માટે કોઈ મદદગાર ન બની શકે. વાસ્તવમાં તેઓ વિદેસી અધિનિયમ અનુસાર વિદેશી છે, તો તેમને નિર્વાસિત કરી દેવા જોઇએ. તેમને તાત્કાલિક નિર્વાસિત કરવામાં આવે.

બીજી તરફ આ ઘૂસણખોરોને ભારતની બહાર કરવાના સુપ્રીમ નિર્ણયે કેન્દ્રીય ગૃહમંત્રાલયે તમામ રાજ્યો માટે નિર્દેશે એક નવી દિશા આપી દીધી છે. કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યોને કહેવાયું છે કે ગેરકાયદે આપ્રવાસીઓનું વેરિફિકેશન કરવા માટે એક મહિનાની ડેડલાઇન છે. ગૃહ મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોથી ગેરકાયદે ઘૂસણકોરોની ભાળ મેળવવા, તેમની ઓળખ કરવા અને તેમને નિર્વાસિત કરવા માટે પોતાની કાયદાકીય શક્તિઓનો ઉપયોગ કરવાનું કહ્યું છે. તેના માટે જરૂરિયાત અનુસાર એવા વ્યક્તિઓને રાખવા માટે પર્યાપ્ત જિલ્લા સ્તરીય ડિટેન્શન સેન્ટર સ્થાપિત કરવા માટે પણ કહેવાયું છે. ગૃહ મંત્રાલયે બાંગ્લાદેશ અને મ્યાંમારથી ગેરકાયદે ઘૂસણખોરો હોવાની શંકા ધરાવતા એ લોકોને પ્રમાણપત્રોને સત્યાપિત કરવા માટે ૩૦ દિવસની સમયસીમા નક્કી કરી છે જે ભારતીય નાગરિક હોવાનો દાવો કરે છે. સ્વાભાવિક રીતે હવે એવામાં એ જ માનવામાં આવે છે કે ૩૦ દિવસની અવધિ બાદ જો કોઈના દસ્તાવેજોનું સત્યાપન નહીં થાય તો તેમને નિર્વાસિત કરવામાં આવશે.

એક રિપોર્ટ અનુસાર છત્તીસગઢની રાજધાની રાયપુરમાં બાંગ્લાદેશીઓને ગેરકાયદે રૂપે વસાવવામાં કોંગ્રેસ નેતાનો હાથ સામે આવી રહ્યો છે. એટીએસને તપાસમાં ખબર પડે છે કે કોંગ્રેસની ભૂપેશ બઘેલ સરકાર દરમ્યાન પાર્ષદ રહેલા અમિત દાસે ગેરકાયદે ઘૂસણખોરોને સહાય કરી. દાસે પદનો ખોટો ઉપયોગ કર્યો. ગેરકાયદે ઘૂસણખોરોને સ્થાનિક નિવાસી હોવાના પ્રમાણપત્ર પોતાના લેટરહેડ પર આપ્યા. તેના આધાર પર રાશન કાર્ડ, આધાર કાર્ડ બનાવવામાં આવ્યા. એટીએસના અધિકારીઓએ જણાવ્યું કે બાંગ્લાદેશીઓ વિરુદ્ધ ન્યાયાલયમાં ફરિયાદ દાખલ થઈ ચૂકી છે. જ્યારે દિલ્હીમાં કાલિંદી કુંજ સ્થિત મસ્જિદમાં રહેતા આઠ રોહિંગ્યા ઝડપાયા છે. ભારતની વધતી જનસંખ્યા ખુદમાં દેશ સામે એક મોટો પડકાર છે.

તેની સાથે જ જો ગેરકાયદે રહેતા પાકિસ્તાની, બાંગ્લાદેશી નાગરિકોને ભારતમાં વસવાની ખુલ્લી છૂટ આપવામાં આવે તો મામલો ગંભીર થઈ જાય. ગેરકાયદે રહેનારા લોકોને જીવનની બુનિયાદી સુવિધાઓ તો આપવી જ પડે. ૧૪૦ કરોડ લોકોને બુનિયાદી સુવિધાઓ આપવી પણ એક પડકાર છે, દેશના ગરીબ લોકો માટે સરકારે એક નહીં અનેક યોજનાઓ ચલાવી છે.

દેશની સુપ્રીમ કોર્ટે પણ પોતાના આદેશમાં દેશનાં સંસાધનોની રક્ષા અને સરકારની દાનતને વ્યક્ત કરી છે. સમાજ અને સરકાર બંનેએ ગેરકાયદે રૂપે રહેતા શ્રીલંકા, પાકિસ્તાન કે બાંગ્લાદેશ સહિત અન્ય દેશોતી આવેલા લોકો જે ગેરકાયદે રહે છે તેમને ઓળખીને તેમના દેશમાં મોકલવાનું કામ શરૂ કરવું જોઇએ. જો એવું ન થયું તો આવા ઘૂસણખોરો ભારતના વિકાસમાં અડચણ બની રહેશે. દેશભરમાં જે પ્રકારે મોટા પાયે રાજકીય પક્ષો અને તેમની સરકારોએ ધર્મ વિશેષના તુષ્ટીકરણની રાજનીતિને કારણે અને વોટની લાલચમાં ઘૂસણખોરોને આશરો આપવા અને ભારતમાં આશ્રય આપવાનું કામ લાંબા સમય સુધી કર્યું એ કારણે કેટલાય પ્રદેશોની ડેમોગ્રાફી ખતરામાં આવી ગઈ છે. હવે આ ચાલવાનું નથી અને દરેક ઘૂસણખોરને દેશની સીમાઓની બહાર હાંકી કાઢવાનો સમય આવી ગયો છે.

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
E-mail : drashtikonjanvani09@gmail.com




# સાઉથ ફિલ્મ ડિરેક્ટરનું હિન્દી સિનેમામાં વધી રહેલું પ્રભુત્વ

ગદર ૨નું નામ ફિલ્મોગ્રાફીમાંથી હટાવી લો તો છેલ્લાં વીસ વરસથી સની દેઓલ સરખી હિટ માટે કાયદેસરનાં તરફડિયાં જ મારી રહ્યા હતા. ફિલ્મ ભલે હિટ કે ફ્લોપ થાય, પણ સની દેઓલે ફિલ્મોમાં કામ કરવાનું ચાલુ જ રાખ્યું અને સનીને લઈને ફિલ્મો બનાવનારા નિર્માતાઓ પણ ટકી રહ્યા. સનીએ નિર્માતા, દિગ્દર્શક તરીકે પ્રયોગો પણ કર્યા, પણ તેને સંજીવની ગદર ૨ ફિલ્મથી મળી અને વળી એ પણ ૫૦૦ કરોડની રોકડી! સનીની હવે પછીની ફિલ્મો પણ તાકાતવાળી છે. ઘાતક, ઘાયલ અને દામિની ફેમ દિગ્દર્શક રાજકુમાર સંતોષી સાથે તેનો કોમ્બો બ્લોકબસ્ટર રહ્યો છે. જે. પી. દત્તાની બોર્ડર ૨ અને નીતેશ તિવારી સાથે રામાયણ જેવી ફિલ્મો આવવાની છે. સનીની હાલમાં જ રિલીઝ થયેલી જાટના નામે ભલે રેકોર્ડ બ્રેકિંગ બિઝનેસ ન થયો, પણ ૫૦ કરોડનો આંકડો સની દેઓલના નામે ક્લેકટ થઈ ગયો એ જ સની માટે રાહતની વાત છે. આ ફિલ્મનું દિગ્દર્શન ગોપીચંદ મલિનેનીએ કર્યું છે. ગોપીચંદ મૂળ તેલગુ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા ફિલ્મકાર છે. હિન્દી સિનેમાની હિન્દી ફિલ્મોમાં સાઉથના ડિરેક્ટરોનો સફળતાપૂર્વક પગપેસારો થઈ રહ્યો છે. હિન્દી ફિલ્મો સાથે જોડાયેલા દિગ્દર્શકો પરિવર્તનના પ્રવાહને સમજી નહીં શકે તો આગામી સમયમાં સાઉથ ડિરેક્ટોરનું પલડું ભારે રહેશે. ઓલરેડી બોક્સ ઓફિસ, ટેલિવિઝન અને ઓટીટી પર પગ જમાવી જ દીધા છે. ભૂતકાળની વાત છોડો સાંપ્રત સમયમાં જોઈએ તો બિગ બજેટની ફિલ્મોની કમાન સાઉથ ડિરેક્ટરોના હાથમાં જવા લાગી છે. તેનું કારણ તેમની મહેનત અને સફળતા છે. શાહિદ કપૂરની દેવા ફિલ્મનું ડિરેક્શન મલાયલમ રોશન એન્ડ્રસે કર્યું હતું. ૨૦૧૨માં રોશનની જ ફિલ્મ મુંબઈ પોલીસની આ રિમેક હતી. જોકે, રોશનને હજુ હિન્દી ફિલ્મોમાં સક્સેસનો સ્ટેમ્પ મળ્યો નથી.

# અનન્યા અને સાશાઃ મૈં તેરી દુશ્મન...



વહીદા રહેમાન, આશા પારેખ અને હેલન વચ્ચેની ફ્રેન્ડશીપ દાખલારૂપ છે. એમના ગ્રુપમાં સદ્ગત સાધના અને નંદા પણ એક જમાનામાં સામેલ હતી. એમને જોઈને લાગે કે કોઈ પણ ફિલ્ડમાં એકબીજાની હરીફ કે પ્રતિસ્પર્ધી વ્યક્તિઓ વચ્ચે પણ ગાઢ મૈત્રી રહી શકે છે. કમસે કમ નિવૃત્ત થઈ ગયા પછી તો ખરી જ. આજની વાત જુદી છે. આજે ઊગીને ઊભી થતી હિરોઈનો વચ્ચે કોલ્ડવોર ફાટી નીકળે છે. હમણાં મુંબઈમાં યોજાયેલી એક મોટી ઈવેન્ટમાં ચંકી પાંડેની પુત્રી અનન્યા પાંડે અને રવીના ટંડનની દીકરી રાશા થડાની વચ્ચેની ઝરેલા તણખા સૌએ જોયા. હુઆ યું કિ એક ઈવેન્ટમાં બોલિવુડના લગભગ તમામ સ્ટાર્સ સજીધજીને હાજરી આપવા પહોંચી ગયા હતા. એમાં અનન્યા પાંડે અને રાશા થડાની પણ હતી. અનન્યા સહેજ મોડી આવી અને પોતાની સીટ પર બેસી ગઈ. એની સાવ બાજુમાં જ રાશા બેઠી હતી, છતાં અનન્યાએ રાશા સામે નજર સુધ્ધાં ન કરી. એ તો ઠીક, એ બીજી તરફ મોઢુ ફેરવીને બીજા કોઈ સાથે હસ-હસ કરતી વાતો કરતી રહી. રાશાએ પણ અનન્યાને જોઈને કોઈ પ્રતિક્રિયા ન આપી. તે પણ આજુબાજુ જોતી રહી. આજના જમાનામાં સૌના હાથમાં કેમેરા છે. હવે કશું જ છૂપું રહી શકતી નથી. અનન્યા-રાશાની આ વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ને લોકો માંડયા કમેન્ટો કરવાઃ આ અનન્યા પોતાની જાતને સમજે છે શું? દીપિકા પદુકોણ? કોઈએ વળી રાશાનો વાંક કાઢ્યોઃ ગમે તેમ તોય અનન્યા સિનિયર છે. એ કંઈ ન બોલે તો પણ રાશાએ સામેથી એને 'હલો' કહેવું જોઈએ. રાશાની હજુ તો એક જ ફિલ્મ આવી છે ને તે પણ સુપર ફ્લોપ થઈ છે તોય આવો ઘમંડ? અનન્યા-રાશાના આવા ઠંડા વર્તાવ પાછળ જોકે એક કારણ છે. કહે છે કે 'પતિ, પત્ની ઔર વો'ની સિક્વલમાં અનન્યાને દૂર કરીને એની જગ્યાએ રાશાને રોલ આપવાનું વિચારાઈ રહ્યું છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન જમાવવા મથી રહેલી અનન્યાથી આ કેવી રીતે સહન થાય? આજકાલની આવેલી છોકરી પોતાનો રોલ પડાવી લેશે, એમ? અનન્યા-રાશાએ એક વાત શીખવા જેવી છે કે મનમાં ભલે ગમે તેવો ગુસ્સો હોય, પણ કમસે કમ જાહેરમાં એકબીજા સાથે શાલીન વર્તન કરવાની ઔપચારિકતા દેખાડવી જોઈએ. એમની અભિનયકળા આવા પ્રસંગે કામ નહીં આવે તો ક્યારે કામ આવશે?

કહે છે કે 'પતિ, પત્ની ઔર વો'ની સિક્વલમાં અનન્યાને દૂર કરીને એની જગ્યાએ રાશાને રોલ આપવાનું વિચારાઈ રહ્યું છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન જમાવવા મથી રહેલી અનન્યાથી આ કેવી રીતે સહન થાય?

# લીડ રોલ માટે કામ કરવું ખૂબ અઘરું હોય છેઃ વાણી



શુદ્ધ દેશી રોમાન્સ'થી કર્યું હતું. વાણી કપૂર સાથે ત્યારે દિવંગત સ્ટાર સુશાંતસિંહ રાજપૂતે સ્ક્રીન શેર કર્યો હતો. આ ફિલ્મમાં પરિણીતી ચોપરા પણ હતી અને આ ફિલ્મ એવરેજ હિટ સાબિત થઇ હતી.

નોંધનીય છે કે વાણી કપૂરે અત્યાર સુધી બોલિવૂડના ટોપ એક્ટર્સ સાથે સ્ક્રીન શેર કર્યો છે, જે પૈકી તેમની ત્રણથી ચાર ફિલ્મોએ બોક્સ ઓફિસ બ્રેક પણ કરી છે. નોન ફિલ્મી બેકગ્રાઉન્ડમાંથી આવવા છતાં પણ તેમને ફિલ્મો અને અન્ય પ્રોજેક્ટ્સ મળતા રહે છે. થોડા દિવસ બાદ જ તેમની આગામી ફિલ્મ 'રેડ ૨' આવી રહી છે જેમાં તેઓ અજય દેવગન અને રિતેશ દેશમુખ સાથે સ્ક્રીન શેર કરી રહ્યાં છે. આ ફિલ્મથી તેમનો ફિલ્મોગ્રાફ ઊંચે આવે એવી સંભાવનાઓ સ્પષ્ટ જણાઈ રહી છે.

**વાણી કપૂરનું એજ્યુકેશન અને એક્ટિંગ**

વાણી કપૂરે એક્ટિંગની દુનિયામાં ઝંપલાવ્યા પહેલાં ઘણી જગ્યાએ અન્ય ફિલ્ડમાં પણ ઝંપલાવ્યું હતું. તેમણે ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીમાં ટૂરિઝમમાં ગ્રેજ્યુએશન કમ્પ્લીટ કર્યું છે. વધુમાં તેમણે રાજસ્થાનની એક નામાંકિત હોટલમાં ઈન્ટર્નશિપ પણ કરી હતી. અલબત, તેમણે એક મોટી હોટલમાં કેટલાક મહિના કામ પણ કર્યું હતું અને આ કામ કરતી વખતે તેમણે એક્ટિંગની દુનિયામાં ઝંપલાવવાનું મનોમન નક્કી કર્યું હતું. એક ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે હું જે હોટલમાં કામ કરતી હતી ત્યાં કોઈ એક ફિલ્મનું શૂટિંગ ચાલતું હતું અને તે શૂટિંગને જોઇને જ મને સ્પાર્ક થયો કે મારે પણ એક્ટિંગ કરવી જ જોઈએ અને બસ, પછી મેં એક્ટિંગની એબીસીડી શીખી લીધી અને બોલિવૂડમાં આવી ગઇ. જોકે, વાણી કપૂરે સ્વીકાર્યું છે કે, બોલિવૂડમાં લીડ રોલ માટે કામ કરવું ખૂબ જ અઘરું હોય છે, પરંતુ જો તમારામાં કાબેલિયત હોય અને ડિરેક્ટર્સના વિઝનમાં તમે ફિટ બેસો છો તેમજ પરફેક્ટ એક્ટિંગ કરી જાણો છો તો તમને ટોપ થ્રી એક્ટ્રેસમાં સ્થાન મેળવતા કોઇ રોકી શકતું નથી.

**વાણી કપૂરનો ફિલ્મોગ્રાફ**

શુદ્ધ દેશી રોમાન્સ : વર્ષ ૨૦૧૩માં આવેલી આ ફિલ્મમાં દિવંગત સુશાંતસિંહ અને પરિણીતી ચોપરા સાથે તેમણે સ્ક્રીન શેર કર્યો હતો. આ ફિલ્મ ફ્લોપ સાબિત થઇ હતી. જોકે, આ ફિલ્મે ૪૬.૬૦ કરોડ રૂપિયાનું બોક્સ ઓફિસ કલેક્શન કર્યું હતું. વધુમાં આ ફિલ્મનું બજેટ ૨૨ કરોડ રૂપિયા હતું.

**બેફિકરે :** વર્ષ ૨૦૧૬માં આવેલી આ ફિલ્મમાં તેમની સાથે રણવીર સિંહે સ્ક્રીન શેર કર્યો હતો. આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું હતું ત્યારે તે વાઇરલ થયું હતું. અલબત્ત, ફિલ્મનું ટાઇટલ સોંગ ખૂબ જ વાઇરલ થયું હતું, પરંતુ જ્યારે ફિલ્મ રિલીઝ થઇ ત્યારે સુપર ફ્લોપ સાબિત થઇ હતી. ફિલ્મનું ટોટલ કલેક્શન ૬૦.૨૪ કરોડ રૂપિયા હતું.

**વોર :** વર્ષ ૨૦૧૯માં બોલિવૂડ ટોપ સ્ટાર રિતિક રોશન અને ટાઇગર શ્રોફ સાથે વાણી કપૂરની આ ફિલ્મે બોક્સ ઓફિસ કલેક્શન બ્રેક કર્યું હતું. આ ફિલ્મ વર્લ્ડ વાઇડ સુપરહિટ સાબિત થઇ હતી. આ ફિલ્મમાં તેઓ રિતિક રોશનની ગર્લફ્રેન્ડની ભૂમિકામાં જોવા મળ્યાં હતાં. ફિલ્મનું બજેટ ૧૭૦ કરોડ રૂપિયા હતું અને ફિલ્મે ૩૧૮ કરોડ રૂપિયાથી પણ વધુનું કલેક્શન કર્યું હતું.**ચંદીગઢ કરે આશિકી :** વર્ષ ૨૦૨૧માં આયુષ્માન ખુરાના સાથે વાણી કપૂરની આ ફિલ્મ સુપર ફ્લોપ સાબિત થઇ હતી. વોર ફિલ્મ સુપરહિટ સાબિત થતાં વાણી કપૂરને આ ફિલ્મથી ઘણી આશા હતી, પરંતુ ફિલ્મ હિટ સાબિત ન થઇ. આ ફિલ્મે માત્ર ૪૦ કરોડ રૂપિયાની જ કમાણી કરી હતી. આ ફિલ્મનું બજેટ ૨૮.૨૬ કરોડ રૂપિયા હતું. જોકે, આ ફિલ્મમાં વાણી કપૂરના રોલને દર્શકોએ વખાણ્યો હતો.**શમશેરા :** બોલિવૂડ ટોપ સ્ટાર રણબીર કપૂર સાથે વાણી કપૂરની આ ફિલ્મ વર્ષ ૨૦૨૧માં જ્યારે રિલીઝ થવાની હતી ત્યારે ટોક ઓફ ધ બોલિવૂડ હતી. યશરાજ બેનરની આ ફિલ્મ રેકોર્ડ બ્રેક કરશે એવું ચર્ચાતું હતું, પરંતુ ફિલ્મ પહેલા વીકમાં જ સાવ નબળી સાબિત થઇ હતી. ૧૫૦ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મે માત્ર ૪૨.૪૮ કરોડ રૂપિયાનું જ કલેક્શન કર્યું હતું. આ જ વર્ષે તેમની અક્ષય કુમાર સાથે ફિલ્મ બેલબોટમ આવી હતી, જે ખૂબ જ ખરાબ રીતે ઊંધે માથે પડી હતી.**ખેલ ખેલ મેં :** વર્ષ ૨૦૨૪માં ફરી એકવાર વાણી કપૂરે અક્ષય કુમાર સાથે સ્ક્રીન શેર કર્યો હતો. આ ફિલ્મમાં ફરદીન ખાન પણ હતા. ફિલ્મનું બજેટ ૧૦૦ કરોડ રૂપિયા હતું. તેની સામે બોક્સ ઓફિસ કલેક્શન માત્ર ને માત્ર ૪૩.૩૬ કરોડ રૂપિયા થયું હતું. ફિલ્મ માંડ એક સપ્તાહ જ ચાલી હતી.



# કાર્તિક આર્યન : હા, હું છું મોંઘો હીરો... તો?

આજકાલ બોલિવુડમાં કાર્તિક આર્યનના નામના સિક્કા પડે છે એ તો એના સાત પેઢીના દુશ્મનોએ પણ સ્વીકારવી પડે. કાર્તિક આર્યનની ફિલ્મો સુપરહિટ થઇ રહી છે. દર્શકોમાં, ખાસ કરીને યુવા પેઢીનાં ફિલ્મપ્રેમીઓનો કાર્તિક ગમતીલો એક્ટર છે.

સૌથી પહેલાં એક ખુલાસો. કાર્તિકની સાચી અટક આર્યન નહીં, તિવારી છે. કાર્તિક તિવારી.

એક તરફ મોટાં નામ ગણાતાં કલાકારોની તગડા બજેટની, મોટા બેનરની ફિલ્મોને દર્શકોનો જાકારો મળી રહ્યો છે. તો બીજી બાજુ સાધારણ દેખાતાં અભિનેતા-અભિનેત્રીઓની ફિલ્મ સફળ થઇ રહી છે. કાર્તિક આર્યનનું મુખ્ય અને મોટું જમા પાસું છે - એ કોમનમેન જેવો લાગે છે. પડદા પર દેખાય પણ એવો જ છે. જાણે કે આપણામાંનો જ એક હોય. પડોશમાં રહેતો સીધો, સરળ, મધ્યમવર્ગીય યુવાન.

કાર્તિકની 'ભૂલભુલૈયા' પાર્ટ ટુ અને થ્રી જેવી ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ટંકશાળ પાડી એટલે નિર્માતાઓ અને દિગ્દર્શકો એને પોતાની ફિલ્મોમાં સાઇન કરવા ઈચ્છે છે. બોલિવુડના ખબરીઓ કહે છે કે કાર્તિક આર્યન હવે એક ફિલ્મમાં કામ કરવા માટે ૫૦ કરોડ રૂપિયાની ફી લે છે!

ડોક્ટર મમ્મી-પપ્પાનો આ દીકરો કહે છે, 'હા, હું હવે એક ફિલ્મ માટે ૫૦ કરોડ રૂપિયાની ફી વસૂલ કરું છું. આમાં ખોટું છે શું છે? મારી ફિલ્મ સુપરહિટ થશે તો ખરેખર તો નિર્માતાના ઘરના પટારા જ ભરાવાના છેને? તો પછી હું સહેજ મોટી રકમનો આગ્રહ રાખું તો એ બરાબર જ છેને? અને હા, બોલિવુડમાં ૫૦ કરોડ કરતાં ક્યાંય વધુ મોટી રકમ લેતા કેટલાય કલાકારો છે. એટલે એક ફિલ્મ માટે ૫૦ કરોડની ફી લેનારો હું કંઇ નવી નવાઈનો નથી.' મુંબઇની ડી.વાય. પાટિલ યુનિવર્સિટીમાંથી બાયોટેકનોલોજી વિષય સાથે માંડ માંડ એન્જિનીયરિંગ ડિગ્રી મેળવનારો કાર્તિક આર્યન પૂરી નમ્રતાથી કહે છે, 'જુઓ, આ વિશાળ હિન્દી ફિલ્મ જગતમાં મારો નથી કોઇ ગોડફાધર કે નથી મારાં કોઇ પરિવારજનો.

હું મારી મહેનત અને પ્રતિભાથી આ ફિલ્મી દુનિયામાં આગળ આવ્યો છું. મારા વિશે ફિલ્મનાં મેગેઝીનોમાં, અખબારોમાં અને વેબસાઇટ્સ પર સારું, રૂપાળું, ગમતીલું લખે અથવા પ્રચાર કરે તેવી કોઇ જ વ્યક્તિ મારી સાથે કે આજુબાજુ નથી. હું જ મારો ગોડફાધર અને હું જ મારો પીઆરઓ.'આ વાત જોકે પૂરેપૂરી સાચી નથી. કાર્તિકે બીજાઓની જેમ પીઆર એજન્સીઓ હાયર કરી જ છે. બોલિવુડમાં તો એવી વાતો પણ ફેલાઈ છે કે કાર્તિક માત્ર પોતાના વિશે સારી સારી વાતો લખાવતો નથી, એ હરીફ હીરોલોગ વિશે નેગેટિવ સમાચારો પણ જાણી જોઈને ફેલાવે છે. સાચું ખોટું સિનેમાદેવ જાણે!'પ્યાર કા પંચનામા' (૨૦૧૧) ફિલ્મથી હિન્દી ફિલ્મ જગતમાં અભિનયનો એકડો ઘૂંટવાની શરૂઆત કરનારો કાર્તિક આર્યન પોતાની પર્સનલ લાઇફ વિશે સ્પષ્ટતા કરે છે.

'જુઓ ભાઇ, હું હાલની ઘડીએ તો સાવ જ સિંગલ છું. બોલિવુડની અંદર કે બોલિવુડ બહાર મારું ક્યાંય ઇલુ ઇલુ ચાલતું નથી. મને ખબર છે કે છેલ્લા થોડા સમયથી મારું નામ એક કે બીજી અભિનેત્રી કે કોઇ અજાણી યુવતી સાથે જોડાઇ રહ્યું છે. લોકો મરી-મસાલા નાખીને વાતો કરી રહ્યા છે. મારી ડેટિંગ લાઇફ વિશે અગાઉ પણ જબરી ચર્ચા ચગી હતી, જેમાં થોડુંક સાચું અને થોડું ખોટું હતું.'

# લવ સ્ટોરી : એવી ફિલ્મ જેમાં ડાયરેક્ટરે ક્રેડિટ લેવાની જ ના પાડી

ઘણી ફિલ્મો એવી હોય છે જે એની વાર્તા અને કલાકારો કરતાં પણ એના મેકિંગમાં થયેલા છબરડાઓ કે કોન્ટ્રોવર્સી માટે વધારે ફેમસ હોય છે. અત્યારના સમયમાં એને નેગેટિવ પબ્લિસિટી તરીકે ઓળખવામાં આવે છે, પણ એ વખતે આવો શબ્દ હજી ઈન્ડસ્ટ્રીમાં પ્રચલિત નહોતો. એ વખતે સોશિયલ મીડિયા નહોતું એટલે કલાકારો આ પ્રકારની પબ્લિસિટીથી થોડા દૂર રહેતા. ખૈર, આજે એવી જ એક ફિલ્મની વાત કરવાની છે જેણે એના કલાકારોને હિટ તો બનાવ્યા, પણ એ ફિલ્મની કોન્ટ્રોવર્સી એ સમયે એટલી ચર્ચામાં હતી કે દેશભરના લોકો એની વાતો કરતા હતા.

લવ સ્ટોરી અને રાહુલ રવૈલવીતેલા જમાનાના સુપરસ્ટાર રાજેન્દ્ર કુમાર પોતાના દીકરા કુમાર ગૌરવને લોન્ચ કરવા માંગતા હતા. એમણે દીકરાની પહેલી ફિલ્મનું કામકાજ રાહુલ રવૈલને સોંપવાનું નક્કી કર્યું. રાહુલ રાજ કપૂરના આસિસ્ટન્ટ રહી ચૂક્યા હતા એટલે રાજેન્દ્ર કુમાર જાણતા હતા કે એની પાસે રાજ કપૂરની મેકિંગની ટ્રિક્સ છે. જેણે આટલાં વર્ષ શો મેન સાથે કામ કર્યું હોય એ વ્યક્તિ પાસે કામની આવડત હોય એ પારખું માણસને જાણતા વાર ન લાગે, એટલે એમણે પણ દીકરાને લોન્ચ કરતી ફિલ્મનું ડાયરેક્શન રાહુલને સોંપ્યું.રાહુલ રવૈલ કહે છે કે મને જ્યારે લવ સ્ટોરી ફિલ્મ ડાયરેક્ટ કરવાની ઓફર આવી ત્યારે મારી ખુશીનો પાર નહોતો. મેં આ વાત મારા ગુરુ રાજ કપૂરને જણાવી. એમણે રાજેન્દ્ર કુમાર સાથે કામ કર્યું હતું એટલે મેં એમને ખુશ થતાં થતાં કહ્યું તો એમણે એ બાબતે મારી પીઠ થાબડવાને બદલે મને ચેતવતા હોય એમ કહ્યું કે તું પાજેન્દ્ર કુમાર (રાજ કપૂર રાજેન્દ્ર કુમારને મસ્તીમાં પાજેન્દ્ર કુમાર કહેતા) જાણતો નથી. ફિલ્મોમાં છૂટા હાથે પૈસા વેરવા એ એના સ્વભાવમાં નથી. એ એક એક પાઈનો હિસાબ માંડનાર વ્યક્તિ છે. એણે તને કુમારની ફિલ્મ ડાયરેક્ટ કરવા આપી એ સારી વાત છે, પણ તું ગફલતમાં ન રહેતો. તું ધ્યાન રાખીને કમીટમેન્ટ્સ આપજે. એ ભરોસાપાત્ર માણસ નથી. એને દરેક વખતે હું મહાન એવું બતાવવાનો આગ્રહ હોય છે. રાહુલ રવૈલે પોતાના ગુરુની વાત બહુ ગણકારી નહીં અને ફિલ્મનું ડાયરેક્શન સંભાળી લીધું. હવે આગળ જતાં રાજ કપૂરે જે ભવિષ્યવાણી કરી હતી.

# સની દેઓલનો ઢાઈ કિલોના હાથની તાકાત અકબંધ છે

## સની દેઓલની પેઢીના મોટા ભાગના સ્ટાર કામ માટે ફાંફાં મારી રહ્યા છે ત્યારે સની પાજી પાંસઠ વર્ષની ઉંમરે પણ બિઝી બિઝી છે.



લો,સની દેઓલની એક્શન ફિલ્મ 'જાટ' હજુ તો થિયેટરોમાં ચાલી રહી છે ત્યારે 'જાટ-ટુ'ની ઘોષણા પણ થઈ ગઈ. આ ફિલ્મ કંઈ સાઉથની 'બાહુબલિ' કે 'પુષ્પા' જેવી હિટ નથી, પણ આજે બોલિવુડના એવા બુરા હાલ છે કે ૧૦૦ કરોડના બજેટમાં બનેલી 'જાટ' ફિલ્મની બોક્સ ઓફિસ કમાણી ૧૦૦ કરોડને આંકડાને સ્પર્શ કરવાની તૈયારીમાં છે તો પણ તેના મેકર્સ અને સની પાજી ફૂલાઈના ફાળકો થઈ ગયા છે. ચશ્મિશ્ટ ફિલ્મ રિવ્યુઅર્સને તો આ ફિલ્મ દીઠી ગમી નથી, પણ સની દેઓલના ચાહકોએ તે વધાવી લીધી છે. જો 'કેસરી-ટુ' હરીફાઈમાં ન ઉતરી હોત તો 'જાટ'ની કમાણી ૧૦૦ કરોડના આંકડાને આ લખાઈ રહ્યું છે ત્યાં સુધીમાં સંભવતઃ વટાવી ગઈ હોત.

જાટ'માં સની ઢાઈ કિલોવાળો ફેમસડાયલોગ ફરી એક વાર બોલે છે! સની આ બાબતે એક ઈન્ટરવ્યુમાં મોકળા મને વાત કરતાં જણાવે છે, 'મારો આ જાણીતો સંવાદ ફરી વાપરવા બાબતે હું થોડો નાખુશ હતો. જોકે, બાદમાં મને સમજાયું કે શા માટે દિગ્દર્શક ગોપીચંદ માલિનેનીએ આ ડાયલોગનો આગ્રહ રાખ્યો હતો. 'જાટ'માં તેનો સરસ ઉપયોગ કરવામાં આવ્યો છે. હવે બધા તેની જ વાત કરી રહ્યા છે.' તેલુગુ ફિલ્મના જાણીતાં દિગ્દર્શક ગોપીચંદ માલિનેની આ ફિલ્મનું દિગ્દર્શન કર્યું છે. તેઓ કહે છે, ''ગદર-ટુ' રજૂ થયા બાદ મેં આ ફિલ્મની કથા સની સરને સંભળાવી હતી. તેમણે તરત જ આ ફિલ્મ કરવાની હા પાડી દીધી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ આવી જ ભૂમિકા શોધી રહ્યા હતા. આ ફિલ્મમાં એક સામાન્ય માણસ સચ્ચાઇ ખાતર સિસ્ટમ સામે લડવાનું નક્કી કરે છે. આ ફિલ્મમાં કેટલીય અસલી ઘટનાઓ વણી લેવામાં આવી છે. ફિલ્મમાં તે જોઈને દર્શકો સમજી ગયા છે કે કઇ ઘટનાઓનો રેફરન્સ લેવામાં આવ્યો છે.'

આ ફિલ્મ માટે એક્શન કોરિઓગ્રાફર અનલ અરાસુ, રામ-લક્ષ્મણ અને વેન્કલ નાગાને સાઈન કરવામાં આવ્યા ત્યારે બધાને નવાઈ લાગી હતી. સૌનું કહેવું હતું કે એક ફિલ્મમાં ત્રણ-ત્રણ એક્શન કોરિયોગ્રાફર લઈને ગોપીચંદે અતિરેક કરી નાખ્યો છે, પણ હવે ફિલ્મની સફળતા જોઈને લાગે છે કે ગોપીચંદે સમજીવિચારીને જ આ જોખમ લીધું હતું. આ હિન્દી ફિલ્મને મલયાલમ, તેલુગુ, કન્નડ અને તમિલમાં ડબ કરીને રજૂ કરવામાં આવી છે તેને કારણે સની પાજી હવે દક્ષિણના એક્શન હીરોની સાથે સીધી સ્પર્ધામાં ઉતર્યા છે. ગોપીચંદ એક્શન ફિલ્મો બનાવવાની હથોટી ધરાવે છે તેનો લાભ સની જેવા સ્થાપિત એક્શન હીરોને મળ્યો છે. સની પાજીએ પાંસઠ વટાવી દીધા છે. બે વર્ષ પહેલાં એમની 'ગદર ટુ' ફિલ્મે ૫૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી બધાંને ચકિત કરી નાંખ્યા હતા. હવે 'જાટ' જેવી સફળ ફિલ્મો આપી સનીએ પુરવાર કર્યું છે કે ખાનો અને કુમારો કરતાં એ વધારે બેન્કેબલ છે.

મજા જુઓ. સની પાજીની પેઢીના મોટાભાગના સ્ટાર કામ માટે ફાંફાં મારી રહ્યા છે ત્યારે તેઓ આ ઉંમરે પણ તેમના કામમાં ગળાંડૂબ વ્યસ્ત છે. સની દેઓલની હજી ત્રણ મોટી ફિલ્મો આવી રહી છે.

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક ગુજરાત
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
Monday,28 September-2026
સોમવાર, તા.૨૮/૦૯/૨૦૨૬

# ગણદેવીમાં માતા સામે અશ્લીલ ઈશારા કરનારને ઠપકો આપતા પુત્ર-ભાભી પર હુમલો

**દ્રષ્ટિકોણ-ગણદેવી,** ગણદેવીના કસ્બાવાડી વિસ્તારમાં ગણેશ વિસર્જન દરમિયાન એક મહિલાને અશ્લીલ ઈશારા કરનાર યુવકને ઠપકો આપવા જતા તેના પુત્ર અને વચ્ચે પડેલી ભાભી પર ચાર શખ્સોએ હુમલો કરી માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે ગણદેવી પોલીસ મથકમાં ચારેય શખ્સો સામે ગુનો નોંધાતા પોલીસે ધરપકડ નાં ચક્રો ગતિમાન કર્યા હતા.

ગણદેવી કસ્બાવાડી નિશાળ ફળિયામાં રહેતા જૈનીશ ધીરુભાઈ પટેલ (૨૧) શુક્રવારે સાંજે મિત્ર ધ્રુવ હળપતિ સાથે મોટરસાઈકલ પર ખડીખાડી નદી કિનારે ગણપતિ વિસર્જન જોવા ગયા હતા. ત્યારબાદ બંને ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન કસ્બાવાડીમાં દેસાઈની વાડી પાસેથી જૈનીશની માતા જશુબેન પગપાળા પસાર થઈ રહ્યા હતા. તે સમયે વિરલ સુમનભાઈ નાયકા નામના યુવકે જશુબેન તરફ અશ્લીલ ઈશારા કર્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.માતા સાથેની આ હરકત જોઈ જૈનીશે મોટરસાઈકલ ઊભી રાખી વિરલ નાયકાને ઠપકો આપી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. આથી ઉશ્કેરાયેલા વિરલે જૈનીશનું ગળું પકડી તેને મોટરસાઈકલ પરથી નીચે પાડી દીધો હતો. ત્યારબાદ જીમીત સંજયભાઈ નાયકા, કેતનભાઈ અરવિંદભાઈ નાયકા અને ભાર્ગવભાઈ વિનોદભાઈ નાયકા પણ ત્યાં આવી પહોંચ્યા હતા. ફરિયાદ મુજબ, ચારેયે ભેગા મળી જૈનીશ સાથે મારામારી કરી હતી.

આ દરમિયાન જીમીતે હાથમાં પહેરેલા પંચ વડે જૈનીશના માથાના ભાગે માર માર્યો હતો, જ્યારે ભાર્ગવે લાકડી વડે તેની પીઠના ભાગે ફટકા માર્યા હતા. જૈનીશને માર મારતા જોઈ તેના ભાભી પ્રિયાબેન વચ્ચે પડતાં કેતન નાયકાએ હાથમાં પહેરેલા કડાથી તેમના કપાળના ભાગે ઈજા પહોંચાડી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. આ ઉપરાંત હુમલાખોરોએ ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.બનાવ બાદ બંને પક્ષો વચ્ચે સમાધાન થયું હતું. દરમ્યાન મોડી રાત્રે જૈનીશને માથામાં અસહ્ય દુખાવો થતાં તેને સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે જૈનીશ પટેલની ફરિયાદના આધારે ગણદેવી પોલીસે વિરલ સુમનભાઈ નાયકા, જીમીત સંજયભાઈ નાયકા, કેતનભાઈ અરવિંદભાઈ નાયકા અને ભાર્ગવભાઈ વિનોદભાઈ નાયકા તમામ રહે. કસ્બાવાડી, નિશાળ ફળીયા, ગણદેવી સામે ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ જયેશ પટેલ એ હાથ ધરી છે.

# ખેડૂતોના ૨૨ મુદ્દા સાથે કોંગ્રેસની કિસાન અધિકાર રેલી



## ખારવેલથી બારસોલ સુધી યોજાયેલી રેલીમાં મોટી સંખ્યામાં આગેવાનો-કાર્યકરો જોડાયા; વન અધિકાર, MSP, જમીન માપણી અને પાકવીમાના પ્રશ્નો ઉઠાવાયા

**દ્રષ્ટિકોણ-કપરાડાઃ** વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ અને જિલ્લા કિસાન સેલ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત ર્થ્ઇદ્ર ઢ અને કિસાન અધિકાર યાત્રા અંતર્ગત ખારવેલથી બારસોલ સુધી કિસાન અધિકાર રેલી યોજાઈ હતી. રેલીમાં કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

૧૦ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી વલસાડ જિલ્લાના વિવિધ ગામોમાં યોજાનારી યાત્રા દરમિયાન ખેડૂતો અને આદિવાસીઓના પ્રશ્નોને લઈને ૨૨ મુદ્દાઓ રજૂ કરવામાં આવી રહ્યા છે. તેમાં જળ-જંગલ-જમીનના અધિકાર, ખેડૂતોને યોગ્ય સ્જી, પાકના પોષણક્ષમ ભાવ, જમીન માપણીની ભૂલો સુધારવા અને પાકવીમા સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલી રેલીમાં ધરમપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલની આગેવાનીમાં સ્થાનિક આગેવાનો અને કાર્યકરોએ ભાગ લીધો હતો. તાલુકા પૂર્વ પ્રમુખ રમેશભાઈ પાડવી તથા તાલુકા સભ્ય અને વિરોધ પક્ષના નેતા દેવુભાઈ મોકાશી પણ જોડાયા હતા.

કોંગ્રેસ દ્વારા વન અધિકાર ધારા-૨૦૦૬ હેઠળ પેન્ડિંગ દાવાઓનો નિકાલ, ગ્રામસભાના ઠરાવને માન્યતા, વર્ષોથી સરકારી શીરપડતર જમીન ખેડતા ખેડૂતોને કાયમી હક તથા સેટેલાઈટ માપણીથી થયેલી સર્વે નંબર અને ક્ષેત્રફળની ભૂલો સરકારી ખર્ચે સુધારવાની માંગ કરાઈ હતી.

ઉપરાંત પાકવીમો સરળતાથી મળે, કમોસમી વરસાદથી બાગાયતી પાકને થયેલા નુકસાન માટે સહાય પેકેજ મળે, ખેડૂતોના દેવા અંગે યોગ્ય પગલાં લેવાય અને બુલેટ ટ્રેન, એક્સપ્રેસવે સહિતના પ્રોજેક્ટમાં જમીન કપાતથી ખેડૂતોના હિતનું રક્ષણ થાય તેવી રજૂઆતો કરવામાં આવી હતી. રેલીમાં જિલ્લા તથા તાલુકા કોંગ્રેસના આગેવાનો અને યુવા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# માતા-નવજાતને ઘરથી ૫ કિમી દૂર ઉતારી દીધા, ખિલખિલાટ વાનનો કેપ્ટન સસ્પેન્ડ

## વાંસદાના ખડકીયા ગામે ઘરે પહોંચાડવાના બદલે હનુમાનબારી સર્કલ પાસે ઉતારી દીધા : ઘરે જવાની ઉતાવળમાં ગંભીર ભૂલ કર્યાની કબૂલાત

**દ્રષ્ટિકોણ-વલસાડ,** વલસાડ સિવિલ હોસ્પિટલમાંથી રજા અપાયા બાદ માતા અને નવજાત શિશુને ખિલખિલાટ વાન મારફતે વાંસદાના ખડકીયા ગામે તેમના ઘરે પહોંચાડવાના બદલે ઘરથી આશરે પાંચ કિમી દૂર રસ્તામાં ઉતારી દેવાની ગંભીર ઘટના સામે આવી છે. ઘટનાની પ્રાથમિક તપાસ બાદ જવાબદાર ખિલખિલાટ વાનના કેપ્ટન અંકિત બાગુલને તાત્કાલિક અસરથી સેવામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

તા. ૨૪ સપ્ટેમ્બરે વલસાડ સિવિલ હોસ્પિટલમાંથી વાંસદાની માતા અને નવજાત શિશુને રજા આપવામાં આવી હતી. ત્યારબાદ તેમને ખડકીયા ગામે ઘરે પહોંચાડવા માટે ખિલખિલાટ વાન રવાના થઈ હતી. જોકે, ઘરે પહોંચે તે પહેલાં જ હનુમાનબારી સર્કલ પાસે માતા-બાળકને રસ્તામાં ઉતારી કેપ્ટન ત્યાંથી ચાલ્યો ગયો હતો.

ઘટનાની જાણ થતાં પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન કેપ્ટન અંકિત બાગુલે પોતાની ભૂલ સ્વીકારી હતી અને ઘરે જવાની ઉતાવળમાં લાભાર્થીને રસ્તામાં ઉતારી દીધાની કબૂલાત કરી હતી. અંકિત બાગુલ છેલ્લા આશરે બે વર્ષથી ખિલખિલાટ સેવા સાથે જોડાયેલો હોવાનું જણાવાયું છે.

વલસાડ-નવસારી અને ડાંગ જિલ્લાના ૧૦૮ સેવાના પ્રોગ્રામ મેનેજર હેમંત સોલંકીએ જણાવ્યું કે, ખિલખિલાટ સેવા અંતરિયાળ વિસ્તારોના લાભાર્થીઓને તેમના ઘર સુધી પહોંચાડવા માટે કાર્યરત છે. જિલ્લામાં આશરે ૧૦ ખિલખિલાટ વાન કાર્યરત છે. લાભાર્થીને અધવચ્ચે ઉતારી દેવાની ઘટનાને ગંભીરતાથી લઈ કેપ્ટનને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.સોલંકીએ વધુમાં જણાવ્યું કે, સેવામાં કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં. તમામ કર્મચારીઓને આવી કામગીરીમાં વધુ સજાગ અને જવાબદાર રહેવા કડક સૂચના આપવામાં આવી છે.

# કુરેલિયા ગામની વલ્લભ આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને પુસ્તકોનું વિતરણ



**દ્રષ્ટિકોણ-વાંસદાઃ** નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના કુરેલિયા ગામ ખાતે આવેલી વલ્લભ આશ્રમશાળા ખાતે આજે વિદ્યાર્થીઓને પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પી.આઈ. કિરણ પાડવી દ્વારા આશ્રમશાળાના બાળકોને વિવિધ પુસ્તકોનું વિતરણ કરી શિક્ષણ, વાંચન અને જીવનમાં સતત આગળ વધવા અંગે પ્રેરણાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પી.આઈ. કિરણ પાડવીએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, પુસ્તક માત્ર કાગળના પાનાંનો સંગ્રહ નથી, પરંતુ તે જ્ઞાન, વિચાર અને જીવનને નવી દિશા આપતું માધ્યમ છે. નિયમિત વાંચનની ટેવ વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો કરવાની સાથે તેમના વ્યક્તિત્વ વિકાસમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે.

તેમણે બાળકોને પોતાના લક્ષ્ય નક્કી કરી મહેનત, શિસ્ત અને સકારાત્મક વિચારસરણી સાથે આગળ વધવા તેમજ શિક્ષણને જીવનની સફળતાનું મજબૂત સાધન બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.આ પ્રસંગે આઈ.ટી.આઈ. ઈન્સ્ટ્રક્ટર દીપકભાઈ, ટ્રેકર દિવ્યેશભાઈ, આશ્રમશાળાના આચાર્ય જગદીશભાઈ પટેલ તેમજ આશ્રમશાળાના શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન બાળકોમાં પણ પુસ્તકો પ્રત્યે ઉત્સાહ જોવા મળ્યો હતો. આશ્રમશાળાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ અને વાંચનની ટેવને પ્રોત્સાહન આપવાના આ પ્રયાસને સૌએ આવકાર્યો હતો.એક પુસ્તક હાથમાં આવે ત્યારે માત્ર જ્ઞાનનું પાનું નથી ખુલતું, પરંતુ બાળકના ઉજ્જવળ ભવિષ્યનું એક નવું દ્વાર ખુલે છે.

# ખેરગામ ગ્રામ પંચાયતના નવા ભવનનું ખાતમુહૂર્ત



**દ્રષ્ટિકોણ-ખેરગામ,** ખેરગામ ગ્રામ પંચાયતના નવા ભવનના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત સરપંચ ઝરણાબેન ધર્મેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. ચીખલી રોડ પર પોસ્ટ ઓફિસની બાજુમાં અંદાજિત રૂ. ૪૦ લાખના ખર્ચે નવા ગ્રામ પંચાયત ભવનનું નિર્માણ થનાર છે.

ખાતમુહૂર્ત પ્રસંગે ખેરગામ તાલુકા કોંગ્રેસ પ્રમુખ શશીનભાઈ પટેલ, માજી જિલ્લા પંચાયત સભ્ય ધર્મેશભાઈ પટેલ, ધર્મેશભાઈ બહેજ, માજી સભ્ય ગીરીશભાઈ રાજુભાઈ આહીર, ધનસુખભાઈ પટેલ સહિત ગ્રામ પંચાયતના સભ્યો અને કોંગ્રેસના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.જોકે, કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓની નોંધપાત્ર હાજરી વચ્ચે ભાજપના સ્થાનિક આગેવાનો તેમજ સંબંધિત સરકારી તંત્રના અધિકારીઓની ગેરહાજરી ચર્ચાનો વિષય બની હતી. રૂ. ૪૦ લાખના જાહેર ખર્ચે બનનાર ગ્રામ પંચાયત ભવનના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં સર્વપક્ષીય પ્રતિનિધિત્વ અને સંબંધિત અધિકારીઓની હાજરી કેમ જોવા મળી નહીં? તેવો સવાલ ગ્રામજનોમાં ઉઠ્યો હતો.

ભાજપના આગેવાનો કે સરકારી અધિકારીઓની ગેરહાજરી અંગેનું સત્તાવાર કારણ જાહેર થયું નથી. પરિણામે વિકાસના જાહેર કામના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં રાજકીય હાજરી-ગેરહાજરીનો મુદ્દો સ્થાનિક સ્તરે ચર્ચામાં આવ્યો છે.

# ચીખલી પોલીસનો મલીયાધરા ગામે જુગારધામ ઉપર દરોડો, પાંચ ઝડપાયા



**દ્રષ્ટિકોણ-ચીખલી, તા.૨૭**
ચીખલી તાલુકાના મલીયાધરા ગામે ખેતરની ખુલ્લી જગ્યામાં તીનપત્તીના જુગારધામ પર પોલીસે દરોડો પાડી પાંચ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, છ મોબાઈલ ફોન, મોટરસાઈકલ અને ગંજીપાના સહિત કુલ રૂ.૯૧,૨૯૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે પોલીસને ચકમો આપી છટકી જનારા ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

ચીખલી પોલીસ મથકના પી.આઈ. પી.બી. પટેલિયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.એન. વાડલે તથા સર્વેલન્સ ટીમ શનિવારે પેટ્રોલિંગમાં હતી. દરમિયાન અ.હે.કો. વિજયભાઈ દેવાયતભાઈને મળેલી બાતમીના આધારે પોલીસ ટીમે મલીયાધરા ગામના ભુરી ફળિયામાં ખેતર નજીક ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો. તે દરમિયાન કુંડાળું વળી ગંજીપાનાથી તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની અંગઝડતીમાંથી રૂ.૧૪,૬૫૦ તથા જુગારના દાવ નાં રૂ.૬,૧૪૦ મળી કુલ રૂ.૨૦,૭૯૦ રોકડા કબજે કર્યા હતા. આ ઉપરાંત રૂ.૫૦,૫૦૦ની કિંમતના ૦૬ મોબાઈલ ફોન, રૂ.૨૦,હજારની મોટરસાયકલ તથા ગંજીપાના મળી કુલ રૂ.૯૧,૨૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે આરોપીઓ રાજુભાઈ બાવાભાઈ પટેલ (ઉં.વ.૪૧, રહે. ઉંડાચ, લુહાર ફળીયા), કુશ સુરેશભાઈ ચૌહાણ (ઉં.વ.૨૫, રહે. બામણવેલ, પહાડ ફળીયા, તા.ચીખલી), મયુર અમ્રત પટેલ (ઉં.વ.૪૦, રહે. મલીયાધરા, કુવા ફળીયા તા.ચીખલી), રાજેશભાઈ રમણભાઈ પટેલ (ઉં.વ.૫૦, રહે. મલીયાધરા, ભૂરી ફળીયા તા.ચીખલી) અને દિલીપસિંગ બળવંતસિંગ લબાના (ઉં.વ.૪૨, રહે. દેવસર, ગુરુનાનક નગર, બીલીમોરા, તા.ગણદેવી)ની રંગેહાથ ધરપકડ કરી હતી. આ દરમિયાન પોલીસને જોઈ ભાગી નીકળેલા મોબીન મહમંદ શેખ (રહે. ચીખલી), સંજય ઉર્ફે ચકો ભીખુભાઈ પટેલ (રહે. આંતલીયા, વોરાની ચાલ, તા.ગણદેવી) અને મીતેશ ઉર્ફે લાલુ ઉર્ફે ભાવુ ભીખુભાઈ પટેલ (રહે. ગોરગામ, અરવાડા ફળિયા, તા.જી. વલસાડ)ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે.આ અંગે ચીખલી પોલીસે જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ ચીખલી પીએસઆઈ આર.એન. વાડલે એ હાથ ધરી છે.

# વાવરમાં વીજ કરંટથી બે મજૂરોના મોતઃ AAPએ રૂ.૫૦ લાખ વળતરની માંગ ઉઠાવી



**દ્રષ્ટિકોણ-વલસાડ,** કપરાડા વિધાનસભા વિસ્તારના વાવર ગામે તા. ૨૪ સપ્ટેમ્બરે DGVCLના વીજ પોલ નાખવાની કામગીરી દરમિયાન વીજ કરંટ લાગતાં સાગર સરનાયક અને સુરેશ પવારના મોતના બનાવમાં આમ આદમી પાર્ટીએ મૃતક પરિવારોને યોગ્ય વળતર આપવાની માંગ કરી છે.

AAPના હોદ્દેદારોએ મૃતક પરિવારોની મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી. આ દરમિયાન DGVCL અને કોન્ટ્રાક્ટર દીપેશ પટેલની બેદરકારીનો આક્ષેપ કરી વીજ પોલ નાખતી વખતે જરૂરી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી કે નહીં તેની તપાસ કરવાની માંગ કરાઈ હતી.

AAP દ્વારા DGVCL અને કોન્ટ્રાક્ટર તરફથી બંને મૃતક પરિવારોને કુલ રૂ.૫૦ લાખનું વળતર ચૂકવવાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત સરકાર તરફથી પણ આર્થિક સહાય આપવા રજૂઆત કરાઈ છે. કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પોતાના રાહત ફંડમાંથી બંને પરિવારોને રૂ.૫-૫ લાખની સહાય આપવા માંગ કરાઈ છે.

AAP વલસાડ-ડાંગ લોકસભા સંગઠન મંત્રી દિવ્યેશ પટેલ, પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્રભાઈ ગાંવિત, કપરાડા વિધાનસભા યુવા પ્રમુખ લતેશભાઈ પટેલ, કપરાડા-૧૮૧ સંગઠન મંત્રી આનંદ થોરાત સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.AAP આગેવાનોએ દુર્ઘટનામાં જવાબદારી નક્કી કરી નિષ્પક્ષ તપાસ કરવા તથા મૃતક પરિવારોને સમયસર વળતર અને સરકારી સહાય મળે તે માટે તંત્ર દ્વારા કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

# યુવા મિત્ર મંડળ અંકલેશ્વર દ્વારા સ્વૈચ્છીક રક્તદાન કેમ્પ યોજાયો



**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર :** શ્રી યુવા મિત્ર મંડળ અંકલેશ્વર દ્વારા સ્વૈચ્છીક રક્તદાન કેમ્પ યોજાયો હતો જેમાં રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતુંયુવા પેઢી રક્તનું મૂલ્ય સમજે અને રક્તદાન કરતાં થાય તે માટે શ્રી યુવા મિત્ર મંડળ અંકલેશ્વર દ્વારા દર ત્રણ મહિને રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે જેના ભાગરૂપે માનવ મંદિર સ્થિત હૉલ ખાતે ૭૬મો સ્વૈચ્છીક રક્તદાન કેમ્પ યોજાયો હતો.જેમાં સમાજના સભ્યોએ ઉત્સાહ ભેર રક્તદાન કર્યું હતું. દિવસ દરમિયાન ૧૦૦થી વધુ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમ્યાન શ્રી યુવા મિત્ર મંડળના કાંતિભાઈ દુધાત,ધર્મેશ ડોબરીયા,મયુર કોટડિયા,પ્રદીપ માલવીય,અલ્કેશ દુધાત,કાળુ કુંભાણી સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકરિયા દૂધ મંડળીની સાધારણ સભામાં ભારે હોબાળો

**દ્રષ્ટિકોણ-કાંકરિયાઃ** કાંકરિયા ગામ ખાતે યોજાયેલી દૂધ મંડળીની વાર્ષિક સાધારણ સભામાં ગ્રામજનો અને પશુપાલકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. મંડળીની વર્તમાન કમિટીની કામગીરી અને વહીવટ સામે પશુપાલકોએ સવાલો ઉઠાવતાં સભામાં ભારે હોબાળો મચ્યો હતો. ગ્રામજનો દ્વારા કમિટીના સભ્યોને મંડળીના વહીવટ અંગે પૂરતી જાણકારી ન હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

સાધારણ સભા દરમિયાન જાગૃત ગ્રામજનો અને પશુપાલકોએ મંડળીના હિતને લગતા વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા. ગ્રામજનોના જણાવ્યા મુજબ, કમિટીના સભ્યો દ્વારા પૂછાયેલા સવાલોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા નહોતા. મંડળીની વાર્ષિક આવક અને શેર ભંડોળ સહિતની વિગતો અંગે પણ સ્પષ્ટ માહિતી ન મળતાં સભામાં ઉપસ્થિત પશુપાલકોમાં નારાજગી જોવા મળી હતી. સભામાં સૌથી વધુ ચર્ચા ગામના એવા પશુપાલકોના મુદ્દે થઈ હતી.

જેઓ છેલ્લા ૧૭ વર્ષથી સતત દૂધ મંડળીમાં દૂધ ભરાવી રહ્યા હોવા છતાં હજુ સુધી તેમને સભાસદ બનાવવામાં આવ્યા નથી. પશુપાલકોનો આક્ષેપ છે કે સભાસદ બનાવવા માટે અગાઉ અનેક વખત લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. પશુપાલકોએ જણાવ્યું હતું કે લાંબા સમયથી મંડળી સાથે જોડાયેલા હોવા છતાં સભાસદ તરીકેનો હક ન મળવો ગંભીર બાબત છે.

મંડળીના વહીવટમાં પારદર્શિતા અને પશુપાલકોના હિતને પ્રાથમિકતા આપવાની પણ માંગ કરવામાં આવી હતી. વર્તમાન કમિટીની કામગીરી સામે અસંતોષ વ્યક્ત કરતાં ગ્રામજનો અને પશુપાલકોએ સમગ્ર કમિટીને તાત્કાલિક બદલવાની માંગ ઉઠાવી હતી. મંડળીના વહીવટને વધુ અસરકારક બનાવવા માટે લાયકાત અને અનુભવ ધરાવતા સભ્યોને જવાબદારી સોંપવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી.

# ભરૂચમાં વીજ વિભાગનું મેગા શટડાઉન, અનેક વિસ્તારોમાં વીજળી બંધ રહેશે

**દ્રષ્ટિકોણ-ભરૂચ,** ભરૂચ શહેરમાં વીજ લાઈનના અગત્યના કામના કારણે ૨૮ સપ્ટેમ્બર, ૩૦ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબરે અલગ-અલગ ૧૧ કે.વી. ફીડર હેઠળના અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ રહેશે. સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધી વીજકાપ રહેવાનો હોવાથી ઘર, દુકાન, ઓફિસ સહિતના વીજગ્રાહકોને અસર પડશે.

૨૮ સપ્ટેમ્બરે શક્તિનાથ ફીડર હેઠળ અંબિકાનગર, ત્રિમૂર્તિ હોલ, નારાયણનગર-૧થી ૫, તપોવન, ઈશાવાશ્યામ, લક્ષ્મીનારાયણનગર, શક્તિનાથ મંદિર, ગવર્મેન્ટ ક્વાર્ટર્સ, પારિજાતક વિહાર, નારાયણ સ્કૂલ, જે.બી. મોદી પાર્ક, દેવભૂમિ, ભારતીનગર, દેવદર્શન, બદર પાર્ક, ખુશ્બુ પાર્ક, નશેમન પાર્ક, કલ્પતરુ, મોરારીનગર, રંગવર્ષા સહિતના વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ રહેશે.

૩૦ સપ્ટેમ્બરે રેવા ફીડર હેઠળ સ્ટર્લિંગ પ્લાઝા, ડેન્ટલ કોલેજ, રોયલ કોમ્પ્લેક્ષ, સુફિયાન એપાર્ટમેન્ટ, મિલ્લતનગર, ભજુવાલા, ન્યુ શાકમાર્કેટ, આફરીન એપાર્ટમેન્ટ, અલ-હિલાલ, અહમદનગર, આશિયાના બંગ્લોઝ, બિલાલ પાર્ક, રહેમતનગર, ઝમઝમ પાર્ક, નર્મદા એપાર્ટમેન્ટ, હોમલેન્ડ પ્લાઝા, સુકુન બંગ્લોઝ, અલનૂર બંગ્લોઝ, ઝાહિદ પાર્ક, મરિયમ પાર્ક, મુન્શી શોપિંગ, લક્ષ્મીનગર, હુસેનિયા મસ્જિદ સહિતના વિસ્તારોમાં વીજકાપ રહેશે.

૧ ઓક્ટોબરે ટોરેન્ટ ફીડર હેઠળ શ્યામવીલા, રંગ પ્લેટિનમ, શિલ્પી આવેર, ચિસ્તીયા ટાઉનશીપ, આમેના પાર્ક, રોયલ પેલેસ, કાવેરી-કોહિનૂર એપાર્ટમેન્ટ, અલ ફલક રેસીડેન્સી, શાલીમાર કોમ્પ્લેક્ષ, ફૈઝ પાર્ક, સદાકત પાર્ક, બાગે ફિરદોસ, પ્રેસિડેન્ટ પાર્ક, અરમાન બંગ્લોઝ, શેરપુરા પેટ્રોલપંપ, અભ્યુદય આર્કેડ, ગણેશ પાર્ક, GACL કોલોની અને ફ્લોરેન્સ શોપિંગ સેન્ટર સહિતના વિસ્તારોમાં વીજળી બંધ રહેશે. દ.ગુ.વીજ કંપનીએ ગ્રાહકોને વીજકાપની નોંધ લેવા જણાવ્યું છે. સમારકામ પૂર્ણ થયા બાદ આગોતરી જાણ કર્યા વિના વીજ પુરવઠો પુનઃપ્રસ્થાપિત કરવામાં આવશે.

# દૂધધારા ડેરીમાં ભેંસના દૂધના કિલો ફેટે રૂ.૬૦, ગાયના રૂ.૫૦ વધ્યા

## 'ભારત સુગર'નું વેચાણ થશે, પશુપાલકોને રાહત

**દ્રષ્ટિકોણ-ભરૂચઃ** ભરૂચ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દૂધધારા ડેરીની વાર્ષિક સાધારણ સભામાં પશુપાલકોને રાહત આપતો મહત્વનો નિર્ણય લેવાયો હતો. ચેરમેન ઘનશ્યામ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી સભામાં સભાસદોની માંગણીને ધ્યાને લઈ દૂધના ખરીદ ભાવમાં વધારો જાહેર કરાયો હતો. ભેંસના દૂધનો કિલો ફેટનો ભાવ ?૬૦ વધારી ?૯૦૦ અને ગાયના દૂધનો ભાવ ?૫૦ વધારી ?૮૮૫ કરાયો હતો.

સભામાં મુંબઈ સ્થિત દૂધધારા ડેરીના પ્લાન્ટના વિસ્તરણને પણ મંજૂરી આપવામાં આવી હતી. દહીં અને પનીરના ઉત્પાદનની ક્ષમતા વધારવાના હેતુથી પ્લાન્ટનું વિસ્તરણ કરવામાં આવશે. આ ઉપરાંત સભાસદોને બોનસની જાહેરાત સાથે દૂધનું ઉત્પાદન વધારવા અને વધુમાં વધુ દૂધ ડેરીમાં જમા કરાવવા માટે પણ હાંકલ કરવામાં આવી હતી.

અમૂલ ફેડરેશન અને નર્મદા સુગર ફેક્ટરીના સહયોગથી ઉત્તમ ગુણવત્તાની ખાંડનું 'ભારત સુગર' બ્રાન્ડ હેઠળ વેચાણ કરવાનો નિર્ણય પણ જાહેર કરાયો હતો. નર્મદા સુગરની ખાંડનું ૧ કિલો અને ૫ કિલોના પેકિંગમાં માર્કેટિંગ કરવામાં આવશે. નાગરિકોને વ્યાજબી ભાવે શુદ્ધ ખાંડ મળી રહે તે હેતુથી સંબંધિત સંસ્થાઓ વચ્ચે કરાર કરવાની પ્રક્રિયા હાથ ધરાશે.

સભામાં નવી કેડર ઉભી કરી યુવાનોને તક આપવા અંગે પણ સંકેત અપાયા હતા. ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અંતર્ગત ડેરી કમ્પાઉન્ડમાં એક મહિના સુધી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ડિરેક્ટર પ્રકાશ દેસાઈની આગેવાની હેઠળ યોજાનારા કેમ્પમાં સભાસદોને રક્તદાન માટે અપીલ કરાઈ હતી.

# ભરૂચ ભાજપના નવા પ્રમુખની મુલાકાતોને લઈ સંગઠનમાં સવાલો

**દ્રષ્ટિકોણ-ભરૂચઃ** ભાજપમાં જિલ્લા પ્રમુખનું સંગઠનાત્મક પદ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તાજેતરમાં ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે પરેશ કાંતિભાઈ લાડની નિમણૂક કરવામાં આવી છે.

૨૨ સપ્ટેમ્બરે નિમણૂક બાદ ૨૪ સપ્ટેમ્બરે તેમણે વિધિવત્ પદભાર સંભાળ્યો હતો. પદભાર ગ્રહણ પ્રસંગે તેમણે પક્ષના પીઢ અગ્રણીઓ અને વડીલોના આશીર્વાદ મેળવ્યા હતા તથા સંગઠનને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

જોકે, પદભાર સંભાળ્યા બાદ જિલ્લા પ્રમુખ દ્વારા કરવામાં આવી રહેલી કેટલીક મુલાકાતોને લઈને ભાજપના સ્થાનિક કાર્યકરોમાં ચર્ચા શરૂ થઈ હોવાનું સામે આવી રહ્યું છે. સામાન્ય રીતે નવનિયુક્ત જિલ્લા પ્રમુખને શુભેચ્છા આપવા કાર્યકરો અને આગેવાનો તેમના કાર્યાલય કે નિવાસસ્થાને પહોંચતા હોય છે. પરંતુ નવા પ્રમુખ ચોક્કસ વર્ગના લોકોની મુલાકાતે સામેથી જઈ રહ્યા હોવાની ચર્ચાને પગલે સંગઠનમાં સવાલો ઉઠી રહ્યા છે.

સ્થાનિક સ્તરે ચર્ચા એવી પણ છે કે ભરૂચમાં ભાજપનું સંગઠન ઊભું કરવામાં વર્ષોથી મહેનત કરનારા પાયાના કાર્યકરો અને જૂના આગેવાનો સુધી નવા પ્રમુખ કેટલા પ્રમાણમાં પહોંચે છે તે જોવાનું રહેશે. બીજી તરફ, તાજેતરના દિવસોમાં તેઓ કેટલાક સામાજિક અને અન્ય ક્ષેત્રના અગ્રણીઓની રૂબરૂ મુલાકાતે ગયા હોવાની વાતો પણ ચર્ચામાં છે.

આ મુલાકાતોને લઈને કેટલાક કાર્યકરોમાં એવો

### પાયાના કાર્યકરોને મળવાને બદલે ચોક્કસ વર્ગના લોકો સુધી પહોંચતા હોવાની ચર્ચા, સંગઠનમાં ગણગણાટ શરૂ

સવાલ ઉઠી રહ્યો છે કે જિલ્લા પ્રમુખની પ્રાથમિકતા સંગઠનના પાયાના કાર્યકરો સાથે સીધો સંપર્ક સ્થાપિત કરવાની છે કે પછી સામાજિક, ઔદ્યોગિક અને અન્ય ક્ષેત્રોમાં પ્રભાવ ધરાવતા વ્યક્તિઓ સાથે સંબંધો મજબૂત કરવાની છે?

ખાસ કરીને અંકલેશ્વર તથા દહેજ પટ્ટામાં થયેલી કેટલીક મુલાકાતોને લઈને પણ સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી હોવાનું જાણવા મળે છે. જોકે, જે વ્યક્તિઓ સાથે મુલાકાત થઈ હોવાના દાવા થઈ રહ્યા છે, તેમના કથિત ધંધાકીય સંબંધો, ફંડિંગ અથવા અન્ય જોડાણો અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ સામે આવી નથી. તેથી આ બાબતોને હાલ માત્ર ચર્ચા અને સવાલોના સ્વરૂપમાં જ જોવી જરૂરી છે.

બીજી તરફ, તાજેતરમાં પરેશ લાડના પદભાર ગ્રહણ પ્રસંગે મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સત્તાવાર રીતે તેમણે પોતાને 'ભાજપના એક કાર્યકર' તરીકે કર્તવ્યપથ પર કાર્યરત રહેવાની અને પક્ષે મૂકેલા વિશ્વાસને સાર્થક કરવાની વાત કરી હતી.

હવે જોવાનું એ રહેશે કે નવા જિલ્લા પ્રમુખ આગામી દિવસોમાં ભરૂચ જિલ્લાના પાયાના કાર્યકરો, જૂના આગેવાનો અને સામાન્ય કાર્યકરો સાથે કેટલો સીધો સંવાદ સ્થાપિત કરે છે.

સંગઠનના વિવિધ સ્તરના કાર્યકરો સુધી પહોંચીને તેમની રજૂઆતો સાંભળવામાં આવે છે કે નહીં તેના પર પણ કાર્યકરોની નજર રહેશે.

મહત્વપૂર્ણઃ ઉપરોક્ત મુલાકાતો અને સંબંધો અંગેના ચોક્કસ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ ઉપલબ્ધ નથી અને સંબંધિત વ્યક્તિઓનો પક્ષ પણ આ લખાણ માટે ઉપલબ્ધ થયો નથી.

# બોટાદ જિલ્લામાં દારૂ પીનારાઓ સામે કાર્યવાહી, વેચાણકારો અને સપ્લાયરો સામે પગલાં ક્યારે?

### બોટાદ સહિત રાણપુર, બરવાળા, ગઢડા અને પાળીયાદમાં દારૂના ગેરકાયદે વેચાણ સામે કડક કાર્યવાહીની માંગ : લઠ્ઠાકાંડ જેવી ઘટના બાદ પણ સપ્લાય ચેઈન પર અંકુશ અંગે સવાલો

**દ્રષ્ટિકોણ-બોટાદઃ** બોટાદ શહેર સહિત રાણપુર, બરવાળા, ગઢડા અને પાળીયાદ વિસ્તારમાં પોલીસ દ્વારા દારૂ પીધેલી હાલતમાં ફરતા લોકો સામે અવારનવાર કાર્યવાહી કરવામાં આવે છે. જોકે, દારૂનું સેવન કરનારાઓ સામે થતી કાર્યવાહી વચ્ચે હવે સ્થાનિકોમાં દારૂના ગેરકાયદેસર વેચાણ અને સપ્લાય સામે પોલીસ ક્યારે કડક પગલાં લેશે તેવો સવાલ ચર્ચાઈ રહ્યો છે.

સ્થાનિકોમાં ઉઠતી ચર્ચા મુજબ, જો દારૂનું વેચાણ અને સપ્લાય જ બંધ કરવામાં આવે તો દારૂ પીનારાઓ સુધી દારૂ પહોંચવાનો પ્રશ્ન જ ઊભો ન થાય. ત્યારે માત્ર દારૂ પીધેલી હાલતમાં ઝડપાતા લોકો સામે કાર્યવાહી કરવાને બદલે દારૂના ગેરકાયદેસર વેપાર સાથે સંકળાયેલા વેચાણકારો અને સપ્લાયરો સુધી પહોંચીને કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

બોટાદ જિલ્લામાં અગાઉ બનેલી લઠ્ઠાકાંડ જેવી ગંભીર ઘટનાઓને ધ્યાનમાં રાખીને દારૂના ગેરકાયદેસર વેચાણ પર અસરકારક અંકુશ મૂકવાની જરૂરિયાત અંગે પણ લોકોમાં ચર્ચા થઈ રહી છે.

દારૂના સપ્લાયના સ્ત્રોત, વેચાણના સ્થળો અને તેની પાછળ કાર્યરત નેટવર્ક સામે તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

આ મુદ્દે લોકોમાં એવો સવાલ પણ ઉઠી રહ્યો છે કે શું પોલીસ તંત્ર દારૂના વેચાણ અને સપ્લાય સામે સઘન કાર્યવાહી કરશે કે પછી આવી ગંભીર ઘટના બને ત્યાર બાદ જ કડક પગલાં લેવામાં આવશે? જોકે, દારૂના ગેરકાયદેસર વેચાણ અંગે ચોક્કસ સ્થળો કે વ્યક્તિઓ સામેના આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થવી જરૂરી છે.

હવે જોવાનું એ રહેશે કે બોટાદ શહેર ઉપરાંત રાણપુર, બરવાળા, ગઢડા અને પાળીયાદ પોલીસ દ્વારા લોકોમાં ઉઠી રહેલા આ સવાલોને ધ્યાનમાં લઈને દારૂના ગેરકાયદેસર વેચાણ અને સપ્લાય સામે કેવા નક્કર પગલાં લેવામાં આવે છે.

# કોસાડી ગામે ઘી સાયણ સહકારી ખાંડ મંડળીની ખેડૂત બેઠક યોજાઈ



### આગામી સિઝનમાં શેરડીના પૂરતા પુરવઠા, રોપાણ અને રોગ નિયંત્રણ અંગે ખેડૂતો સાથે ચર્ચા

**દ્રષ્ટિકોણ-માંગરોળ,** માંગરોળ તાલુકાના કોસાડી ગામ ખાતે ઘી સાયણ ઉદ્યોગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.ની મહત્વપૂર્ણ ખેડૂત બેઠક યોજાઈ હતી. મંડળીના ચેરમેન કેતનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સાંજે ૪ વાગ્યે યોજાયેલી બેઠકમાં માંગરોળ તાલુકાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા વિવિધ ગામોના મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં આગામી શેરડીની સિઝનને ધ્યાનમાં રાખીને શેરડીના પુરવઠા, શેરડીના પાકમાં જોવા મળતા વિવિધ રોગો તેમજ શેરડીના રોપાણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ખેડૂતો દ્વારા આગામી સિઝન માટે વધુ પ્રમાણમાં શેરડીનું રોપાણ કરવા તેમજ મંડળીમાં પૂરતા પ્રમાણમાં શેરડીનો પુરવઠો જળવાઈ રહે તે માટે જરૂરી સહકાર અને ખાતરી આપવામાં આવી હતી. આ પ્રસંગે ઘી સાયણ ઉદ્યોગ સહકારી ખાંડ ઉદ્યોગના દર્શનભાઈ નાયક સહિતના તમામ ડિરેક્ટરો ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે ખેડૂતો સાથે શેરડીના ઉત્પાદન, રોપાણ અને પુરવઠા અંગે ચર્ચા કરી હતી. સાથે જ ખેડૂતોના હિતમાં મંડળી દ્વારા જરૂરી સહકાર અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી. બેઠક દરમિયાન ખેડૂતો દ્વારા શેરડીના ઉત્પાદનને લગતા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આગામી સિઝનના આયોજન અને શેરડીના પૂરતા પુરવઠા અંગે પણ ચર્ચા થઈ હતી. સમગ્ર બેઠકમાં ખેડૂતો અને મંડળીના સંચાલકો વચ્ચે સકારાત્મક વાતાવરણમાં ચર્ચા થઈ હતી.

# 'એલ્યુમિનિયમ ઉત્પાદનો માટેનું વિશેષ પ્રદર્શન, 'એલ્યુમિનિયમ ભારત ૨૦૨૬'નો પ્રારંભ

**દ્રષ્ટિકોણ-ગાંધીનગરઃ**એલ્યુમિનિયમ ઉત્પાદનો માટેનું વિશેષ પ્રદર્શન, 'એલ્યુમિનિયમ ભારત ૨૦૨૬', આજે ગાંધીનગરના હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ખુલ્લું મુકવામાં આવ્યું છે. ધ એલ્યુમિનિયમ એક્સટ્રૂઝન મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ALEMAI) દ્વારા આયોજિત આ ઈવેન્ટમાં ભારતની એલ્યુમિનિયમ વેલ્યુ ચેઈનને એક સમાન મંચ પર લાવવામાં આવી છે. ૨૬ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન ALUMEX INDIA 2026ની સાથે યોજાઈ રહેલા આ ચાર દિવસીય પ્રદર્શનમાં એલ્યુમિનિયમ ઈકોસિસ્ટમના ઉત્પાદકો, રિસાયકલર્સ, ટેકનોલોજી પ્રદાતાઓ, ખરીદદારો, નીતિ નિર્માતાઓ અને આંતરરાષ્ટ્રીય હિસ્સેદારો એકસાથે આવ્યા છે.એલ્યુમિનિયમ ભારત-૨૦૨૬ ૩૦,૦૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું છે. આ મેગા એક્ઝિબિશનમાં ૫૦૦ થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે અને તેમાં આંતરરાષ્ટ્રીય ખરીદદારો તથા ઉદ્યોગ વ્યાવસાયિકો સહિત ૫૦,૦૦૦ થી વધુ મુલાકાતીઓ આવવાની અપેક્ષા છે. આ પ્લેટફોર્મ વ્યાપક એલ્યુમિનિયમ વેલ્યુ ચેઈનને આવરી લે છે, જેમાં પ્રાથમિક ઉત્પાદકો, એક્સટ્રૂઝન અને રોલિંગ ઉત્પાદકો, રિસાયકલર્સ, ટેક્નોલોજી કંપનીઓ અને ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગો ભાગ લઈ રહ્યા છે. બિઝનેસ મીટિંગ્સ, ટેક્નિકલ સત્રો અને ઈન્ડસ્ટ્રી ઈન્ટરેક્શન નવા ઉપયોગો, ટેક્નોલોજી ભાગીદારી,



રોકાણની તકો અને ભારતમાં વધુ મૂલ્યવૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આ પ્રદર્શન એવા સમયે યોજાઈ રહ્યું છે જ્યારે ઓટોમોટિવ અને ઈલેક્ટ્રિક મોબિલિટી, રિન્યુએબલ એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કન્સ્ટ્રક્શન, ઈલેક્ટ્રિકલ અને એન્જિનિયરિંગ એપ્લિકેશન્સમાં એલ્યુમિનિયમની માંગ વિસ્તરી રહી છે. સાથે જ, વૈશ્વિક વ્યાપાર તણાવ, સપ્લાય-ચેઈનમાં વિક્ષેપો, ઉર્જાનો ઊંચો ખર્ચ અને કાચા માલના અસ્થિર ભાવો ઉત્પાદકો પર દબાણ વધારી રહ્યા છે. મધ્ય પૂર્વમાંથી એલ્યુમિનિયમ સપ્લાયમાં થતા વિક્ષેપને કારણે વૈશ્વિક ઉપલબ્ધતા પણ ઘટી છે, જ્યારે સતત ભૌગોલિક રાજકીય જોખમો વચ્ચે તાજેતરમાં ક્રૂડના ભાવ બેરલ દીઠ ઈ૧૦૦ ની આસપાસ પહોંચી ગયા છે.

# ખેતરમાં કેમિકલ વેસ્ટ ઠાલવવાનું કૌભાંડ ઝડપાયું, LCBની રેડમાં બે હાઈવા ચાલક રંગેહાથ

**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર :** ભરૂચ LCBએ પાનોલી GIDCમાંથી નીકળતા શંકાસ્પદ કેમિકલ વેસ્ટના ખેતરમાં ગેરકાયદે નિકાલનો પર્દાફાશ કર્યો છે. બાકરોલ બ્રિજના સર્વિસ રોડ નજીક ખેતરમાં ખોદેલા ખાડામાં બે હાઈવા ટ્રકમાંથી કેમિકલ વેસ્ટ ઠાલવાતું હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી બે ચાલકોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. સ્થળ પર પહોંચતા ખેતરમાં ખોદેલા ખાડામાંથી તીવ્ર કેમિકલની વાસ આવતા તપાસ કરતાં કેમિકલ વેસ્ટ મળી આવ્યું હતું. પોલીસે હાઈવા ચાલક ઝકરિયા ફારૂક પટેલ અને નરેશ ઉર્ફે હીરા રમેશ વસાવાને ઝડપી લીધા હતા.



પ્રાથમિક પૂછપરછમાં બંનેએ આ વેસ્ટ ફયાઝ સગરે 'ચિદાકાશ એન્વાયરો પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ' કંપનીમાંથી ભરાવી આપ્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે સમગ્ર મામલે GPCBને જાણ કરી હતી. અધિકારી એલ.વી. બ્રહ્મભટ્ટની હાજરીમાં ટ્રક તથા કંપનીમાંથી કેમિકલના સેમ્પલ લેવામાં આવ્યા હતા.

કેમિકલના સેમ્પલ GPCB અને FSLમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ વેસ્ટનું સ્વરૂપ અને નિકાલ અંગેની હકીકત સ્પષ્ટ થયા પછી પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ઠપકો લાગ્યો ને ઘરેથી નીકળી ગઈ ૧૫ વર્ષની સગીરા, CCTV-ટેકનિકલ સર્વેલન્સથી સુરતમાંથી મળી

**દ્રષ્ટિકોણ-જીતાલીઃ** જીતાલી ગામની સિલ્વર સિટી સોસાયટીમાંથી ઘરકામ બાબતે ઠપકો મળ્યા બાદ કોઈને કહ્યા વિના નીકળી ગયેલી ૧૫ વર્ષની સગીર યુવતીને અંકલેશ્વર રૂરલ પોલીસે ગણતરીના કલાકોમાં સુરતથી શોધી કાઢી પરિવારને પરત સોંપી હતી.



મળતી માહિતી મુજબ, અરજદારની ૧૫ વર્ષની બહેનની દીકરીને ઘરકામ બાબતે ઠપકો આપવામાં આવ્યો હતો. આ બાબત મનમાં લાગી આવતા યુવતી જીતાલીની સિલ્વર સિટી સોસાયટીમાંથી કોઈને જાણ કર્યા વિના નીકળી ગઈ હતી. યુવતી ગુમ થતાં પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી.

બનાવની ગંભીરતા ધ્યાને લઈ અંકલેશ્વર રૂરલ પોલીસની ટીમે જીતાલી સિલ્વર સિટી તથા આસપાસની સોસાયટીઓમાં ઝઝ્ફ ફૂટેજની ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. પોલીસ દ્વારા આશરે ૧૦૦ જેટલા ઝઝ્ફ કેમેરાના ફૂટેજ ચકાસી, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી યુવતીના હલનચલનની કડી જોડવામાં આવી હતી.પોલીસની ઝડપી અને સંકલિત કામગીરીના અંતે યુવતી સુરત ખાતેથી મળી આવી હતી. ગણતરીના કલાકોમાં સગીરાને સુરક્ષિત રીતે શોધી કાઢી પરિવારજનોને પરત સોંપવામાં આવતા પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો.

# ભરૂચમાં મોડી રાત્રે ST બસનો અકસ્માત, સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગલ્લામાં ઘૂસી

**દ્રષ્ટિકોણ-ભરૂચઃ** ભરૂચ શહેરમાં જૂની BT? મિલ પાસે મોડી રાત્રે ST બસનો અકસ્માત સર્જાયો હતો. બસ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ ધડાકાભેર રસ્તાની બાજુમાં આવેલા ગલ્લામાં ઘૂસી ગઈ હતી.બસ ગલ્લામાં ઘૂસી જતાં આસપાસના વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. જોકે, સદનસીબે અકસ્માત સમયે ગલ્લો બંધ હોવાથી અંદર કે આસપાસ કોઈ વ્યક્તિ હાજર નહોતી. જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.અકસ્મતમાં ST બસ અને



ગલ્લાને નુકસાન થયું હતું. બનાવની જાણ થતાં આસપાસના લોકો સ્થળ પર દોડી આવ્યા હતા. મોડી રાત્રે બનેલી ઘટનાને પગલે વિસ્તારમાં થોડા સમય માટે ચર્ચાનો માહોલ રહ્યો હતો.

# રાત્રે નગરપાલિકાની સરપ્રાઈઝ ડ્રાઈવ, ખુલ્લામાં કચરો ફેંકનારાઓને દંડ; વેપારીઓ પાસે સ્થળ પર જ સફાઈ કરાવી



**દ્રષ્ટિકોણ-ભરૂચઃ** ભરૂચ શહેરમાં જાહેર સ્થળોએ ખુલ્લામાં કચરો ફેંકનારાઓ સામે નગરપાલિકાએ કાર્યવાહી શરૂ કરી છે. ડોર ટુ ડોર કચરા કલેક્શનની સુવિધા હોવા છતાં જાહેરમાં કચરો ફેંકાતો હોવાની ફરિયાદોને પગલે રાત્રે ખાસ ડ્રાઈવ હાથ ધરાઈ હતી.

ચીફ ઓફિસર હરીશ અગ્રવાલની સૂચનાથી સેનેટરી ઈન્સ્પેક્ટરોની ટીમોએ રાત્રે વિવિધ વિસ્તારોમાં વોચ રાખી હતી. ખુલ્લામાં કચરો ફેંકવા આવેલા કેટલાક લોકોના વીડિયો ઉતારી તેમની સામે દંડની કાર્યવાહી કરવામાં આવી હતી.

નગરપાલિકાની ટીમે લોકોને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા અને ડોર ટુ ડોર કલેક્શન સેવાનો ઉપયોગ કરવા સમજાવ્યા હતા. જ્યારે દુકાનોની બહાર કચરો ફેંકતા વેપારીઓ પાસે સ્થળ પર જ સફાઈ કરાવવામાં આવી હતી.

નગરપાલિકાની રાત્રિ ડ્રાઈવથી જાહેરમાં ગંદકી ફેલાવનારાઓમાં ફફડાટ ફેલાયો છે. ચીફ ઓફિસર હરીશ અગ્રવાલે સ્વચ્છતા જાળવવા આવી ડ્રાઈવ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવાની અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાર્યવાહી કરવાની સ્પષ્ટતા કરી છે.

# મહુવા સુગરની ચૂંટણીમાં બે ભાજપ પ્રેરિત જૂથો વચ્ચે રસાકસી

**મહુવાઃ** મહુવા સુગર ફેક્ટરીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી માટે આજે બાકી રહેલી ૧૫ બેઠકો પર મતદાન યોજાયું હતું. કુલ ૧૬ બેઠકો પૈકી એક બેઠક અગાઉ જ બિનહરીફ જાહેર થઈ ચૂકી છે, જ્યારે બાકીની ૧૫ બેઠકો માટે કુલ ૪૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ચૂંટણીમાં ભાજપ પ્રેરિત બે જૂથો વચ્ચે સીધો અને રસાકસીભર્યો જંગ જોવા મળી રહ્યો છે.ચૂંટણીમાં એક તરફ વર્તમાન પ્રમુખ માનસિંગ પટેલની પેનલ મેદાનમાં છે, જ્યારે બીજી તરફ સ્થાનિક ધારાસભ્ય મોહન ઢોડિયાના પુત્ર તેમજ પૂર્વ મહામંત્રી પોતાની પેનલ સાથે ચૂંટણી લડી રહ્યા છે. બંને જૂથો દ્વારા મતદારોને પોતાની તરફ આકર્ષવા માટે છેલ્લા કેટલાક દિવસોથી સઘન પ્રયાસો કરવામાં આવ્યા હતા.

મહુવા સુગરની વ્યવસ્થાપક સમિતિની આ ચૂંટણીને સહકારી ક્ષેત્રની દૃષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. મતદાન પૂર્ણ થયા બાદ હવે ઉમેદવારો અને બંને જૂથોના સમર્થકોની નજર ચૂંટણી પરિણામ પર ટકેલી છે. ૨૯ સપ્ટેમ્બરે પરિણામ જાહેર થવાનું હોવાથી સમગ્ર દક્ષિણ ગુજરાતના સહકારી ક્ષેત્રમાં પણ આ પરિણામને લઈને ઉત્સુકતા જોવા મળી રહી છે.

# ભરૂચમાં ઘરકામના વિવાદે પરિવારનો માહોલ તંગ, ૧૮૧ અભયમની સમજાવટથી મામલો થાળે પડ્યો

### સાસુ-સસરા સાથેના મતભેદમાં પતિ મારપીટ કરવા આવતો હોવાની મહિલાની રજૂઆત; કાઉન્સેલિંગ બાદ પતિએ મારપીટ નહીં કરવા અને સાસુ-સસરાએ અપશબ્દો નહીં બોલવાની લેખિત બાંહેધરી આપી

**દ્રષ્ટિકોણ-ભરૂચઃ** ભરૂચ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ઘરકામ અને રોજિંદી બાબતોના મતભેદે પરિવારનો માહોલ તંગ બન્યો હતો. સાસુ-સસરા સાથેના વિવાદ દરમિયાન પતિ અપશબ્દો બોલી મારપીટ કરવા આવતો હોવાની મહિલાની રજૂઆત બાદ તેણે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સહારો લીધો હતો. કોલ મળતાં જ ટીમ સ્થળ પર પહોંચી મહિલાની વાત સાંભળી સમગ્ર મામલો સમજ્યો હતો.

મહિલાએ સાસુ-સસરા દ્વારા અન્યના ઘરે બેસવા ન જવા અને ઘરમાં રહેવા અંગે કહેવામાં આવતું હોવાની સાથે ઘરકામની બાબતે વારંવાર મતભેદ થતા હોવાની રજૂઆત કરી હતી. બીજી તરફ સાસુ-સસરાએ વહુ ઘરકામમાં પૂરતું ધ્યાન આપતી ન હોવા અને અન્યના ઘરે બેસવા જવાને કારણે ઘરમાં વિવાદ થતો હોવાની વાત કરી હતી. બંને પક્ષની રજૂઆતો સાંભળ્યા બાદ ૧૮૧ ટીમે પરિવારના સભ્યોનું કાઉન્સેલિંગ કર્યું હતું.કાઉન્સેલિંગ દરમિયાન પતિને સ્પષ્ટ સમજાવવામાં આવ્યું હતું કે ઘરેલુ મતભેદનો ઉકેલ મારપીટ, ધમકી કે અપશબ્દોથી નહીં પરંતુ સંવાદ અને સમજાવટથી લાવવો જોઈએ. સાસુ-સસરાને પણ વહુ સાથે સન્માનપૂર્વક વર્તવા તથા નાના-મોટા મતભેદોને વાતચીતથી ઉકેલવા સમજાવવામાં આવ્યા હતા. સાથે જ મહિલાને તેની સુરક્ષા, સન્માન અને કાયદાકીય અધિકારો અંગે જરૂરી માર્ગદર્શન અપાયું હતું.

સમજાવટ બાદ સાસુ-સસરાએ વહુ સાથે અપશબ્દોનો ઉપયોગ નહીં કરવાની લેખિત બાંહેધરી આપી હતી, જ્યારે પતિએ પણ પત્ની સાથે મારપીટ નહીં કરવાની અને મતભેદો શાંતિપૂર્ણ રીતે ઉકેલવાની ખાતરી આપી હતી. મહિલાએ હાલ કોઈ વધુ કાર્યવાહી નહીં કરવાની અને પરિવાર સાથે રહેવાની સંમતિ દર્શાવતા બંને પક્ષની સંમતિથી મામલો કાઉન્સેલિંગ દ્વારા સુખદ રીતે થાળે પડ્યો હતો.

# સાઈડ લેવાના મુદ્દે રસ્તા વચ્ચે બબાલ, બે જૂથ સામસામે; મહિલા સહિત ૯ સામે ગુનો

**દ્રષ્ટિકોણ-આમલઝરઃ** ઝઘડિયા તાલુકાના આમલઝર ગામ નજીક જાહેર રસ્તા પર વાહન સાઈડમાં લેવાની બાબતે બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. મામલો રાજપારડી પોલીસ મથક સુધી પહોંચતા બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે એક મહિલા સહિત કુલ ૯ લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આમલઝર નવી વસાહતમાં રહેતા કમલેશ વસાવાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે રાત્રે તેઓ કાર લઈને ઘરે જઈ રહ્યા હતા. રસ્તા વચ્ચે ઊભેલી હાઈવા ટ્રકને સાઈડમાં લેવા કહેતાં વિવાદ થયો હતો. ફરિયાદ મુજબ મનોજ વસાવા, રણજીત વસાવા, કરશન વસાવા, અરૂણ વસાવા અને કૌશિક વસાવાએ મારામારી કરી કારના કાચ તોડી અંદાજે રૂ.૧૦ હજારનું નુકસાન કર્યું હતું તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બીજી તરફ હાઈવા ટ્રકના પક્ષે નોંધાવાયેલી ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે કમલેશ વસાવાએ જાહેર રસ્તા વચ્ચે કાર ઊભી રાખતા ટ્રકને અવરોધ થયો હતો. કાર હટાવવાનું કહેતાં મામલો ઉગ્ર બન્યો અને મારામારી થઈ હતી. બનાવમાં કનૈયાભાઈને અંગૂઠામાં ફ્રેક્ચર જેવી ઈજા થતાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા, જ્યારે કૌશિક વસાવાને પણ ઈજા થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.રાજપારડી પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત જિલ્લો
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
Monday,28 September-2026
સોમવાર, તા.૨૮/૦૯/૨૦૨૬

# રસીકરણ બાદ ભૂલથી ડાયાબિટીસની દવા આપી દેતાં પાંચ બાળક ગંભીર

## પલસાણાના કણાવની ઘટના, પાંચેય બાળકને તાત્કાલિક ICU ખસેડાયા બાદ સ્થિતિ સુધારા પર, લોકોમાં ભારે રોષ

**દ્રષ્ટિકોણ-સુરત,** જિલ્લાના પલસાણા તાલુકામાં આરોગ્ય વિભાગની એક અત્યંત ગંભીર બેદરકારી પ્રકાશમાં આવી છે. કણાવ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) અંતર્ગત આવતા પલસાણા-૧ સબ સેન્ટર ખાતે ગત ૨૪મી સપ્ટેમ્બરે મમતા દિવસ અંતર્ગત યોજાયેલા રસીકરણ કાર્યક્રમમાં સાત બાળકને રસી આપવામાં આવી હતી. સામાન્ય રીતે રસીકરણ બાદ આવતા તાવ કે દર્દ રાહત માટે બાળકોને પેરાસિટામોલની ગોળીઓ આપવામાં આવતી હોય છે. પરંતુ અહીં ફરજ પરના મહિલા હેલ્થ વર્કરે મોટી ભૂલ કરીને પેરાસિટામોલને બદલે ડાયાબિટીસના દર્દીઓ માટે વપરાતી અત્યંત ભારે દવા 'ગ્લાઈમિપિરાઈડ-૨ એમ.જી.' આપી દીધી હતી.આ ભારે ખોટી દવાનું સેવન કરતાં જ પાંચ માસૂમ બાળકોની તબિયત અચાનક લથડવા લાગી હતી અને ગંભીર રિએક્શન આવવા માંડ્યું હતું. સ્થિતિ વણસતાં વાલીઓએ બાળકોને તાત્કાલિક અલગ-અલગ હોસ્પિટલોના આઈસીયુ (ICU) વોર્ડમાં દાખલ કરવા પડ્યા હતા. ઘટનાની જાણ થતાં જ જિલ્લા આરોગ્ય તંત્ર અને વરિષ્ઠ અધિકારીઓ તાબડતોબ હોસ્પિટલ દોડી ગયા હતા. સદનસીબે, તબીબોની સતત દેખરેખ હેઠળ હાલ તમામ પાંચેય બાળકોની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

બાળકોના જીવ સાથે થયેલી આ રમત અંગે તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

### મહિલા હેલ્થ વર્કર સસ્પેન્ડ, કડક કાર્યવાહી કરવા આરોગ્યમંત્રીની ચીમકી

પ્રાથમિક તપાસમાં જ ગંભીર બેદરકારી સામે આવતાં જવાબદાર મહિલા હેલ્થ વર્કરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ મામલે કડક વલણ અપનાવતા રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે બાળકોના આરોગ્ય અને જીવન સાથે આવી કોઈ પણ પ્રકારની ગુનાહિત કારીગરી કે બેદરકારી સાંખી લેવાશે નહીં અને આ ઘટનામાં જવાબદાર સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવશે.




**દ્રષ્ટિકોણ-સુરતઃ** નવરાત્રીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહેતા બજારમાં તૈયારીઓએ જોર પકડ્યું છે. માતાજીની આરાધના માટે ઉપયોગમાં લેવાતી માટલીઓમાં કારીગરો દ્વારા રંગબેરંગી કલર ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તસવીરમાં નવરાત્રીની ઉજવણીને ધ્યાનમાં રાખીને માટલીઓને આકર્ષક રંગોથી શણગારવાની કામગીરી નજરે પડે છે.

# સાયણ વિભાગ કેળવણી મંડળની ૮૩મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ





**દ્રષ્ટિકોણ-સાયણઃ** શ્રી સાયણ વિભાગ કેળવણી મંડળ, સાયણ ડી.આર.જી.ડી. સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે સંસ્થાની ૮૩મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. સંસ્થાના ઉપપ્રમુખશ્રી દર્શનભાઈ એ. નાયકના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ સભામાં મોટી સંખ્યામાં આજીવન સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સભામાં સાયણ સુગરના પ્રમુખ કેતનભાઈ પટેલ, ઉપપ્રમુખ જતીનભાઈ, કામરેજ સુગરના ડિરેક્ટર વિરલભાઈ, સાયણ સુગરના માજી પ્રમુખ તથા હાલના ડિરેક્ટર રાકેશભાઈ પટેલ, ખેડૂત સમાજના અગ્રણી જયેશભાઈ પટેલ તેમજ ધારાસભ્ય તુષારભાઈ ચૌધરી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.વાર્ષિક સાધારણ સભાના એજન્ડા મુજબના વિવિધ કામો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ એજન્ડા મુજબના તમામ કામો સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યા હતા. તેમજ સંસ્થાના વાર્ષિક હિસાબો પણ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સાયણ સુગરના પ્રમુખ કેતનભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં શ્રી સાયણ વિભાગ કેળવણી મંડળની શૈક્ષણિક ક્ષેત્રે થઈ રહેલી કામગીરી અને ઉત્તરોત્તર પ્રગતિ અંગે ચર્ચા કરી હતી. સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓને વધુ વેગ મળે તે અંગે પણ તેમણે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

વાર્ષિક સાધારણ સભાનું સંચાલન સંસ્થાના મંત્રી રાકેશભાઈ એ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે શાળાના આચાર્ય સુરેશભાઈ એમ. હિરપરા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# નાસીરનગર કેસનો ફૂંફાડો, તમામ જવાબદારોને ગાંધીનગરનું તેડું

## તમામ સસ્પેન્ડેડ અધિકારીઓ, તપાસ કમિટીના સભ્યો અને સિટી સર્વેના જવાબદારોની પૂછપરછ કરાશે

## આવતીકાલે હાઈકોર્ટમાં કેસની સુનાવણી પૂર્વે ઉચ્ચ તપાસ કમિટી સમગ્ર કેસની વિગતો મેળવશે

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૭**
સુરતના અત્યંત ચકચારી એવા વેડરોડ નાસીરનગર ડિમોલિશન કેસમાં ઉચ્ચ તપાસ કમિટીએ તમામ જવાબદારોને ગાંધીનગર બોલાવતા મ્યુનિ. વર્તુળોમાં સન્નાટો જોવા મળી રહ્યો છે. ખાસ તો પરમદિવસે એટલે કે ૨૯મીના મંગળવારે આ કેસની સુનાવણી હાઈકોર્ટમાં થવાની છે, તેના એક દિવસ પૂર્વે ઉચ્ચ તપાસ કમિટીએ સસ્પેન્ડેડ અધિકારીઓ સહિત તમામને તેડું મોકલતાં કેસમાં ઉત્સુકતા વધી ગઈ છે.

વેડરોડના નાસીરનગરમાં ભૂતિયા ડિમોલિશન કેસમાં હવે એક પછી એક ઘટનાક્રમો ધ્યાન ખેંચનારા બની રહ્યા છે. ડિમોલિશનમાં ઘર ઘુમાવનારા તરફે હાઈકોર્ટમાં પિટિશન કરાઈ હતી, જેમાં કોર્ટે મ્યુનિ. તંત્રના અધિકારીઓ સહિતનો ભારે ઉધડો લીધો હતો. આ કેસમાં સરકાર દ્વારા ઉચ્ચ તપાસ કમિટીની રચના કરવામાં આવી છે, જેની તપાસ હજુ ચાલુ છે.તો બીજી તરફ હાઈકોર્ટની તીખી ટકોર બાદ મ્યુનિ.ના કાર્યપાલક ઈજનેર સુજલ પ્રજાપતિ સહિત પાંચ અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, આ વિવાદમાં જ મ્યુનિ. કમિશનર નાગરાજનની પણ બદલી કરવામાં આવી હતી. જો કે આ કાર્યવાહીથી પણ હાઈકોર્ટે સંતોષ માન્યો નથી અને રાજ્ય સરકારને આકરા સવાલ પૂછી રહી છે.

દરમિયાન એવું જાણવા મળ્યું છે કે ઉચ્ચ તપાસ કમિટીએ આવતીકાલે નાસીરનગર કેસમાં સંકળાયેલા તમામ જવાબદારોને ગાંધીનગર તેડાવ્યા છે. જેમાં સસ્પેન્ડ કરાયેલા પાંચેય મ્યુનિ. અધિકારીઓ, મ્યુનિ.ની તપાસ સમિતિના સભ્યો અને સિટી સર્વે વિભાગના જવાબદાર અધિકારીઓનો સમાવેશ થાય છે. પરમ દિવસે ઉચ્ચ તપાસ કમિટીએ હાઈકોર્ટ સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરવાનો છે, ત્યારે સંભવતઃ ઉચ્ચ તપાસ કમિટી નાસીરનગર કેસના તમામ જવાબદારોની આકરી પૂછપરછ, ઉલટતપાસ કરે તો નવાઈ નહીં.

### સસ્પેન્ડેડ સુજલ પ્રજાપતિએ મ્યુનિ. કમિ. નાગરાજન પર આક્ષેપ કર્યો છે

નાસીરનગર ભૂતિયા ડિમોલિશન મુદ્દે રસપ્રદ વાત એ છે કે જવાબદાર ગણાતા કાર્યપાલક ઈજનેર સુજલ પ્રજાપતિને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સુજલ પ્રજાપતિએ આ સમગ્ર કેસમાં હાઈકોર્ટમાં એવી એફિડેવીટ રજૂ કરી છે કે તેમણે ડિમોલિશનની કાર્યવાહી મ્યુનિ. કમિશનર નાગરાજનની સંમતિથી કરી હતી. એટલું જ નહીં, તેમણે હાઈકોર્ટ સમક્ષ વોટ્સએપ ચેટના પુરાવા સુદ્ધા રજૂ કર્યા હતાં. જેથી આવતીકાલની ઉચ્ચ તપાસ સમિતિની કાર્યવાહી અને મંગળવારની હાઈકોર્ટની સુનાવણીમાં હવે શું થશે તે વિષે ઉત્સુકતા વધી છે.

# ડુમસ બીચ પર ફરી ડૂબવાની ઘટનાઃ બે યુવકો દરિયામાં ગરકાવ

## ગણેશ મંદિર પાછળ દરિયામાં નહાવા ઉતર્યા હતા, ઊંડા પાણીમાં ખેંચાઈ જતાં લાપતા

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૭**
સુરતના ડુમસ બીચ પર ફરી એકવાર ડૂબી જવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. ઉધના-ભાઠેનામાંથી મિત્રો સાથે ડુમસ ફરવા આવેલા બે યુવકો ગણેશ મંદિર પાછળના દરિયામાં નહાવા ઉતર્યા હતા. દરમિયાન અચાનક બંને ઊંડા પાણીમાં ખેંચાઈ જતાં દરિયામાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બંને યુવકોની શોધખોળ શરૂ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઉધના રોડ નંબર-૧૨ વિસ્તારમાં રહેતા ૧૫થી ૨૦ વર્ષની ઉંમરના ચાર મિત્રો આજે સાંજના સમયે ડુમસ ફરવા માટે આવ્યા હતા. ચારેય મિત્રો ડુમસ દરિયા કિનારે આવેલા ગણેશ મંદિર પાસે પહોંચ્યા હતા.

આ દરમિયાન રેહાન કુરેશી અને તેનો મિત્ર ઈકબાલ શેખ ગણેશ મંદિરના પાછળના ભાગે દરિયામાં નહાવા માટે ઉતર્યા હતા. બંને યુવકો દરિયામાં નહાઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક તેઓ ઊંડા પાણી તરફ ખેંચાઈ ગયા હતા.

બંને યુવકોને ડૂબતા જોઈ આસપાસના સ્થાનિક લોકોનું ધ્યાન તેમની તરફ ગયું હતું. સ્થાનિકોએ તાત્કાલિક તેમને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ દરિયાના મોજા અને ઊંડા પાણીના કારણે બંને યુવકોનો કોઈ પત્તો લાગી શક્યો નહોતો. બીજી તરફ, બંનેના અન્ય મિત્રો કિનારે જ હાજર હતા. પોતાના મિત્રો દરિયામાં ગરકાવ થતાં સમગ્ર ઘટનાને પગલે તેઓમાં ભારે ગભરાટ અને શોકનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતાં જ ફાયર વિભાગનો કાફલો તાત્કાલિક ડુમસ બીચ પર પહોંચ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ લાઈફ જેકેટ અને રિંગ બોયાની મદદથી દરિયામાં ઉતરી બંને યુવકોની સઘન શોધખોળ હાથ ધરી છે. મોડી સાંજ સુધી બંને યુવકોની શોધખોળની કામગીરી ચાલુ રહી હતી.

# ઉત્રાણ સ્ટેશનને સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવાની કામગીરીનો પ્રારંભ

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૭**
વડોદરા મંડળના સુરત–વડોદરા સેક્શનમાં ઉત્રાણ સ્ટેશનને સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવાના હેતુથી યાર્ડ રિમોડેલિંગ અને નવી ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (ઈઆઈ ) સિસ્ટમ લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે. આ કામગીરી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬થી શરૂ થઈને ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી ચાલશે. આ કામગીરી અંતર્ગત ઉત્રાણ સ્ટેશનના ડાઉન પ્લેટફોર્મને અસ્થાયી ધોરણે ડિસ્મેન્ટલ કરવામાં આવશે. જેના કારણે મુસાફરોની સુરક્ષા અને ટ્રેનના સંચાલનની વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને ૨૮ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર સુધી ઉત્રાણ સ્ટેશન પર કેટલીક ટ્રેનોનું અસ્થાયી સ્ટોપેજ બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન ઉત્રાણ ખાતે ટ્રેન નં. ૫૯૦૪૯ વલસાડ–વડોદરા પેસેન્જર, ટ્રેન નં. ૧૯૧૦૧ વિરાર–ભરૂચ એક્સપ્રેસ, ટ્રેન નં. ૬૯૧૦૯ સુરત–વડોદરા MEMU, ટ્રેન નં. ૬૯૧૧૧ સુરત–વડોદરા MEMUટ્રેન નં. ૬૯૧૭૧ સુરત–ભરૂચ MEMU, ટ્રેન નં. ૧૯૪૧૭ બોરીવલી–વટવા એક્સપ્રેસને સ્ટોપેજ પર અસ્થાયી અસર થશે રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોને અપીલ કરવામાં આવી છે કે ૨૮ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર દરમિયાન મુસાફરીનું આયોજન કરતી વખતે ઉપરોક્ત ટ્રેનોનું ઉત્રાણ સ્ટેશન પર અસ્થાયી સ્ટોપેજ ન હોવાનું ધ્યાનમાં રાખે. જરૂરિયાત મુજબ મુસાફરો નજીકના અન્ય સ્ટેશનો પરથી પોતાની મુસાફરીનું આયોજન કરી શકશે.

ઉત્રાણ સ્ટેશનને સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવાની સાથે યાર્ડ રિમોડેલિંગ અને નવી EI સિસ્ટમની કામગીરી પૂર્ણ થયા બાદ સ્ટેશનની ઓપરેશનલ ક્ષમતામાં વધારો થશે.

ઉપરાંત, રેલવે ટ્રેન સંચાલનની કાર્યક્ષમતા સુધારવામાં તેમજ ભવિષ્યમાં વધનારી ટ્રાફિકની જરૂરિયાતોને પહોંચી વળવામાં આ માળખાકીય સુવિધા મહત્વપૂર્ણ સાબિત થશે.




**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરતના લિંબાયત ઝોનમાં મીઠીખાડી પાસે આવેલા કચરા ડેપોમાં પ્રતિબંધિત હોટફિક્સ વેસ્ટ પ્લાસ્ટિકમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. પ્લાસ્ટિકના કચરામાં આગ લાગતાં વિસ્તારમાં ધુમાડો ફેલાયો હતો. પ્રતિબંધિત પ્લાસ્ટિકના કચરાના સંગ્રહ અને તેના નિકાલને લઈને ફરી એકવાર સવાલો ઊભા થયા છે.

પ્રેસનોટ/જાહેરાત માટે સંપર્ક કરો | 96876 77873 | 90160 19491










This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.